૨૦૪ વર્ષ

દૈનિક

# મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 48 ■ વિક્રમ સંવત ૨૦૮૨

ફાલ્ગુન સુદ -૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 26 February 2026, Thursday ■ REGD.No. MCS/058/2024-26

ગુરુવાર, ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૬, (૧૨ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦

લાડકી પૂર્તિ ૭ ૮ ૯

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## ગાઝા શાંતિ યોજનાને ભારતનો ટેકોઃ મોદી




**ઈઝરાયલની સંસદને સંબોધન કરતા વડા પ્રધાને હમાસને આડે હાથ લીધી અને કહ્યું કે આતંકવાદને સાંખી નહીં લેવાય. અમે ન ૨૬ નવેમ્બર ભૂલ્યા છીએ અને ન સાત ઑક્ટોબરઃ ઈઝરાયલની સંસદમાં મોદી-મોદીના નારા લાગ્યાઃ મોદીને 'સ્પીકર ઓફ ધ નેસેટ મૅડલ' એનાયત**

જેરુસલેમઃ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઈઝરાયલની સંસદને સંબોધતા આતંકવાદની ઝાટકણી કાઢી હતી. તેમણે કહ્યું હતું કે અમે ન તો ૨૬ નવેમ્બરના મુંબઈ પરના આતંકવાદી હુમલા ભૂલ્યા છે અને ન તો સાત ઑક્ટોબર, ૨૦૨૩ના ઈઝરાયલ પરના હમાસના હુમલાને ભૂલ્યા છીએ. તેમણે આતંકવાદ અંગેનું ભારતનું વલણ સ્પષ્ટ કરતા કહ્યું હતું કે અમે આતંકવાદ પર બેવડું ધોરણ સ્વીકારતા નથી. અમારી આતંકવાદ અંગે શૂન્ય સહિષ્ણુતાની નીતિ છે. કશે પણ આતંકવાદ બધે શાંતિ સામે ખતરો ઊભો કરે છે અને આથી જ ન્યાયી અને ટકાઉ (જુઓ પાનું ૨) ▶▶

**આવકારઃ** ઈઝરાયલના તેલ અવીવમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું ઈઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતાન્યાહુએ સ્વાગત કર્યું હતું. (એજન્સી)



## હાશ! બીએમસીના બજેટમાં નવો એકેય કરવેરો નથી ઝીંકાયો

**મુંબઈ મહાનગરપાલિકાનું અત્યાર સુધીનું સૌથી મોટું ૮૦,૯૫૨ કરોડ રૂપિયાનું અંદાજપત્રઃ નવા પ્રોજેક્ટની પણ જાહેરાત નહીંઃ હાલની યોજનાઓ પૂરી કરવા અંદાજે ૨૮,૦૦૦ કરોડ રૂપિયા એફડી તોડીને અને સ્પેશ્યલ ફંડમાંથી ઊભી કરાશે**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ એશિયાની સૌથી શ્રીમંત કહેવાતી મુંબઈ મહાનગરપાલિકાનું ૨૦૨૬-૨૭ના આર્થિક વર્ષ માટે બુધવારે કમિશનર ભૂષણ ગગરાણીએ ૮૦,૯૫૨ કરોડ રૂપિયાનું બજેટ રજૂ કર્યું હતું. ૮૯.૮૪ કરોડના પુરાંતવાળું આ બજેટ અત્યાર સુધીનું સૌથી મોટું કહેવાય છે. મુંબઈગરા પર કોઈ પણ જાતના નવા કરવેરાનો બોજો ઝીંકવામાં આવ્યો નથી. તો આગામી આર્થિક વર્ષ માટે કોઈ નવા મેગા વિકાસલક્ષી પ્રોજેક્ટની જાહેરાત નહીં કરતા પાયાભૂત સુવિધા પર ભાર આપીને તે માટે ૪૮,૧૬૪.૨૮ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. મુખ્યત્વે વર્સોવા-દહિસર-ભાયંદર લિંક રોડ, ગારગાઈ ડેમ અને દરિયાના ખારા પાણીને મીઠું કરવાના પ્રોજેક્ટ પર ધ્યાન આપવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ માટે ફિક્સ ડિપોઝિટમાંથી ૧૩,૭૬૫.૭૪ કરોડ રૂપિયા અને સ્પેશિયલ ફંડમાંથી ૧૪,૨૯૫.૮૬ કરોડ રૂપિયા ઉપાડવાની યોજના છે.નવા પ્રોજેક્ટને બદલે જૂના પ્રોજેક્ટને પૂરા કરવા પર જ ભાર આપવામાં આવ્યો છે, જેમાં મુખ્યત્વે મુંબઈ કોસ્ટલ રોડ (ઉત્તર) એટલે વર્સોવાથી દહિસર-ભાંયદર છે. કોસ્ટલ રોડ, મુંબઈ સ્યુએજ પ્રોજેક્ટ, વોટર સપ્લાય પ્રોજેક્ટ, રોડ, સ્ટોર્મ વોટર, આરોગ્ય, ગોરેગામ-મુલુંડ લિંક રોડ, આશ્રય યોજના અંતર્ગત સફાઈ કર્મચારીઓ માટે ક્વાર્ટર્સ વગેરે માટે મોટા પ્રમાણમાં આર્થિક જોગવાઈ કરવામાં આવી છે.

બીજું શું શું છે બજેટમાં? ૧૨

**અમેરિકાનો ભારતને મોટો ઝટકો**

## સૉલર ઉત્પાદનો પર લગાવી ૧૨૬ ટકા ડ્યૂટી

નવી દિલ્હીઃ ટ્રમ્પ વહીવટીતંત્રે ભારતમાંથી સૉલર ઉત્પાદનોના આયાત પર ૧૨૬ ટકાની પ્રારંભિક કાઉન્ટર વેલિંગ ડ્યૂટી લગાવી હતી. અમેરિકાના વાણિજ્ય વિભાગે ઇન્ડોનેશિયા માટે ૮૬ થી ૧૪૩ ટકા અને લાઓસ માટે ૮૧ ટકા સુધીના પ્રારંભિક ટૅરિફ પણ લાદ્યા હતા. આ દરો વિદેશી સરકારી સહાયની તપાસ પર આધારિત છે. અમેરિકાનું કહેવું છે કે આનાથી આ દેશોના નિકાસકારોને અમેરિકન સૌર ઊર્જા કંપનીઓને ઓછી કિંમતે ખર્ચ કરવાની મંજૂરી મળી હતી. અમેરિકાએ આરોપ લગાવ્યો હતો કે ભારતમાં આ ઉત્પાદનોને અન્યાયી રીતે સબસિડી આપવામાં આવી રહી છે. અમેરિકાએ ઇન્ડોનેશિયા અને લાઓસમાંથી ક્રિસ્ટલાઇન સિલિકોન ફોટોવોલ્ટેઇક સેલ, વોર નોટ એસેમ્બલ્ડ ઇનટુ મોડ્યુલ્સની આયાત પર પણ અલગ અલગ ડ્યૂટીની જાહેરાત કરી છે.

યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સે ભારત, ઇન્ડોનેશિયા અને લાઓ પીપલ્સ ડેમોક્રેટિક રિપબ્લિક (લાઓસ)માંથી ક્રિસ્ટલાઈન સિલિકોન ફોટોવોલ્ટિક સેલ્સ, પછી તે મોડ્યૂલ (સોલર સેલ્સ)માં (જુઓ પાનું ૨) ▶▶

## હું વચ્ચે પડ્યો એટલે શાહબાઝ શરીફ હજીય જીવતા છેઃ ટ્રમ્પ

ન્યૂ યોર્ક/વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે મને માહિતી આપી હતી કે જો મેં ભારત અને પાકિસ્તાન વચ્ચેના યુદ્ધ અટકાવવા દરમિયાનગીરી ન કરી હોત તો પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફ સહિતના ૩.૫ કરોડ લોકો મરણ પામ્યા હોત. મંગળવારે ટ્રમ્પે ૧૦૦ મિનિટ લાંબા સ્ટેટ ઑફ યુનિયન ઍડ્રેસ (દર વર્ષની શરૂઆતમાં કરાતું સંસદના સંયુક્ત સત્રને સંબોધન) કર્યું હતું. ટ્રમ્પે તેમના દાવાનું પુનરાવર્તન કર્યું હતું કે મેં દક્ષિણ એશિયાના બે પડોશી વચ્ચે અણુયુદ્ધ થતું અટકાવ્યું હતું,.

ટ્રમ્પે કહ્યું હતું કે મારા પ્રથમ દસ મહિનામાં મેં આઠ યુદ્ધ અટકાવ્યાં. આમાં પાકિસ્તાન અને ભારતના યુદ્ધનો સમાવેશ થાય છે. ટ્રમ્પે આ દાવો ગયા વર્ષની દસમી મેથી ૧૦૦ વાર કર્યો છે. તેમણે કહ્યું હતું કે ભારત અને પાકિસ્તાન વચ્ચેનું યુદ્ધ અણુયુદ્ધ થયું હોત. અમેરિકાના પ્રમુખ ટ્રમ્પે દાવો કર્યો હતો કે બે અણુસત્તાઓ વચ્ચેના યુદ્ધને અટકાવીને મેં લાખો જાન બચાવ્યા હતા. અગાઉ ટ્રમ્પે આનાથી નીચો આંકડો ૨.૫ કરોડ અને પછી એક કરોડનો આપ્યો હતો. ટ્રમ્પે સોશ્યલ મીડિયા પર દાવો કર્યો હતો કે લાંબી રાતની વાતચીત (જુઓ પાનું ૨) ▶▶

## ટેક્સ્ટબુકમાં ન્યાયતંત્રના કરપ્શનના પ્રકરણથી સુપ્રીમ કોર્ટ ભડકી ગઈ

નવી દિલ્હીઃ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંતે બુધવારે નેશનલ કાઉન્સિલ ઑફ એજ્યુકેશનલ રિસર્ચ ઍન્ડ ટ્રેનિંગ (એનસીઈઆરટી)ના આઠમા ધોરણના અભ્યાસક્રમમાં અદાલતી ભ્રષ્ટાચાર પરના પ્રકરણનો જોરદાર વાંધો ઉઠાવતાં કહ્યું હતું કે પૃથ્વી પરના કોઈને ન્યાયતંત્રને બદનામ કરવાની અને તેની પ્રમાણિકતાને લાંછન લગાડવાની છૂટ નહીં અપાય.આ વિવાદ બાદ ન્યાયતંત્રમાંના પ્રકરણને એનસીઈઆરટી દૂર કરે એવી સંભાવના છે અને હાલ તો વેબસાઈટ પરથી આ પાઠ્યપુસ્તક પાછું ખેંચી લેવાયું છે.

સિનિયર ઍડવોકેટ કપિલ સિબલ અને અભિષેક સિંઘવીએ ઝડપી વિચારણા માટે આ બાબત ઉપાડી ત્યાર બાદ મુખ્ય ન્યાયમૂર્તિ, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વિપુલ એમ. પંચોલીની ત્રણ જજની બેન્ચે એનસીઈઆરટી પુસ્તકમાં ન્યાયતંત્ર અંગેના 'વાંધાજનક' નિવેદનની જાતે નોંધ લીધી હતી.

એનસીઈઆરટીના આઠમા ધોરણના સમાજશાસ્ત્રના પુસ્તકમાં કહેવામાં આવ્યું છે કે ભ્રષ્ટાચાર, કેસનો જંગી ભરાવો અને પૂરતી સંખ્યામાં જજનો અભાવ આ ન્યાયતંત્ર સામેના પડકારો છે.

આમાં ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચારના વિભાગમાં કહેવામાં આવ્યું છે કે ન્યાયમૂર્તિઓ આચારસંહિતાથી બંધાયેલા છે અને આ આચારસંહિતા તેમના અદાલતમાંના જ નહીં પરંતુ (જુઓ પાનું ૨) ▶▶



## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ભારતનાં સોલર ઉત્પાદનો પર ૧૨૬ ટકા ડ્યૂટી, ટ્રમ્પ ભરોસાપાત્ર નથી

**ભારત** અને અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલ થયો નથી છતાં નરેન્દ્ર મોદી સરકાર અભિનંદનો ઝીલી રહી છે ત્યાં જ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ફરી જાત બતાવી છે. ડોનલ્ડ ટ્રમ્પે ભારતમાંથી થતી સૌર ઊર્જા ઉત્પાદનોની આયાત પર અધધધ ૧૨૬ ટકા કાઉન્ટર વેઈલિંગ ડ્યૂટી ઠોકી દીધી છે. આ ડ્યૂટી પાછી પ્રાથમિક છે તેથી ભવિષ્યમાં વધી શકે છે એ જોતાં ટ્રમ્પે ભારતની સૌર ઊર્જાની આયાત માટેના દરવાજા બંધ કરી દેવાનો તખ્તો જ ઘડી દીધો છે.

કોઈ સરકાર પોતાની ચોક્કસ પ્રોડક્ટની નિકાસ વધે એ માટે સબસિડી આપે તેના જવાબમાં લગાવાતી ડ્યૂટીને કાઉન્ટર વેઈલિંગ ડ્યૂટી કહે છે. વિદેશી સરકાર સબસિડી આપીને પોતાના ઉત્પાદકોને ફાયદો કરાવે પણ તેના કારણે જ દેશમાં આયાત થતી હોય એ દેશના ઉત્પાદકોને નુકસાન થતું હોય છે કેમ કે વિદેશી પ્રોડક્ટ સસ્તા ભાવે મળે છે. સ્થાનિક ઉદ્યોગોને સબસિડીવાળી ઓછી કિંમતની આયાતથી થતા નુકસાનથી બચાવવા માટે કાઉન્ટરવેઈલિંગ ડ્યુટી વિશ્વ વેપાર સંગઠન (ડબ્લ્યુટીઓ)ના નિયમો હેઠળ પણ માન્ય છે ને તેના પર કોઈ મર્યાદા નથી. જે દેશમાં આયાત થતી હોય એ દેશની સરકાર ધારે એટલી કાઉન્ટરવેઈલિંગ ડ્યૂટી લગાવી શકે છે ને ટ્રમ્પે તેનો જ ફાયદો ઉઠાવીને સૌર ઊર્જા પર ૧૨૬ ટકા કાઉન્ટરવેઈલિંગ ડ્યૂટી ઠોકી બેસાડી છે.

ભારત અમેરિકામાં મોટા પ્રમાણમાં સોલર સેલ્સ એટલે કે સૌર કોષો અને સોલર પેનલ્સ મોકલે છે. આપણી સરકાર સોલર સેલ્સ અને સોલર પેનલ્સની નિકાસ વધે એ માટે સબસિડી આપે છે પણ ટ્રમ્પને તેની સામે વાંધો પડ્યો છે. અમેરિકાના વ્યાપાર વિભાગના કહેવા પ્રમાણે, ભારત સરકાર તેનાં સૌર ઉત્પાદનો પર ૧૨૫.૮૭ ટકા સબસિડી આપે છે તેથી ૧૨૬ ટકા ડ્યૂટી લગાવવી જરૂરી છે. ટ્રમ્પ સરકારે ઈન્ડોનેશિયાનાં સૌર ઊર્જા ઉત્પાદનો પર ૧૦૫ ટકા અને લાઓસનાં ઉત્પાદનો પર ૮૧ ટકા ડ્યૂટી લગાવી દીધી છે કેમ કે ઇન્ડોનેશિયાની સરકાર ૧૦૪.૩૮ ટકા અને લાઓસની સરકાર ૮૦.૬૭ ટકા સબસિડી આપે છે.

અમેરિકન સરકારનો આ નિર્ણય ટ્રમ્પની લુચ્ચાઈનો વધુ એક નાદાર નમૂનો છે. અમેરિકાની સુપ્રીમ કોર્ટે ટ્રમ્પ દ્વારા લગાવાયેલા ટૅરિફને ગેરકાયદે ઠેરવીને રદ કરી દીધા તો ટ્રમ્પે તરત જ કાયદા હેઠળ પહેલાં ૧૦ ટકા ને પછી ૧૫ ટકા ગ્લોબલ ટૅરિફ ઠોકી બેસાડેલો. ગ્લોબલ ટૅરિફ દ્વારા ટ્રમ્પે સ્પષ્ટ કરી દીધેલું કે, પોતે સુધારવાના નથી ને કોઈ પણ રીતે ટૅરિફ તો લાદશે જ.

ભારતમાં એક વર્ગ રહસ્યમય કારણોસર ટ્રમ્પ જે કંઈ કરે તેનો બચાવ જ કરે છે. આ વર્ગનું કહેવું હતું કે, ટ્રમ્પના ગ્લોબલ ટૅરિફની મુદત ૧૫૦ દિવસની જ છે એટલે ૫ મહિના પછી ટ્રમ્પે જખ મારીને ટૅરિફ બંધ કરવા જ પડશે. આ નમૂના લોકોને બેવકૂફ બનાવી રહ્યા છે કેમ કે ટ્રમ્પ ૫ મહિના પછી આ ગ્લોબલ ટૅરિફને લંબાવી જ શકે છે. ટ્રમ્પ એ તો કરશે જ પણ સાથે સાથે કાઉન્ટરવેઈલિંગ ડ્યૂટી પણ ઠોકશે જ એ આ જાહેરાતનો બોધપાઠ છે.

આ જાહેરાતના કારણે ભારતની સોલાર નિકાસને તો ફટકો પડશે જ પણ અમેરિકા સાથેના ટ્રેડ ડીલથી આપણે ફાયદામાં રહેવાના છીએ એ ભ્રમનો પણ ભાંગીને ભૂક્કો થઈ ગયો છે. અત્યારે ચીન વિશ્વમાં સોલર સેલ અને સોલર પેનલોનું સૌથી મોટું ઉત્પાદક છે. ચીન દુનિયામાં સૌથી ઓછા ભાવે સોલર સેલ અને સોલર પેનલો વેચે છે તેથી ચીનની સોલર સેલ અને સોલર પેનલો લેવા માટે આખી દુનિયા પડાપડી કરે છે. ભારતમાં પણ સોલર સેલ અને સોલર પેનલો બને છે પણ સૌર ઊર્જા ક્ષેત્રના મોટા ખેલાડીઓ ચીનથી જ સોલર સેલ અને સોલર પેનલો આયાત કરીને ધંધો કરે છે.

ટ્રમ્પે ઉપરાછાપરી ટૅરિફ લાદ્યા તેના કારણે ચીન અને અમેરિકાના સંબંધો બગડેલા છે. ટ્રમ્પે ચીન પરનો ટૅરિફ લગભગ અઢીસો ટકાની આસપાસ કરી નાખેલો. સામે ચીને પણ એટલો જ ટૅરિફ કર્યા તેથી ટ્રમ્પે વાંકા વળીને સમાધાન કરવું પડ્યું પણ ટ્રમ્પની આડોડાઈના કારણે ચીન સમજી ગયું કે, આ માણસ પર ભરોસો કરવા જેવો નથી. ચીન કોઈની સાડાબારી પણ રાખતું નથી એટલે ચીને પોતાનાં ઉત્પાદનો માટે નવાં બજાર શોધવા માંડ્યાં. ચીનનો માલ સસ્તો હોય છે તેથી ચીનને નવા ગ્રાહકો પણ તરત મળી જ જાય છે એટલે ચીને ફરી અમેરિકામાં પગપેસારો કરવાની મથામણ ના કરી. તેનો લાભ ભારતને મળ્યો હતો.

મોદી સરકારે સમયસૂચકતા વાપરીને આપણાં સોલર ઉત્પાદનો પર સબસિડી જાહેર કરી દીધી તેના કારણે આપણો માલ સસ્તો થઈ ગયો તેથી તેની ડિમાન્ડ વધી ગઈ ને અમેરિકનો અમેરિકામાં બનતી સોલર સેલ અને સોલર પેનલો લેવાના બદલે ભારતની સોલર સેલ અને સોલર પેનલો લેવા માંડ્યા હતા. તેની સામે એલાયન્સ ફોર અમેરિકન સોલાર મેન્યુફેક્ચરિંગ એન્ડ ટ્રેડે વાંધો ઉઠાવીને અરજી કરેલી. ટ્રમ્પ સરકારે તેમની અરજ કાને ધરીને ભારત પર કાઉન્ટરવેઈલિંગ ડ્યૂટી ઠોકી દીધી છે. ભારત ઉપરાંત ઈન્ડોનેશિયા અને લાઓસની સરકારોએ પણ સબસિડી જાહેર કરેલી તેથી એ પણ લપેટમાં આવી ગયા છે. આ ત્રણેય દેશે ૨૦૨૫માં લગભગ ૪.૫ અબજ ડૉલરની નિકાસ કરેલી ને તેમાં અડધાથી વધારે નિકાસ ભારતની હતી તેથી ભારતને સૌથી મોટો ફટકો પડશે.

ભારતમાં તો સૌર ઊર્જા ઉત્પાદનો બનાવનારા પણ રાતા પાણીએ રડશે કેમ કે અમેરિકામાં નિકાસ થવા માંડી તેમાં ભારતમાં ધડાધડ ફેક્ટરીઓ ઊભી થઈ ગયેલી. ભારત જાન્યુઆરી ૨૦૨૬ સુધીમાં સ્થાપિત ક્ષમતા ૧૬૦ ગીગાવોટથી વધારે છે જ્યારે સ્થાનિક માગ વાર્ષિક ૪૦ થી ૪૫ ગીગાવોટની રેન્જમાં છે. આ માગ પણ મોટા ભાગે ચાઈનીઝ માલથી પૂરી થાય છે તેથી ભારતમાં ઉત્પાદકોની હાલત કફોડી થઈ જશે.

ટ્રમ્પનો નિર્ણય એ વાતનો સ્પષ્ટ સંકેત છે કે, ભારત સરકાર નિકાસ વધારવા માટે જે ઉત્પાદનોને સબસિડી આપી રહી છે એ તમામ ઉત્પાદનો પર ટ્રમ્પ કાઉન્ટરવેઈલિંગ ડ્યૂટી ઠોકી શકે છે. ભારતની નિકાસ કરતાં આયાત વધારે છે તેથી વ્યાપાર ખાધ ઘટાડવા માટે ભારત સરકાર નિકાસ વધારવા મથ્યા કરે છે. તેના ભાગરૂપે મોદી સરકાર ઘણી બધી ચીજોની નિકાસને સબસિડી આપે છે એ જોતાં ભવિષ્યમાં બીજી ઘણી ચીજો પર પણ કાઉન્ટરવેઈલિંગ ડ્યૂટી લાદી શકે છે. બીજું એ કે, ટ્રેડ ડીલ થયા છતાં ટ્રમ્પ આ રીતે વર્તે છે એ જોતાં તેમનો ભરોસો કરી શકાય તેમ નથી. કાલે અમેરિકાનાં હિતો જોખમાય તો ટ્રમ્પ ટ્રેડ ડીલને અભરાઈ પર ચડાવીને બીજાં પણ એવાં પગલાં ભરી શકે કે જેના કારણે ભારતને ફટકો પડે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર વસંતઋતુ, ગુરુવાર, તા. ૨૬–૨–૨૦૨૬, ફાગુદશમી (ઓરિસ્સા)

- ભારતીય દિનાંક ૭, માહે ફાલ્ગુન, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, ફાલ્ગુન સુદ–૧૦
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ફાલ્ગુન, તિથિ સુદ –૧૦
- પારસી શહેનશાહી રોજ ૧૬મો મેહેર, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૬મો મેહેર, માહે ૮મો આવાં, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૩મો તીર, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૮મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૦મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૭
- નક્ષત્ર મૃગશીર્ષ બપોરે ક. ૧૨–૧૦ સુધી, પછી આર્દ્રા
- ચંદ્ર મિથુનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મિથુન (ક, છ, ઘ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૦૧, અમદાવાદ ક. ૦૭ મિ. ૦૫, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૧, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૦, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી–ઓટ

- ભરતીઃ રાત્રે ક. ૨૦–૩૨
- ઓટઃ બપોરે ક. ૧૩–૦૬, મધ્યરાત્રે ક. ૦૨–૪૯
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, ફાલ્ગુન – શુક્લ દસમી. ફાગુદશમી (ઓરિસ્સા), બુધ વક્રી બપોરે ક. ૧૨–૧૯.
- શુભાશુભ દિનશુદ્ધિઃ બપોરે ક. ૧૨–૧૨ પછી શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્નમુહૂર્ત,ગુરુ–ચંદ્ર દેવતાનું પૂજન, ખેરનું વૃક્ષ વાવવું, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું, નવા વસ્રો, વાસણ, હજામત, બાળકને અન્નપ્રાશન, પશુ લે–વેંચ, પ્રથમ વાહન, નૌકા બાંધવી, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ પૂજા, દસ્તાવેજ, દુકાન–વેપાર બી વાવવું, સ્થાવર લેવડદેવડ, પ્રયાણ શુભ, સીમંત સંસ્કાર, શ્રી વિષ્ણુ લક્ષ્મી પૂજા.
- આચમનઃ ચંદ્ર–નેપ્ચૂન ચતુષ્કોણ સ્વપ્નદષ્ટા, ચંદ્ર–શનિ ચતુષ્કોણ મતલબી, ચંદ્ર–રાહુ ત્રિકોણ અડગ આત્મવિશ્વાસ
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–નેપ્ચૂન ચતુષ્કોણ, ચંદ્ર–શનિ ચતુષ્કોણ, ચંદ્ર–રાહુ ત્રિકોણ
- ગ્રહગોચરઃ સૂર્ય–કુંભ, મંગળ–કુંભ, વક્રી બુધ–કુંભ (બુધ અસ્ત) વક્રી ગુરુ–મિથુન, શુક્ર–કુંભ (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચૂન–મીન, માર્ગી પ્લુટો–મકર. ■

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# શું કુરાન શરીફ વિશેની આ માહિતીથી વાચકો પરિચિત છે ખરાં?

**કુરાન** શરીફ અલ્લાહની વાણી છે અને તે જમાનાના આખરી પયગંબર હઝરત મુહંમદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ (સ.અ.વ.) પર ૨૪ વર્ષના સમય દરમિયાનન કટકે કટકે નાઝિલ (અવતરી) છે. જેમ આપણે ગયા લેખમાં સૂરહ યાસીનની ફઝિલત (કૃપા - બરકત)થી પરિચિત થયા તેમ હવે આપણે કુરાન શરીફ વિશે જાણવા જેવી કેટલીક મહત્ત્વની માહિતીથી પરિચિત થશું.

અત્રે એ નોંધનીય બની રહેવા પામશે કે બિન મુસ્લિમો તો ઠીક પરંતુ ઈસ્લામી ફીરકાની કેટલીક જામત અરબી અને ઉર્દૂ ભાષાની અજ્ઞાનતા અથવા એ તરફની ઉદાસીનતાના કારણે કુરાનના અભ્યાસથી સંપૂર્ણ અજાણ છે જે દુઃખદ છે. ખાસ કરીને આવા અજ્ઞાન વાચકોને કુરાન વિશેની આ માહિતી ઘણી જ ઉપયોગી અને તેના પર અમલ કરવાની પ્રેરણા પૂરી પાડનારી બની રહેવા પામશેઃ

* કુરાને કરીમ 'બે'થી શરૂ થાય છે એટલે કે ગુજરાતીનો 'બ' શબ્દ અને 'સીન' એટલે કે 'સ' શબ્દ પર ખતમ થાય છે. અર્થાત્ 'બસ હવે કુરાન સંપૂર્ણ થઈ ગયું, પૂરું થઈ ગયું. હવે પછી કોઈ કિતાબ કે પયગંબર આવવાનો નથી.

* સૂરએ બકરહમાં મોમીનો પર રોઝા ફર્ઝ કરેલ છે તેનો ઝિક્ર (ઉલ્લેખ) આવેલ છે.

* કુરાન પાકમાં હઝરત જિબ્રઈલ અલયહિસ્સલામ (અ.સ.)નું નામ ત્રણ વખત આવેલ છે.

* કુરાનમાં સૌથી લાંબી આયત (વાક્ય) આયતુલકુર્સી છે.

* મહાન ફરિશ્તા, દેવદૂત જિબ્રઈલ (અ.સ.)ને સંપૂર્ણ અકલના માલિક કહેવામાં આવે છે.

* સૂરએ અનનિસામાં ઔરતોના હક્ક અધિકાર બતાવેલ છે.

* સૂરએ માઈહામાં મોમીનોને નશો ન કરવાનો હુકમ છે.

* 'અ'રાફ' દોઝખ અને જન્નત વચ્ચેની જગ્યાનું નામ છે.

* સૂરએ અનફાલમાં જંગેબદ્રમાં ફરિશ્તાઓના આવવાનો ઝિક્ર (ઉલ્લેખ) આવેલ છે.

* મસ્જિદે જરારનો ઝિક્ર સૂરએ તૌબામાં આવેલ છે.

* કુરાને શરીફમાં મે'રાજનો ઝિક્ર સૂરએ બની ઈસરાઈલ અને સૂરએ અન્નજમમાં છે.

* અસ્હાબે કહફનો ઝિક્ર સૂરએ કહફમાં આવેલ છે.

* અસ્હાબે કહફ ૩૦૦ વર્ષ ગુફામાં નિદ્રામાં સૂઈ રહ્યા.

* નજમશી બાદશાહના દરબારમાં હઝરત જાફર તૈય્યારને સૂરએ મરિયમ પઢેલ હતી.

* કુરાન પાકમાં એક સૂરત (પ્રકરણે) સૂરએ મરિયમ છે જે ઔરતના નામ પર છે.

* નબીઓના નામ પર આવેલ સૂરતો સૂરએ યૂનુસ અલયહિસ્સાલમ (અ.સ.), સૂરએ હૂદ (અ.સ.), સૂરએ યુસુફ (અ.સ.), સૂરએ ઈબ્રાહીમ અલૈહીસલ્લામ, સૂરએ નૂહ (અ.સ.), સૂરએ મુહંમદ (સ.અ.વ.) છે જ્યારે હઝરત આઈશા સિદ્દીકા રદ્દિયલ્લાહુઅન્હો કે જેઓ પયગંબર હઝરત મુહંમદ (સ.અ.વ.)ના પવિત્ર પત્ની છેનું પાક દામન (પવિત્રતા)નો ઝિક્ર સૂરએ નૂરમાં આવેલ છે.

* સૂરએ શુઅરામાં હઝરત સાલેહ (અ.સ.)ની ઊંટણીનો મોઝિજો (ચમત્કાર) આવેલ છે.

* સૂરએ અલ કસસમાં પયગંબર હઝરત મૂસા (સ.અ.વ.)નો લાંબો ઉલ્લેખ (ઝિક્ર) આવેલ છે.

* પયગંબર હઝરત લુકમાન (અ.સ.)નો ઝિક્ર પવિત્ર કુરાનમાં આવ્યો છે. તેઓ ફલસફી અને હકીમ એટલે કે દરેક બીમારીનો ઈલાજ કરનાર મહાજાણકાર, જ્ઞાની હતા.

* સૂલેહ હુદેબીયા બાદ સૂરએ ફતહ નાઝિલ થઈ.

* કુરાન શરીફમાં પયગંબર હઝરત મુહંમદ (સ.અ.વ.)નું નામ મુબારક ચાર વખત આવેલ છે. ૧-સૂરએ આલે ઈમરાન, ૨-સૂરએ અહઝાબ ૩-સૂરએ મુહંમદ અને ૪-સૂરએ ફત્હ. સૂરએ, સૂરહ, ચેપટર.

* સૂરએ રહમાનને કુરાનની ઝીનત - શાન, શોભા કહેવાય છે.

* પહેલી જુમ્આ (પ્રથમ શુક્રવાર) પયગંબર હઝરત મુહંમદ (સ.અ.વ.)એ ઈમામત કરી તે જગ્યા મસ્જિદે કુબા અને મદીના શરીફની વચ્ચે સામિલ બિન ઔફના મકામ પર છે.

* મસ્જિદે જિન્ન જન્નતુલમોઅલ્લા (મક્કા શરીફ)ને નજદીક છે, જ્યાં પયગંબર હઝરત મુહંમદ (સ.અ.વ.)મે જિન્નાતોને કલમો પઢાવેલ.

* આપ હુઝૂરે અનવર (સ.અ.વ.) પર હઝરત જિબ્રઈલ (અ.સ.) ૨૪,૦૦૦ વખત વહી લઈને હાજર થયા.

* કુરાને પાકમાં સૌથી નાની સૂરત (પ્રકરણ) સૂરએ કૌસર છે.

* સૂરએ ઈખ્લાસમાં અલ્લાહ તઆલાએ વહદાનિયત (અલ્લાહ એક છે)નો ઉલ્લેખ કરેલ છે.

– કુરાન કરીમની આ માહિતીથી ખાસ કરીને ગુજરાતી ભાષી મુસ્લિમો અજાણ છે, અને આજે કુરાનના માર્ગદર્શનની ઘણી જ જરૂર હોઈ, માહિતીસભર આ લેખનો ૪થો ભાગ આવતા અંકમાં વાંચીશું.

**સાપ્તાહિક સંદેશઃ**

જે શખસ ઈલ્મ પ્રાપ્ત કરવા માટે નીકળે તે જ્યાં સુધી ઘેર પાછો ન ફરે અલ્લાહના માર્ગમાં છે.

**– અલ્લાહના રસૂલ (સ.અ.વ.)** ■

## પહેલા પાનાનું ચાલુ

### સૉલર ઉત્પાદનો

અસેમ્બલ કરવામાં આવ્યા હોય કે નહીં,તેની કાઉન્ટરવેલિંગ ડ્યૂટી તપાસમાં તેના પ્રારંભિક હકારાત્મક નિર્ણયોની જાહેરાત કરી હતી. આદેશ અનુસાર, ભારતમાંથી અમેરિકામાં આવતા સોલર ઈમ્પોર્ટ ૨૦૨૨માં ૮૩.૮૬ મિલ્યન ડૉલરથી વધીને ૨૦૨૪ માં ૭૯૨.૬ મિલ્યન થઈ ગયા હતા. ૨૪ ફેબ્રુઆરીથી ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા તમામ દેશો પર જાહેર કરાયેલા ૧૦ ટકા ટેરિફ ઉપરાંત છે.

આદેશમાં કહેવામાં આવ્યું છે કે વાણિજ્ય (વિભાગ) ભારત, ઇન્ડોનેશિયા અને લાઓસમાંથી સોલર સેલની એક સાથે એન્ટિ-ડમ્પિંગ ડ્યૂટી તપાસ પણ કરી રહ્યું છે. કાઉન્ટરવેલિંગ ડ્યૂટી કંપનીઓને સબસિડીવાળી આયાતમાં વધારાથી બચાવવામાં મદદ કરે છે.ભારત દેશમાં નવીનીકરણીય ઉર્જા ઉત્પાદનને પ્રોત્સાહન આપવા અને તેની આયાત નિર્ભરતા ઘટાડવા માટે શ્રેણીબદ્ધ પગલાં લઈ રહ્યું છે. સૌર ઊર્જા આમાંના મુખ્ય ઘટકોમાંનું એક છે. ભારત વિશ્વનો ત્રીજો સૌથી મોટો સૌર ઊર્જા ઉત્પાદક દેશ છે.

એક સત્તાવાર નિવેદન અનુસાર, ભારતના સૌર ઉત્પાદન ક્ષેત્રમાં સોલર મોડ્યુલો, સૉલર પીવી સેલ, ઈનગોટ અને વેફર્સ જેવા મુખ્ય કમ્પોનેન્ટ સામેલ છે. દેશમાં આનું ઉત્પાદન કરવાથી સ્થાનિક અર્થતંત્રને ટેકો મળે છે અને આયાત પર નિર્ભરતા ઓછી થાય છે. સ્થાનિક ઉત્પાદનને વેગ આપવા માટે સરકારે રૂફટોપ સોલાર કાર્યક્રમ પ્રધાનમંત્રી કિસાન ઊર્જા સુરક્ષા અને ઉત્થાન મહાભિયાન (પીએમ-કુસુમ) યોજના અને સીપીએસયુ યોજના ફેઝ-ટૂ જેવી યોજનાઓ હેઠળના પ્રોજેક્ટ્સ માટે ભારતમાં બનેલા પેનલ અને સેલનો ઉપયોગ ફરજિયાત બનાવ્યો છે. ભારતે એપ્રિલ ૨૦૨૨માં આયાતને નિરુત્સાહિત કરવા સ્થાનિક ઉત્પાદનને વેગ આપવા અને વિદેશી સપ્લાયર્સ પર નિર્ભરતા ઘટાડવા માટે આયાતી સોલર સેલ અને મોડ્યૂલ બેસિક કસ્ટમ ડ્યૂટી પણ લાદી હતી.આ યોજના હેઠળ લગભગ ૨૬.૬ જીડબલ્યુ સોલર પીવી મોડ્યુલ્સ, ૧૦.૫ જીડબલ્યુ સોલર પીવી સેલ અને લગભગ બે જીડબલ્યૂ ઇન્ગોટ-વેફર ઉત્પાદન ક્ષમતા સ્થાપિત કરવામાં આવી છે. એક યોજના હેઠળ ૩૯,૯૭૩ મેગાવોટની કુલ ક્ષમતાવાળા કુલ ૫૫ સોલર પાર્કને પણ મંજૂરી આપવામાં આવી છે. ભારતમાં સોલર મોડ્યુલ્સની આયાત ૨૦૨૩-૨૪ માં ૪.૩૫ અબજ ડોલરથી ઘટીને ૨૦૨૪-૨૫ માં ૨.૧૫ અબજ ડોલર થઈ ગઈ છે. ચીનમાંથી આયાત ૨૦૨૩-૨૪ માં ૨.૮૫ અબજ ડોલરથી ઘટીને ૧.૭ અબજ ડોલર થઈ ગઈ છે. ભારત જે દેશોમાંથી આયાત કરે છે તેમાં વિયેટનામ, હોંગ કોંગ, મલયેશિયા અને સિંગાપોરનો સમાવેશ થાય છે.

### હું વચ્ચે પડ્યો

બાદ ભારત અને પાકિસ્તાન યુદ્ધ અટકાવવા સંમત થયા હતા.

ભારતે સાતત્યભરી રીતે ત્રીજા પક્ષની દરમિયાનગીરીને નકારી છે.

ટ્રમ્પે તેમના સંબોધનમાં કંબોડિયા અને થાઈલૅન્ડ, કોસોવો અને સર્બિયા, ઈજિપ્ત અને ઈથિયોપિયા, અર્મેનિયા અને અઝરબૈજાન, કોન્ગો અને રવાન્ડા તથા ગાઝાનું યુદ્ધ અટકાવવાનો દાવો કર્યો હતો. ટ્રમ્પે કહ્યું હતું કે અમેરિકા દેશમાં અને વિદેશમાં સુરક્ષા સ્થાપી રહ્યું છે. એક સમયે ડેમોક્રેટિક પાર્ટીના સંસદસભ્યોએ ટ્રમ્પના પ્રવચનમાં વિક્ષેપ પાડ્યો હતો. ટ્રમ્પે આના જવાબમાં કહ્યું હતું કે બીમાર લોકો, આ વિચિત્ર છે?

### ટેક્સ્ટબુકમાં

બહારના વર્તન પર અંકુશ ધરાવે છે.

સિબલે કહ્યું હતું કે ન્યાયતંત્રના સભ્યો હોવાથી અમને આઘાત લાગ્યો છે કે આઠમા ધોરણના વિદ્યાર્થીઓને ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર વિશે શીખવાડવામાં આવે છે. આ એનસીઈઆરટી બૂકનો ભાગ છે. ન્યાયતંત્રમાં અમારું હિત સંકળાયેલું છે અને આખું પ્રકરણ કૌભાંડકારી છે. અમારી પાસે પુસ્તકની પ્રત છે.

વડા ન્યાયમૂર્તિએ કહ્યું હતું કે હું તમને ખાતરી આપું છું કે મને આ વાતની સંપૂર્ણ જાણકારી છે. મને અનેક લોકોએ ફોન અને સંદેશા મોકલાવ્યા છે. હાઈ કોર્ટના અનેક જજ આ પ્રકરણને જોઈને 'વિક્ષુબ્ધ' થયા છે. મુખ્ય ન્યાયમૂર્તિએ કહ્યું હતું કે અદાલતે તેની જાતે નોંધ લીધી છે. હું કોઈને પણ સંસ્થાને બદનામ કરવાની કે લાંછન લગાડવાની છૂટ નહીં આપું. તે ગમે એટલો મહાન હશે કાયદો એનું કામ કરશે. મને ખબર છે કે આને કઈ રીતે હાથ ધરવું. (એજન્સી)

### ગાઝા શાંતિ

શાંતિની આશા લાવતા ગાઝા પીસ પ્લાન કે ગાઝા શાંતિ યોજનાને ભારત ટેકો આપે છે. ભારત અને ઈઝરાયલ વચ્ચેના સંબંધોને મજબૂત કરવામાં આપેલા અસાધારણ યોગદાન બદલ મોદીને સ્પીકર ઓફ ધ નેસેટ મેડલ એનાયત કરાયો હતો. ઈઝરાયલની સંસદને નેસેટ કહેવાય છે. મોદીએ કહ્યું હતું કે હમાસના હુમલા અંગેનું તમારું દર્દ અમે અનુભવીએ છીએ. અમે તમારા શોકમાં ભાગ પડાવીએ છીએ. તેમણે કહ્યું હતું કે કોઈ પણ કારણ હોય પણ નાગરિકોની હત્યાને વાજબી ઠરાવી શકાય નહીં. કોઈ પણ બાબત આતંકવાદને ન્યાયી ઠરાવી શકે નહીં. મોદીએ નેસેટને સંબોધતા કહ્યું હતું કે આતંકવાદને નાથવા માટે સાતત્યભરી અને સંકલિત ગ્લોબલ એક્શનની જરૂર છે, કારણ કે આતંકવાદ દરેક જગ્યાએ શાંતિને ખોરવે છે. તેમણે મિડલ ઈસ્ટમાં શાંતિની પહેલને વધાવતા કહ્યું હતું કે અમે અબ્રાહમ અકોર્ડના સમર્થનમાં છીએ. આ સંધી રીજનમાં ન્યાયી કાયમી શાંતિની આશા જગાડે છે. મોદીએ કહ્યું હતું કે શાંતિનો માર્ગ સહેલો નથી, પરંતુ ભારત તમારી અને વિશ્વ સાથે આ રીજનમાં સંવાદ, શાંતિ અને સ્થિરતા માટે જોડાય છે. ભારતે ૧૭ સપ્ટેમ્બર, ૧૯૫૦એ ઈઝરાયલને માન્યતા આપી અને એ જ દિવસે મારો જન્મ થયો. મોદીએ કહ્યું હતું કે હું મારી સાથે ૧.૪ અબજ ભારતીયોનો મિત્રતા, આદર અને ભાગીદારીનો સંદશો લાવ્યો છું.

તેમણે કહ્યું હતું કે યહૂદી સમાજ ભારતમાં નિર્ભયતાથી રહે છે અને ભારતની સમૃદ્ધિમાં તેમનું યોગદાન છે.મોદીએ કહ્યું હતું કે ભારત અને ઈઝરાયલનો સંબંધ ૨૦૦૦ વર્ષ જૂનો છે. પહેલા વિશ્વયુદ્ધમાં ૪૦૦૦ ભારતીય સૈનિકોએ શહાદત વહોરી હતી. હાઈફામાં ભારતીય સૈનિકોએ શહાદત દીધી. યહૂદી નરસંહારનો ઈતિહાસ કાળો છે. ઈઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતાન્યાહુએ ભૂમધ્ય સાગરના તટ પર વડા પ્રધાન નરેન્દ્ર મોદીના અગાઉના પ્રવાસને યાદ કરતાં કહ્યું હતું કે બંને દેશે સાથે મળીને અનેક ચમત્કાર કર્યા છે.

બંને દેશ વચ્ચેનો વેપાર બમણો, સહયોગ ત્રણ ગણો થઈ ગયો છે અને એકમેક વચ્ચેની સમજદારી ચાર ગણી થઈ ગઈ છે. સંસદમાં સ્વાગત કરતાં તેમણે મોદીની ભારે પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે ભારત-ઈઝરાયલ વચ્ચે ગાઢ સંબંધ છે એ જગજાહેર છે. મોદીજી તમે બહાનું નથી કાઢતા, તમે ખરેખર અમારી પડખે ઊભા છો. ભારત ઈઝરાયલ સાથે ઊભું છે, સચ્ચાઈ સાથે ઊભું છે. બંને દેશના અનેક હિત સમાન છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે મોદી, ઈઝરાયલના સમર્થનમાં બોલે છે.

યહૂદીઓ માટે પણ ભારત અમારી સાથે ઊભું છે. નેતાન્યાહુ એટલું બોલતાં જ સંસદમાં તમામ લોકોએ તાળીઓ વગાડવાનું શરૂ કરી દીધું હતું.

તેમણે કહ્યું હતું કે મોદી મિત્રથી વધીને મારા ભાઈ જેવા છે. મોદી ઈઝરાયલ આવ્યા એ અમારા માટે ગર્વની વાત છે. ઈઝરાયલની સંસદના સ્પીકર આમિર ઓહાનાએ પણ મોદીનું સ્વાગત કરતાં કહ્યું હતું કે ભારત પૃથ્વી પરનો સૌથી ઝડપથી વિકાસ કરતો દેશ છે. ભારતે યહૂદીઓને તેમનું ઘર આપ્યું છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે ભારત અને ઈઝરાયલની ભાગીદારી આશા જગાડે છે. તેમણે કહ્યું હતું કે પીએમ મોદી કનેસેટમાં તમારું સ્વાગત છે. પીએમ મોદી જેરુસલેમમાં તમારું સ્વાગત છે. ઈઝરાયલની સંસદમાં મોદી સંબોધન કરવાની શરૂઆત કરવા ઊભા થતાંની સાથે જ સંસદમાં મોદી મોદીના નારા ગૂંજી ઊઠયા હતા. સાંસદોએ મોદીને સ્ટેન્ડિંગ ઑવેશન આપ્યું હતું. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અત્યાર સુધીમાં ૧૮ દેશની સંસદને સંબોધન કર્યું છે. નરેન્દ્ર મોદી ઈઝરાયલની સંસદને સંબોધન કરનાર ભારતના પ્રથમ વડા પ્રધાન છે.

### વેલકમ, માય ફ્રેન્ડ

ભારતના વડા પ્રધાન બુધવારે ઈઝરાયલની બે દિવસની મુલાકાત માટે હવાઈમથકે આવ્યા ત્યારે તેમનું લાલ જાજમ બિછાવીને સ્વાગત કરવામાં આવ્યું હતું. ઈઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુ અને તેમનાં પત્ની સારા મોદીનું સ્વાગત કરવા બેન ગુરિઓન હવાઈમથકે હાજર રહ્યાં હતાં. નેતન્યાહુએ મોદીને આવકારતા કહ્યું હતું કે, વેલકમ માય ફ્રેન્ડ. નવ વર્ષમાં મોદીની ઈઝરાયલની આ બીજી મુલાકાત છે. મોદીની જુલાઈ ૨૦૧૭ની મુલાકાત વખતે ભારત અને ઈઝરાયલ વચ્ચેના સંબંધો વ્યૂહાત્મક ભાગીદારીની ઊંચાઈએ પહોંચ્યા હતા.

નેતન્યાહુએ મોદીને આલિંગન આપીને તેમનું સ્વાગત કર્યું હતું. તેલ અવિવથી ૨૦ કિલોમીટર અગ્નિએ આવેલા હવાઈમથકે તેમનું ઔપચારિક સ્વાગત કરવામાં આવ્યું હતું. મોદીએ ઈઝરાયલ રવાના થતા પહેલાં એક નિવેદનમાં કહ્યું હતું કે મને વિશ્વાસ છે કે ઈઝરાયલની મુલાકાતથી ભારત અને ઈઝરાયલ વચ્ચેનો સેતુ વધુ મજબૂત થશે અને બન્ને દેશ વ્યૂહાત્મક ભાગીદારીનાં નવા લક્ષ્યો નક્કી કરશે. ભારત અને ઈઝરાયલ વચ્ચે મજબૂત બહુસ્તરીય ભાગીદારી છે. તાજેતરનાં વર્ષોમાં આ ભાગીદારીમાં ઉલ્લેખનીય વિકાસ અને ગતિશીલતા જોવા મળી છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી બુધવારથી ઈઝરાયલની બે દિવસની મુલાકાતે આવ્યા છે અને મિડલ ઈસ્ટમાં અમેરિકા અને ઈરાન વચ્ચેના સંબંધો વકરી રહ્યા છે ત્યારે આ મુલાકાતથી દ્વિપક્ષીય સંરક્ષણ અને વેપાર સહકાર મજબૂત બનશે.

### ઈઝરાયલ ભારતને આપશે ગોલ્ડન હોરાઈઝન મિસાઈલ

ઈઝરાયલ ભારતને પોતાની સિક્રેટ ગોલ્ડન હોરાઈઝન એર લોન્ચ્ડ મિસાઈલ ઑફર કરી શકે. ભારત તેને એસયુ-૩૦એમકેઆઈમાં બેસાડશે. તેની રેન્જ ૮૦૦-૧૨૦૦ કિલોમીટર છે. હાઈપરસોનિક ઝડપથી દુશ્મનની ડિફેન્સના ઊંડા બન્કરને ધ્વસ્ત કરી શકશે. આનાથી પાકિસ્તાન અને ચીન સામે મોટું મારણ અને તારણ મળશે, કારણ કે ભારત દૂરથી જ તેમના મહત્ત્વના ઠેકાણાને નિશાન બનાવી શકશે.

ઈઝરાયલે અત્યાર સુધી આ હથિયાર બીજા કોઈ દેશને આપ્યું નથી. આ ભારતના હવાઈ દળના એસયુ-૩૦એમકેઆઈ ફાઈટર જેટમાં લગાડવામાં આવશે.

### ૪૦ વિદ્યાર્થીઓ પર કોલેજ પ્રશાસનની કાર્યવાહીનો વિરોધ

# આઈઆઈએમ નાગપુરના 300 વિદ્યાર્થીઓએ પરીક્ષાનો બહિષ્કાર કર્યો

નાગપુર: આઈઆઈએમ નાગપુરમાં સંસ્થાના નિયમોનું ઉલ્લંઘન કરીને વિદાય પાર્ટીમાં હાજરી આપનારા ૪૦ સહપાઠીઓને પરીક્ષામાં બેસવા ન દેવાતા પ્રથમ વર્ષ એમબીએના લગભગ ૩૦૦ વિદ્યાર્થીઓએ તેમની મધ્ય-સત્ર પરીક્ષાનો બહિષ્કાર કર્યો હતો.

અધિકારીના જણાવ્યા મુજબ પ્રથમ અને બીજા વર્ષની બેચના ૭૫ જેટલા વિદ્યાર્થીઓ ૨૧ ફેબ્રુઆરીની રાત્રે પરવાનગી વિના સિનિયર્સ માટે આયોજિત વિદાય પાર્ટીમાં ગયા હતા અને બીજા દિવસે સવારે બી-સ્કૂલ કેમ્પસમાં આવેલી તેમની હોસ્ટેલમાં પાછા ફર્યા હતા.

નિયમ મુજબ આ વિદ્યાર્થીઓ રાત્રે ૧૦ વાગ્યા સુધીમાં પાછા ફરવા જોઈતા હતા પરંતુ તેઓ આવ્યા નહોતા. તેમણે તેમના માતા-પિતાને પણ મોડા આવવાની જાણ કરી નહોતી. તેમણે નિયમોનું ઉલ્લંઘન કર્યું હોવાથી સંસ્થાએ નિયમોનું ઉલ્લંઘન કરનાર પ્રથમ વર્ષના ૪૦ વિદ્યાર્થીઓ સામે કાર્યવાહી કરી અને તેમને મંગળવારે યોજાનારી મધ્ય-સત્ર પરીક્ષા બેસવા દેવામાં ન આવ્યા, એમ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ (આઈઆઈએમ) નાગપુરના અધિકારીએ જણાવ્યું હતું.

અધિકારીએ જણાવ્યું હતું કે પ્રતિબંધ મુકાયેલ ૪૦ વિદ્યાર્થીઓ સહિત લગભગ ૩૦૦ પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓએ કાર્યવાહી સામે મૌન વિરોધ કર્યો અને પરીક્ષામાં હાજર રહ્યા નહીં. વિદાય પાર્ટીમાં ગયેલા બીજા વર્ષના કેટલાક વિદ્યાર્થીઓએ પણ વિરોધમાં ભાગ લીધો હતો, કારણ કે તેમને ડર હતો કે તેમને બુધવારે પરીક્ષામાં બેસવાની મંજૂરી આપવામાં આવશે નહીં. અધિકારીના જણાવ્યા મુજબ, આ ઘટના બની ત્યારે સંસ્થાના ડિરેક્ટર શહેરની બહાર હતા.

તેમણે જણાવ્યું હતું કે હવે આ મુદ્દો ઉકેલાઈ ગયો છે અને બીજા વર્ષના ખઇઅ એમએમ વિદ્યાર્થીઓએ બુધવારે તેમની અંતિમ સત્રની પરીક્ષા આપી હતી.

તેમણે ઉમેર્યું હતું કે બહિષ્કાર કરનારા પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓની પરીક્ષા પછીથી લેવામાં આવશે. ■

# રાજ્યસભાની ચૂંટણી માટે ભાજપ દ્વારા મહારાષ્ટ્રના ‘આ’ નેતાઓને તક અપાશે!!

મુંબઈ: રાજ્યસભાની ખાલી પડેલી ૩૭ બેઠકો માટે દ્વિવાર્ષિક ચૂંટણીની જાહેરાત કરવામાં આવી છે. મહારાષ્ટ્રમાં સૌથી વધુ એટલે કે સાત બેઠકો ખાલી થવાની છે. રાજ્યસભાની ચૂંટણી માટે ઉમેદવારોના નામ પર ચર્ચા કરવા માટે મંગળવારે મોડી સાંજે મુંબઈમાં ભાજપ કોર કમિટીની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને પ્રદેશ પ્રમુખ રવીન્દ્ર ચવ્હાણ સહિત ૧૨ વરિષ્ઠ નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

બેઠકમાં વિનોદ તાવડે, રામદાસ આઠવલે, રાવસાહેબ દાનવે, પ્રીતમ મુંડે, વિજયા રાહટકર અને ભાગવત કરાડ સહિત અનેક વરિષ્ઠ નેતાઓના નામોની ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં કેટલાક અન્ય નામો પર પણ વિચારણા કરવામાં આવી હતી. રાજ્ય સ્તરે કોઈ અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી, છતાં સૂચવેલા નામોની યાદી તૈયાર કરવામાં આવી છે. આ યાદી હવે દિલ્હીમાં ભાજપ કેન્દ્રીય નેતૃત્વને મોકલવામાં આવશે.

પક્ષના સૂત્રોના જણાવ્યા અનુસાર, ભાજપ ૨૮ ફેબ્રુઆરી પહેલા ઉમેદવારોના નામ જાહેર કરવા માગે છે, જેથી પક્ષમાં કોઈ મૂંઝવણ ન રહે અને સ્પષ્ટતા આવે તે માટે પક્ષનું નેતૃત્વ પ્રયત્ન કરી રહ્યું છે. સત્તાવાર જાહેરાત ન થાય ત્યાં સુધી પડદા પાછળ ચર્ચાઓ ચાલુ રહેવાની શક્યતા છે. ■

# માજીવડા-વડપે પ્રોજેક્ટનું ૮૩ ટકા કામ પૂર્ણ

## ચોમાસા પહેલા મુંબઈ-નાશિક હાઈવે પર ટ્રાફિક જૅમમાંથી રાહત મળશે

થાણે: થાણે, ભિવંડી, કલ્યાણ, નાશિક અને સમૃદ્ધિ હાઇવેને જોડતા મુંબઈ-નાશિક હાઈવે પરના માજીવડા-વડપે માર્ગના વિસ્તૃતીકરણનું ૮૩ ટકા કામ પૂર્ણ થઈ ગયું છે. મે મહિનાના અંત સુધીમાં આ સંપૂર્ણ પ્રોજેક્ટ વાહનવ્યવહાર માટે ખુલ્લો મુકાય તેવી શક્યતા વર્તાવવામાં આવી રહી છે. આ માર્ગ ખુલ્લો થવાથી ચોમાસામાં થાણે અને ભિવંડી શહેરમાં થતા ટ્રાફિક જામમાંથી વાહનચાલકોને મોટી રાહત મળશે. સાથે જ મુંબઈથી સમૃદ્ધિ હાઇવે તરફનો પ્રવાસ પણ વધુ ઝડપી બનવાના સંકેતો છે.

આ હાઈવે નેશનલ હાઈવે ઓથોરિટીના અધિકારક્ષેત્રમાં હોવા છતાં ઓથોરિટી આ રસ્તાની જાળવણી અને સમારકામ યોગ્ય રીતે કરી શકી નહોતી. તેથી ૨૦૨૧ થી મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ વિકાસ નિગમ દ્વારા આ હાઈવે પરના થાણેના માજીવડાથી ભિવંડીના વડપે સુધીના ૨૩.૮૦ કિમી લાંબા પ્રોજેક્ટના નિર્માણ અને વિસ્તૃતીકરણનું કામ હાથ ધરવામાં આવ્યું હતું, પરંતુ હાલના રસ્તા પર ભારે વાહનોની અવરજવરને કારણે મોટા પ્રમાણમાં ખાડા પડી રહ્યા હતા, જેના લીધે પ્રોજેક્ટના કામમાં પણ વિલંબ થયો હતો. આ હાઈવે પર સમારકામનું કામ છેલ્લા આશરે પાંચ વર્ષથી ચાલી રહ્યું હતું. હવે કામ અંતિમ તબક્કામાં હોવાથી નાગરિકોને ટ્રાફિક જામમાંથી મોટી રાહત મળવાની શક્યતા છે. ■

# નણંદોએ ધક્કો મારતાં સગર્ભા જમીન પર પટકાઈ: પેટમાંનું બાળક ગુમાવ્યું

મુંબઈ: લગ્નમાં યોગ્ય માનપાનના અભાવ સહિત અન્ય મુદ્દે સાસરિયાં દ્વારા અપાતા ત્રાસ પછી બન્ને નણંદે ધક્કો મારતાં ગર્ભવતી ભાભી જમીન પર પટકાઈ હતી. પરેલમાં બનેલી આ ઘટનાને કારણે ત્રણ મહિનાની સગર્ભાનો ગર્ભપાત થઈ ગયો હતો.

પોલીસ ફરિયાદ અનુસાર ડોમ્બિવલીમાં રહેતા પોલીસ કર્મચારીની દીકરીનાં લગ્ન એપ્રિલ, ૨૦૨૪માં પરેલમાં રહેતા યુવક સાથે થયાં હતાં. લગ્નમાં પિયરિયાએ પાંચ લાખ રૂપિયાનો ખર્ચ કર્યો હતો અને જમાઈને નક્કી થયા અનુસાર સોનાના દાગીના આપવામાં આવ્યા હતા. જમાઈ સૉફ્ટવેર એન્જિનિયર છે અને નિર્વ્યસની હોવાનું કહેવામાં આવ્યું હતું, પરંતુ લગ્ન પછી બીજી જ રાતે પતિ દારૂના નશામાં ઘરે આવ્યો હોવાનું મહિલાએ ફરિયાદમાં કહ્યું હતું.

લગ્નમાં યોગ્ય માનપાન અપાયું ન હોવાનો મુદ્દો રજૂ કરીને પતિ, બે નણંદ અને સાસુ-સસરા દ્વારા મહિલાને વારંવાર ત્રાસ આપવામાં આવતો હતો. મૅરેજ ઍનિવર્સરીને દિવસે સાસરિયાં દ્વારા વિવિધ કારણોસર મહિલા સાથે ઝઘડો કરવામાં આવ્યો હતો. તે સમયે બન્ને નણંદે ધક્કો મારતાં મહિલા જમીન પર પટકાઈ હતી. તે સમયે મહિલાને પેટમાં સખત વેદના થવા લાગી હતી, એવો આક્ષેપ ફરિયાદમાં કરાયો હતો. મહિના બાદ મહિલા તબીબી તપાસ માટે પરેલની ખાનગી હૉસ્પિટલમાં ગઈ ત્યારે તેના ગર્ભાશયમાંનું બાળક મહિના અગાઉ જ મૃત્યુ પામ્યું હોવાની તેને જાણ થઈ હતી. આ ઘટનાથી મહિલાને માનસિક આઘાત લાગ્યો હતો, જેને પગલે પિયરિયાં તેને ડોમ્બિવલીના ઘરે લઈ આવ્યા હતા. મહિલા સાસરેથી નીકળી રહી હતી ત્યારે સાસુએ મંગળસૂત્ર અને અન્ય દાગીના કઢાવી લીધા હતા અને સાસરે પાછી ન આવવા ચેતવણી આપી હતી, એવું ફરિયાદમાં જણાવાયું હતું.

કહેવાય છે કે બનેલી ઘટનાની જાણ પોલીસમાં કરી તો સંબંધ તોડી નાખવાની ધમકી સાસરિયાં દ્વારા અપાઈ હોવાથી મહિલાએ તે સમયે પોલીસ ફરિયાદ કરી નહોતી. જોકે બાદમાં સાસરે પાછા આવવું હોય તો પિયરથી ત્રણ લાખ રૂપિયા લઈને આવવું પડશે, એવી માગણી કરવામાં આવી હતી. રૂપિયાની વારંવાર માગણીથી કંટાળી મહિલાએ આખરે ડોમ્બિવલીના વિષ્ણુનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી હતી. પોલીસ આ મામલે તપાસ કરી રહી છે. ■

# બેલાસીસ બ્રિજનું આજે મુખ્ય પ્રધાનને હસ્તે લોકાર્પણ

મુંબઈ: લાંબા સમયથી રાહ જોવાઈ રહી હતી તે મુંબઈ સેન્ટ્રલના બેલાસીસ બ્રિજનું કામ પૂર્ણ થયું હોવાથી ગુરુવારે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના હસ્તે તેનું લોકાર્પણ થશે.

દક્ષિણ મુંબઈમાં મુંબઈ સેન્ટ્રલ પૂર્વ-પશ્ચિમને જોડતો આ પુલ વાહનવ્યવહાર માટે મહત્ત્વનો ગણાય છે. નાગપાડા અને તાડદેવ જેવા ગીચ વિસ્તારોને જોડતા માર્ગ પરનો આ પુલ બન્ને દિશાના વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકવામાં આવ્યા પછી નાગરિકોને ઘણી રાહત મળશે. મુંબઈ સેન્ટ્રલ રેલવે સ્ટેશન પરથી પસાર થતા બ્રિટિશ કાળના ૧૩૦ વર્ષ જૂના બેલાસીસ બ્રિજને જોખમી જાહેર કરાયા પછી તેને તોડી પાડવામાં આવ્યો હતો. પછી બ્રિજનું બાંધકામ પહેલી ઑક્ટોબર, ૨૦૨૪ના રોજ શરૂ કરાયું હતું અને વિક્રમજનક સમયમર્યાદામાં એટલે કે માત્ર ૧૫ મહિના છ દિવસમાં જ બાંધકામ પૂર્ણ કરાયું હતું. ■

# નાણાં ધિરાણ નિયમન કાયદો વધુ કડક બનાવાશે

મુંબઈ: મહારાષ્ટ્ર સરકારે અનધિકૃત શાહુકારો પર રાજ્યવ્યાપી કાર્યવાહી શરૂ કરી છે અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓને રોકવા માટે નાણાં ધિરાણ પ્રવૃત્તિઓને નિયંત્રિત કરતા હાલના કાયદાને વધુ કડક બનાવાશે.

ગૃહ રાજ્યપ્રધાન પંકજ ભોયરે બુધવારે અહીં વિધાનસભામાં જણાવ્યું હતું કે મહારાષ્ટ્ર મની-લેન્ડિંગ (રેગ્યુલેશન) એક્ટ, ૨૦૧૪ માં સુધારો કરવામાં આવશે. તેઓ ચંદ્રપુરના એક ખેડૂતને ૮ લાખ રૂપિયાનું દેવું ચૂકવવા માટે પોતાની કિડની વેચવાની ફરજ પાડવાની ઘટના પર ગૃહમાં જવાબ આપી રહ્યા હતા.

હાલના કાયદાઓની તપાસ કરવામાં આવશે અને આરોપી શાહુકારો સામે મહારાષ્ટ્ર કંટ્રોલ ઓફ ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ એક્ટ (ખઈઘઈઅ) હેઠળ ગુનો નોંધવાની માંગ પર વિચાર કરવામાં આવશે, એમ ભોયરે જણાવ્યું.

તેમણે જણાવ્યું હતું કે ચંદ્રપુરના ખેડૂતને કિડની કાઢવા માટે કંબોડિયા લઈ જવામાં આવ્યા હતા. આ કેસમાં ધરપકડ કરાયેલા છ શાહુકારો લાઇસન્સ વિનાના હતા અને તેમની મિલકતો જપ્ત કરવાના આદેશો જારી કરવામાં આવ્યા છે. આ ઘટનાના પગલે એક સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ સિટની રચના કરવામાં આવી છે અને તે ઇન્ટનેશનલ ઓર્ગન ટ્રાફિકિંગ સિન્ડિકેટની તપાસ કરી રહી છે. તપાસમાં જાણવા મળ્યું હતું કે ૯.૧૫ લાખ રૂપિયાની મૂળ રકમ સામે ૪૮.૫૩ લાખ રૂપિયા ચૂકવવા છતાં, ખેડૂતને અંગ વેચવા માટે દબાણ કરવામાં આવ્યું હતું. આ રેકેટ તમિલનાડુના ત્રિચી અને કંબોડિયાના ફ્નોમ પેન્હ સુધી ફેલાયેલું છે. સોલાપુરના એક વચેટિયા પર ઓછામાં ઓછા ૧૦ વ્યક્તિઓ માટે કિડની વેચાણમાં મદદ કરવાનો આરોપ છે.

અત્યાર સુધીમાં આઠ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે અને રાજ્ય સરકારે ગેરકાયદેસર નાણાં ધીરનારાઓ સામે રાજ્યવ્યાપી કાર્યવાહી શરૂ કરી છે. રાજ્યના દરેક જિલ્લામાં કલેક્ટરોના નેતૃત્વ હેઠળ ત્રણ સભ્યોની સમિતિઓની રચના કરવામાં આવી છે, અને આ પેનલોએ દર ત્રણ મહિને સરકારને અહેવાલ આપવો પડશે, એમ તેમણે કહ્યું હતું. ■

# પાલઘરમાં ઇન્ડસ્ટ્રિયલ યુનિટમાં ક્લોરિન ગૅસ લીકેજ: કોઇને ઇજા નહીં

પાલઘર: પાલઘર જિલ્લાના એક ઇન્ડસ્ટ્રિયલ યુનિટમાં બુધવારે ક્લોરિન ગેસ લીક થયો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના ચીફ વિવેકાનંદ કદમે જણાવ્યું હતું કે એમઆઇડીસી તારાપુર ખાતે શ્રી વિનાયક કેમેક્સમાં બનેલી આ ઘટનામાં કોઇને ઇજા થઇ નહોતી.

બુધવારે સવારે લીકેજ શોધી કાઢવામાં આવ્યું હતું અને બાદમાં ઉપકરણોનો ઉપયોગ કરીને તેને તાત્કાલિક નિયંત્રણમાં લેવામાં આવ્યું હતું. આ બનાવ બાદ પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ યતિશ દેશમુખે મહારાષ્ટ્ર પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ તેમ જ ડિરેક્ટરેટ ઓફ ઇન્ડસ્ટ્રિયલ સેફટી એન્ડ હેલ્થના અધિકારીઓ સાથે ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી. ગેસ લીકેજનું ચોક્કસ કારણ તપાસવામાં આવી રહ્યું છે. (પીટીઆઇ) ■








*₹ 10.99 lakh for e VITARA Delta. Battery EMI: ₹ 3.99/km (subject to financier terms). Taxes and statutory charges are extra. Visit dealership for full T&Cs. | *As certified by Kantar IMRB for an OEM platform for end-to-end usage as on November 28, 2025. | *543 km range: Certified range; actual results may vary by driving conditions and usage. | *ADAS features are for driver assistance only. Driver is responsible for safe and attentive driving. | *Always wear your seatbelt. | *Mentioned ownership plan is for e VITARA Delta variant. Calculation is done assuming vehicle is running 60 km per day, excluding charging cost. Valid on retail sales for the e VITARA till 31st March '26, capped at 1 000 units of electricity (kWh) per customer or 1 Year from the purchase of the vehicle, whichever is earlier. Assured buyback plan is available on payment basis with the option of 3 years/45 000 km or 4 years/60 000 km ownership plans (whichever is earlier). The program is offered through an Insurance company. e VITARA comes with standard warranty of 3 years/1 00 000 km with an option of extending the same on payment basis to 5 years/1 40 000 km and service activated coverage for 6th to 8th year for EV related components.

## મુંબઈ પાલિકાનું કુલ બજેટ ₹ ૮૦,૯૫૨.૫૬ કરોડ

| | |
|---|---|
| કેપિટલ એક્સપેન્ડીચર- | ૪૮,૧૬૪.૨૮ કરોડ |
| રેવેન્યુ એક્સપેન્ડીચર- | ૩૨,૬૯૮.૪૪ કરોડ |
| મુખ્ય રસ્તા અને સિમેન્ટ-કોંક્રીટીકરણ- | ૫૫૨૦.૪૮ કરોડ |
| વેસ્ટર્ન અને ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવેની સુધારણા- | ૨૫૦ કરોડ |
| યુનિવર્સલ ફૂટપાથ પોલિસી- | ૬૫ કરોડ |
| મુંબઈ કોસ્ટલ રોડ(દક્ષિણ) પ્રોજેક્ટ- | ૨,૩૦૦ કરોડ |
| ગોરેગામ-મુલુંડ લિંક રોડ પ્રોજેક્ટ- | ૨,૬૫૦ કરોડ |
| મુંબઈ કોસ્ટલ રોડ (ઉત્તર) પ્રોજેક્ટ-વર્સોવાથી | |
| દહિસર પૅકેજ( છ)- | ૪,૦૦૦ કરોડ |
| દહિસરથી ભાયંદર એલિવેટેડ રોડ- | ૭૦૦ કરોડ |
| વાયુ પ્રદૂષણ ઉપાયયોજના- | ૧૫૯.૮૨ કરોડ |
| ઘનકચરા વ્યવસ્થાપન પ્રોજેક્ટ- | ૫૮૦.૮૨ કરોડ |
| આશ્રય યોજના(કર્મચારીઓને ઘર)- | ૧,૧૨૦ કરોડ |
| સ્ટોર્મ વોટર ડ્રેનેજ લાઈન- | ૭૪૦ કરોડ |
| વોટર પમ્પિંગ સ્ટેશન- | ૨૫૦ કરોડ |
| દહિસર, પોઈસર, ઓશિવરા,વાલભટ્ટ નદીનું પુનઃજીવિત કરવા- | ૫૬૦ કરોડ |
| મીઠી નદી- | ૨૫૦ કરોડ |
| મનોરીમાં ડિસાલિનેશન પ્રોજેક્ટ- | ૫૦૦ કરોડ |
| ગુંદવલી વોટર ટનલથી મોડકસાગર નવી પાઈપલાઈન- | ૧,૧૦૦ કરોડ |
| ગારગાઈ પ્રોજેક્ટ- | ૪૩૭.૫૧ કરોડ |
| કશેળીથી મુલુંડ, યેવઈથી કશેળી વોટર ટનલ- | ૧,૪૩૦ કરોડ |
| ભાંડુપમાં નવો વોટર ફિલ્ટરેશન પ્લાન્ટ- | ૩૧૦ કરોડ |
| પાંજરાપુરમાં નવો વોટર ફિલ્ટરેશન પ્લાન્ટ- | ૩૩૫ કરોડ |
| મુંબઈ સ્યુએજ પ્રોજેક્ટ - | ૬,૬૦૦ કરોડ |
| ભાયખલાના પ્રાણીબાગ માટે - | ૩૩૬.૭૦ કરોડ |
| ટોપીવાલા માર્કેટના પુનર્વિકાસ માટે- | ૫૫ કરોડ |
| બેસ્ટ ઉપક્રમને - | ૧,૦૦૦ કરોડ |
| ફાયરબ્રિગેડ- | ૨૩૦૯૦ કરોડ |
| મુંબઈમાં સિટી સર્વિલન્સ પ્રોજેક્ટ- | ૧૦.૪૫ કરોડ |

# મુંબઈ પાલિકાની ફિક્સ ડિપોઝિટ ₹ ૮૧,૪૪૯ કરોડઃ ગયા વર્ષની સરખામણીમાં માત્ર ૩૨૫ કરોડનો ઘટાડો

(અમારા પ્રતિનિધી તરફથી)

મુંબઈઃ છેલ્લા કેટલાક વર્ષોથી મુંબઈ મહાનગરપાલિકાની ફિક્સ ડિપોઝિટમાં સતત ઘટાડો થઈ રહ્યો હોવાનું જણાઈ આવ્યું છે. ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે ફિક્સ ડિપોઝિટમાં ૩૨૫ કરોડનો ઘટાડો થયો છે. આ વર્ષના બજેટ મુજબ, મુંબઈ મહાનગરપાલિકાની ડિપોઝિટ હાલમાં ૮૧ , ૪૪૯ કરોડ છે. ગયા વર્ષે તે ૮૧,૭૭૪ કરોડ રૂપિયા હતી.

મુંબઈ મહાનગરપાલિકાની ડિપોઝિટ જેમાં ૨૦૨૧-૨૨માં ૯૧,૦૦૦ કરોડની ફિક્સ ડિપોઝિટ હતી, તે ૨૦૨૪-૨૫માં ૮૧,૭૭૪ કરોડ થઈ ગઈ. વર્ષમાં મહાનગરપાલિકાની ફિક્સ ડિપોઝિટમાં લગભગ ૧૦ હજાર કરોડનો ઘટાડો થયો છે. છેલ્લા કેટલાક વર્ષોમાં મહાનગરપાલિકાએ મોટા માળખાકીય પ્રોજેક્ટ્સ હાથ ધર્યા છે. આ પ્રોજેક્ટના આયોજન અને અમલીકરણ માટે નગરપાલિકાની ફિક્સ ડિપોઝિટ ઝડપથી ઘટવા લાગી છે. તેથી આ વર્ષે તેમાં કેટલો ઘટાડો થશે તે અંગે ચર્ચા થઈ હતી. આ સંદર્ભમાં પાલિકા ગૃહના વિરોધ પક્ષના નેતા કિશોરી પેડણેકરે ફિક્સ ડિપોઝિટ પર શ્વેતપત્ર બહાર પાડવાની માગ કરી હતી.

પાલિકાના વિવિધ વિભાગોની વધારાની રકમની ફિક્સ ડિપોઝિટ વિવિધ બેંકોમાં છે. આ ડિપોઝિટ વિવિધ બેંકોના વ્યાજ દર પૂછીને સૌથી વધુ વ્યાજ દર આપતી બેંકોમાં રોકાણ કરવામાં આવે છે. તે ફિક્સ ડિપોઝિટ પરથી પાલિકાની નાણાકીય સ્થિતિનો અંદાજ લગાવી શકાય છે. એસ્ટેબ્લિશમેન્ટ ખર્ચ અને નિવૃત્ત કર્મચારીઓના લેણાં નગરપાલિકાની ફિક્સ ડિપોઝિટમાંથી ચૂકવવામાં આવે છે. ઉપરાંત વિવિધ વિકાસ કામ માટે કોન્ટ્રાક્ટરો પાસેથી લેવામાં આવેલી ડિપોઝિટનો પણ આ ડિપોઝિટમાં સમાવેશ થાય છે.

| વર્ષ | ફિક્સ્ડ ડિપોઝિટ |
|---|---|
| ૨૦૧૮-૧૯ | ૭૬,૫૭૯.૨૯ કરોડ |
| ૨૦૧૯-૨૦ | ૭૯,૧૧૫.૬૦ કરોડ |
| ૨૦૨૦-૨૧ | ૭૮,૭૪૫.૪૬ કરોડ |
| ૨૦૨૧-૨૨ | ૯૧,૬૯૦.૮૪ કરોડ |
| ૨૦૨૨-૨૩ | ૮૬,૪૦૧.૫૩ કરોડ |
| ૨૦૨૩-૨૪ | ૮૪,૮૨૪ કરોડ |
| ૨૦૨૪ -૨૫ | ૮૧,૭૭૪.૪૨ કરોડ |
| ૨૦૨૫-૨૬ | ૮૧,૪૪૯.૩૨ કરોડ |

### તેનો ઉપયોગ ક્યાં અને કેવી રીતે થાય છે?

હાલમાં પાલિકા પાસે ઉપલબ્ધ ૮૧,૦૦૦ કરોડની ફિક્સ ડિપોઝિટમાંથી કર્મચારીઓના પ્રોવિડન્ટ ફંડ,પેન્શન, ગ્રેચ્યુઇટી, અન્ય ખાસ ભંડોળ, કોન્ટ્રાક્ટરો અને ડિપોઝિટર માટે ૪૪,૮૨૬ કરોડનો ઉપયોગ કરવો ફરજિયાત છે. તેથી પાલિકા તે રકમનો ઉપયોગ વિકાસ કાર્યો, મોટા પ્રોજેક્ટ્સ માટે કરી શકતી નથી. જોકે બાકીના ૩૬,૬૨૩ કરોડનો ઉપયોગ વિકાસ ભંડોળ માટે કરી શકાય છે.■

# ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ માટે પાલિકા ગ્રીન બોન્ડ બહાર પાડશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાએ મુંબઈમાં મોટા પ્રમાણમાં હાથ ધરવામાં આવેલા માળખાકીય પ્રોજેક્ટ માટે ભંડોળ ઊભું કરવા ગ્રીન બોન્ડ બહાર પાડવાની યોજના બનાવી છે, જેમાં મુખ્યત્વે ગંદા પાણીના શુદ્ધિકરણ અને ડિસેલિનેશન પ્લાન્ટને ભંડોળ પૂરું પાડવામાં આવશે.

પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ જણાવ્યુ હતું કે ગ્રીન બોન્ડના માધ્યમથી ભારતના ટકાઉ વિકાસ લક્ષ્યો અને ઝીરો ગોલ્સ હાસિલ કરવામાં મદદ તો મળશે પણ સાથે જ મુંબઈ ક્લાઈમેટ એક્શન પ્લાન અંતર્ગત પર્યાવરણીય, સામાજિક સ્તરે કામ કરનારા સંસ્થાકીય રોકાણકારોને પણ આકર્ષિત કરશે.

નાણા પ્રધાને બજેટમાં ૨૦૨૬માં ૧,૦૦૦ કરોડ રૂપિયાના સિંગલ મ્યુનિસિપલ બોન્ડ જારી કરવા માટે ૧૦૦ કરોડ રૂપિયાનું ઈન્સેન્ટીવ જાહેર કર્યું હતું, જેમાં અમૃત ૨.૦ મિશન હેઠળ પણ ઈન્સેન્ટીવનો સમાવેશ થાય છે. પાલિકાએ ક્રેડિટ રેટિંગ એજન્સીની નિમણૂકની પ્રક્રિયા શરૂ કરી દીધી છે અને પ્રોજેક્ટના વિકાસ માટે ભંડોળ પૂરું પાડવા માટે મ્યુનિસિપલ ગ્રીન બોન્ડ માટે આગામી પ્રક્રિયા હાથ ધરશે. ■


## જીવનનાં લક્ષ્યોને એસબીઆઈ લાઈફ-સ્માર્ટ પ્લેટિના એડવાન્ટેજ સાથે આત્મવિશ્વાસભેર સુરક્ષિત કરો

આજના ઝડપથી બદલાતા વિશ્વમાં જવાબદારીઓની સાથે આકાંક્ષાઓ પણ વધી રહી છે ત્યારે નાણાકીય સુરક્ષા હવે ફક્ત સંપત્તિ એકત્રિત કરવા વિશે જ રહી નથી. તે નિશ્ચિતતા, મનની શાંતિ અને જીવનના દરેક તબક્કામાં તમારા પ્રિયજનોનું રક્ષણ કરવા વિશે છે.

આ જરૂરિયાતને ઓળખીને એસબીઆઈ લાઇફ ઇન્શ્યોરન્સે એસબીઆઈ લાઇફ - સ્માર્ટ પ્લેટિના એડવાન્ટેજ રજૂ કરી છે, જે એક વ્યક્તિગત, નોન-લિંક્ડ, નોન-પાર્ટિસિપેટિંગ લાઇફ ઇન્શ્યોરન્સ સેવિંગ્સ પ્રોડક્ટ છે જે પોલિસી મુદત દરમિયાન જીવન વીમા સુરક્ષા સાથે લાંબા ગાળાના ગેરંટીકૃત લાભો પ્રદાન કરે છે.

★ એક એવો ઇન્શ્યોરન્સ પ્લાન જે તમારી સાથે વિકસે છેઃ એસબીઆઈ લાઈફ - સ્માર્ટ પ્લેટિના એડવાન્ટેજ, ગેરંટીડ ગ્રોથ અને લાઈફ પ્રોટેક્શનને જોડે છે જેથી વ્યક્તિઓને આ લક્ષ્યો માટે આત્મવિશ્વાસપૂર્વક આયોજન કરવામાં મદદ મળે. ૧૫, ૨૦ અથવા ૩૦ વર્ષની પોલિસી ટર્મ સાથે, આ પ્લાન લાંબા ગાળાની નિશ્ચિતતા અને નાણાકીય દ્રશ્યતા પ્રદાન કરે છે. દરેક પોલિસી વર્ષે ગેરંટીડ એડિશન ભેગું થાય છે, જે શિસ્તબદ્ધ નાણાંકીય ભંડોળ બનાવવામાં મદદ કરે છે, જ્યારે પોલિસી ટર્મ દરમિયાન લાઇફ કવર સક્રિય રહે છે તેની ખાતરી કરે છે.

આ માળખાકીય અભિગમ તમને આજે સંપૂર્ણ રીતે જીવવા પર ધ્યાન કેન્દ્રિત કરવા સક્ષમ બનાવે છે, એ જાણીને કે આવતીકાલનું આયોજન વિચારપૂર્વક કરવામાં આવ્યું છે.

★ એવી સુરક્ષા જેના પર તમે ભરોસો મૂકી શકોઃ તેના મૂળમાં, એસબીઆઈ લાઇફ - સ્માર્ટ પ્લેટિના એડવાન્ટેજ સુરક્ષાને પ્રાથમિકતા આપે છે.

પોલિસી મુદત દરમિયાન વીમાધારકના મૃત્યુના દુર્ભાગ્યપૂર્ણ કિસ્સામાં, એક સામટો મૃત્યુ લાભ ચૂકવવાપાત્ર છે, જે તમારા પરિવારના નાણાકીય ભવિષ્યને સુરક્ષિત કરવામાં મદદ કરે છે. વધુ સુરક્ષા માટે વૈકલ્પિક એક્સિડેન્ટ બેનિફિટ રાઇડર ઉપલબ્ધ છે, જે આકસ્મિક મૃત્યુ અથવા આકસ્મિક આંશિક કાયમી વિકલાંગતાના કિસ્સામાં વધારાની સહાય પૂરી પાડે છે.

★ સુરક્ષિત ભવિષ્ય માટેનો પ્લાન : જેમ જેમ નાણાકીય જવાબદારીઓ વધતી જાય છે, તેમ તેમ વ્યક્તિઓ અટકળો કરતાં સ્પષ્ટતા આપે તેવા સોલ્યુશન્સ શોધતા રહે છે.

★ એસબીઆઈ લાઇફ સ્માર્ટ પ્લેટિના એડવાન્ટેજ નીચે મુજબના લાભો આપે છેઃ

★ જીવન વીમા કવર સાથે લાંબા ગાળાના ગેરંટીકૃત લાભો

★ સમગ્ર પોલિસી સમયગાળા માટે કવરેજ સાથે મર્યાદિત પ્રીમિયમ ચુકવણી મુદત

★ વાર્ષિક ધોરણે એકઠા થતા ગેરંટીકૃત એડિશન્સ

★ આવકવેરા કાયદા, ૧૯૬૧ની લાગુ જોગવાઈઓ અનુસાર કર લાભો

★ ફ્લેક્સિબલ મેચ્યોરિટી પેઆઉટ વિકલ્પો

ગેરંટીકૃત પરિણામોને શિસ્તબદ્ધ બચત અને સુરક્ષા સાથે જોડીને આ પ્લાન વ્યક્તિઓને આત્મવિશ્વાસ સાથે આયોજન કરવા માટે સશક્ત બનાવે છે.

કારણ કે આયોજન ફક્ત આંકડા વિશે નથી - તે એ જાણવા વિશે છે કે તમારી જવાબદારીઓનું ધ્યાન રાખવામાં આવે છે અને તમારી આકાંક્ષાઓ પહોંચમાં રહે છે.


# મુંબઈ મહાનગરપાલિકામાં દસ નોમિનેટ નગરસેવકોના નામોની જાહેરાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકામાં દસ નોમિનેટેડ નગરસેવકોની નિમણૂક માટે કમિશનર દ્વારા મળેલી અરજીઓની ચકાસણી કર્યા પછી મેયર રીતુ તાવડેએ બુધવારે મ્યુનિસિપલ હોલમાં આ દસ નામોની જાહેરાત કરી. આ દસ નોમિનેટ નગરસેવકોના નિમણૂક બાદ તેમને મ્યુનિસિપલ સભ્યપદ આપવામાં આવ્યું હતું.

ભાજપમાંથી પ્રવીણ છેડા, નિતેશ સિંહ, પ્રતીક કાર્પે, કમલાકર દળવીની નિમણૂક કરવામાં આવી હતી, જ્યારે શિવસેનામાંથી રાજ સુર્વે અને ઉમેશ માનેની નિમણૂક કરવામાં આવી હતી, જ્યારે બાલકૃષ્ણ શ્વાસે પહેલાથી જ પોતાની અરજી પાછી ખેંચી લીધી હતી. તેથી શિંદે સેનામાંથી ફક્ત બેના નામની જાહેરાત કરવામાં આવી હતી. મેયરે સભાખંડમાં ઉદ્ધવની શિવસેનામાંથી સાંઈનાથ દુર્ગે, માધુરી માંજરેકર અને કૈલાસ પાઠક અને કોંગ્રેસમાંથી વીરેન્દ્ર ચૌધરીના નામોની જાહેરાત કરી હતી.

તેથી મ્યુનિસિપલ કોર્પોરેશન હોલમાં સભ્યોની સંખ્યા હવે ૨૩૭ એ પહોંચી ગઈ છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના મંજૂર નગરસેવકોને મતદાનનો અધિકાર આપવામાં આવશે અને હાલમાં આ બધા મંજૂર નોમિનેટ નગરસેવકો ને મતદાનનો અધિકાર આપતી જોગવાઈ હવે કાયદાઓમાં કરવામાં આવશે. તેથી શહેરી વિકાસ વિભાગ દ્વારા કાયદામાં સુધારા કર્યા પછી આ દસ મંજૂર નગરસેવકો મતદાનનો અધિકાર મળશે. ત્યારબાદ તેઓ વૈધાનિક સમિતિઓ સહિત અન્ય સમિતિઓમાં સ્થાન મેળવી શકશે. ■

# માલેગાંવ પાલિકાની ઓફિસમાં નમાઝ અદા કરવામાં આવી

માલેગાંવઃ શહેરમાં બનેલી એક ઘટનાએ રાજકીય અને વહીવટી વર્તુળોમાં ભારે ખળભળાટ મચાવી દીધો છે. સ્થાનિક નાગરિકો દ્વારા વોર્ડમાં બંધ પડેલી સ્ટ્રીટ લાઈટો ચાલુ કરવા માટે વારંવાર માગ કરવામાં આવી રહી હતી. આ બાબતે ફરિયાદ કરવા આવેલા લોક સંઘર્ષ સમિતિના લુકમાન કમાલ સહિત વોર્ડના કેટલાક મુસ્લિમ નાગરિકોએ મહાનગરપાલિકાના વીજ વિભાગની ઓફિસમાં સામૂહિક નમાઝ અદા કરી હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે, નમાઝનો સમય થઈ ગયો હોવાથી નાગરિકોએ ઓફિસમાં જ નમાઝ પઢી હતી. નાગરિકોના જણાવ્યા અનુસાર, સંબંધિત વોર્ડમાં ઘણા દિવસોથી સ્ટ્રીટ લાઈટો બંધ છે. જેના કારણે રાતના સમયે અકસ્માત, ચોરી અને અસુરક્ષિતતાનો ભય ઉભો થયો છે. રહેવાસીઓનો આરોપ હતો કે મહાનગરપાલિકાના વીજ વિભાગને વારંવાર રજૂઆત કરવા છતાં કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. તેથી રોષે ભરાયેલા નાગરિકોએ આંદોલનનો આ અનોખો માર્ગ અપનાવ્યો હોવાનું કહેવાય છે. ■

## રોહિત શેટ્ટીના નિવાસસ્થાને ગોળીબાર

# તિહાર અને આર્થર રોડ જેલમાંથી કરાયો કાવતરાનો દોરીસંચાર

### શૂટરની પસંદગી દિલ્હીની જેલમાંથી થઈ તો શસ્ત્રો પૂરાં પાડવાની કામગીરી મુંબઈની જેલમાંથી થઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ફિલ્મમેકર રોહિત શેટ્ટીના નિવાસસ્થાને ગોળીબારના કેસની તપાસ કરનારી ક્રાઈમ બ્રાન્ચને એક પછી એક ચોંકાવનારી માહિતી મળી રહી છે. આ આખા કાવતરાનો દોરીસંચાર દેશની હાઈ સિક્યોરિટીવાળી બે જેલ મુંબઈની આર્થર રોડ અને દિલ્હીની તિહારમાંથી થયો હોવાનું તપાસમાં જણાયું હતું. તિહાર જેલમાંથી શૂટરની પસંદગી કરવામાં આવી હતી તો આર્થર રોડ જેલમાંથી શસ્ત્રો પૂરાં પાડવાનું માર્ગદર્શન કરાયું હતું.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ જૂહુના શેટ્ટી ટાવર પર ગોળીબાર કરવાના કેસમાં હરિયાણા અને ઉત્તર પ્રદેશથી પકડાયેલા આરોપીઓની પૂછપરછમાં આ કાવતરું લૉરેન્સ બિશ્નોઈ ગૅન્ગ દ્વારા ઘડવામાં આવ્યું હોવાનું સ્પષ્ટ થયું હતું. એ સિવાય દેશની બે જેલમાંથી તેનો દોરીસંચાર થયો હોવાનું પણ સામે આવ્યું હતું.

શેટ્ટીના નિવાસસ્થાને ગોળીબારની જવાબદારી 'આગ્રા મોડ્યુલ'ને સોંપાઈ હતી, જેમાં શૂટર દીપક શર્માએ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. પોલીસ તપાસમાં જણાયું હતું કે તિહાર જેલમાં બંધ બિશ્નોઈ ગૅન્ગના સભ્ય ગોલુ પંડિતે જેલમાંથી આગ્રા મોડ્યુલ સાથે કોઑર્ડિનેશન કર્યું હતું. ગોલુ પંડિત અગાઉ શુભમ લોણકરનો સાથી હતો અને તેને શૂટરોની પસંદગીનું કામ સોંપાયું હતું.

શૂટરની પસંદગી પણ પદ્ધતિસર કરાઈ હતી. તિહાર જેલમાંથી ગોલુ પંડિતે વિષ્ણુ કુશવાહા નામના શખસનો સંપર્ક સાધ્યો હતો. વિષ્ણુએ દીપક અને અન્ય સભ્યોને આ કાવતરામાં સામેલ કર્યા હતા. પછી શુભમ લોણકર દીપક અને તેના સાથીઓના સીધા સંપર્કમાં રહ્યો હતો. કાવતરાને અંજામ આપવા માટે મોટી રકમની લાલચ આરોપીઓને અપાઈ હતી.

એક મહત્ત્વપૂર્ણ ઘટનાક્રમમાં શૂટર દીપક શર્મા અને તેના સાથી પકડાયા તેના અમુક દિવસ પહેલાં જ ગોલુ પંડિત જામીન પર છૂટ્યો હતો. મુંબઈ પોલીસ હવે તેની શોધ ચલાવી રહી છે.

### શૂટર સહિત સાતની પોલીસ કસ્ટડી સાત દિવસ લંબાવાઈ

મુંબઈઃ ફિલ્મ ડિરેક્ટર રોહિત શેટ્ટીના નિવાસસ્થાન પર ગોળીબાર કરવાના કેસમાં ધરપકડ કરાયેલા મુખ્ય શૂટર સહિત સાત આરોપીની પોલીસ કસ્ટડી કોર્ટે સાત દિવસ વધારી આપી હતી. ઘટનાસ્થળ સહિત ગુનાનાં અમુક પાસાંની તપાસ જરૂરી હોવાથી પોલીસે સાતેય આરોપીની કસ્ટડીની માગણી કરી હતી.

શસ્ત્રો સંબંધી અમુક જપ્તિઓ હજુ બાકી છે. આરોપીઓ દ્વારા કરાયેલી રૅકી મામલે પણ તપાસ જરૂરી હોવાનું કહીને પોલીસે આરોપીઓની વધુ દસ દિવસની કસ્ટડી માગી હતી. જોકે કોર્ટે તેમને ચોથી માર્ચ સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી.

આ કેસમાં આર્મ્સ ઍક્ટની વધારાની કલમો ઉમેરવામાં આવી હોવા તરફ કોર્ટનું ધ્યાન દોરવામાં આવ્યું હતું.

(પીટીઆઈ)■

# બોરીવલીના જ્વેલર્સને બિશ્નોઈ ગૅન્ગને નામે ખંડણી માટે ધમકાવનારા પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બોરીવલીના જ્વેલર્સને ૩૦ લાખ રૂપિયાની ખંડણી ન આપે તો એનસીપીના નેતા બાબા સિદ્દીકી જેવા હાલ કરવાની ધમકી લૉરેન્સ બિશ્નોઈ ગૅન્ગને નામે આપનારા ચાર આરોપીની પોલીસે ધરપકડ કરી હતી.

બોરીવલી પોલીસે પકડી પાડેલા આરોપીઓની ઓળખ રિયાઝુદ્દીન મોહમ્મદ બશીર (૨૯), મોહમ્મદ ફૈયાઝ મોહમ્મદ કય્યુમ મન્સૂરી ઉર્ફે સદ્દામ (૨૭), મોહમ્મદ અશરફુલ કાદરી મોહમ્મદ હાસીમ અન્સારી (૩૬) અને મોહમ્મદ અરબાઝ અન્સારી મોહમ્મદ ઈઝહાર અન્સારી (૨૭) તરીકે થઈ હતી. આરોપીઓ ઝારખંડ રાજ્યના વાસેપુરના રહેવાસી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

આરોપીઓએ બિશ્નોઈ ગૅન્ગને નામે ધમકી આપી હતી, પરંતુ પ્રાથમિક તપાસમાં બિશ્નોઈ ગૅન્ગ સાથે તેમને કોઈ સાઠગાંઠ ન હોવાનું જણાયું હતું.

આરોપીઓ આ જ પ્રકારે ખંડણી માટે ધમકી આપવાના વિલેપાર્લે અને ડી. એન. નગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા કેસમાં સંડોવાયેલા હોવાનું તપાસમાં સામે આવ્યું હતું.

અધિકારીના જણાવ્યા મુજબ આરોપીઓને પકડી પાડવા માટે જ્વેલર્સ સાથે મળીને એક યોજના બનાવવામાં આવી હતી. ખંડણીની રકમ ઑનલાઈન ટ્રાન્સફર કરવાનું શક્ય ન હોવાથી તેના બદલામાં સોનાના સિક્કા આપવાની તૈયારી ફરિયાદી તરફથી દાખવવામાં આવી હતી. ફરિયાદીની વાતોમાં આવી આરોપી સિક્કા સ્વીકારવા તૈયાર થયા હતા.

સોનાના સિક્કા લેવા આરોપી માહિમમાં નક્કી કરેલા એક સ્થળે આવવાના હતા, જ્યાં પોલીસે પહેલેથી છટકું ગોઠવી રાખ્યું હતું. સોનાના સિક્કા લેવા આવેલા આરોપી રિયાઝુદ્દીનને પોલીસે પકડી પાડ્યો હતો. તેણે આપેલી માહિતી પરથી બાન્દ્રા અને જોગેશ્વરીથી તેના ત્રણ સાથીને તાબામાં લેવાયા હતા. ફોન પર ધમકી આપનારા શખસની પોલીસ શોધ ચલાવી રહી છે. ■

# મુંબઈ-અમદાવાદ હાઈવેથી વિરાર-નાલાસોપારા રેલવે સ્ટેશન સુધીના રસ્તાનું કોંક્રીટીકરણ

વસઈઃ વસઈ-વિરારમાં ટ્રાફિક જામની સમસ્યા હલ કરવા અને વાહનવ્યવહારના માર્ગો સુખદ બને તે માટે વિવિધ પગલાં લેવામાં આવી રહ્યા છે. મુંબઈ-અમદાવાદ હાઈવેથી વિરાર અને નાલાસોપારા સ્ટેશન સુધીના રસ્તાઓનું કોંક્રીટીકરણ તેમજ વિરાટનગર અને ઓસવાલનગરી ખાતેના રેલવે ઓવરબ્રિજના કામોને પ્રાથમિકતા આપવામાં આવશે.

છેલ્લા ઘણા સમયથી વસઈ-વિરારમાં વધી રહેલી ટ્રાફિકની સમસ્યાનો ઉકેલ લાવવાની માંગ નાગરિકો દ્વારા કરવામાં આવી રહી હતી. આ બાબતને ધ્યાનમાં રાખીને એમએમઆરડીએ દ્વારા ફલાયઓવરનું નિર્માણ, રસ્તાઓનું વિસ્તૃતિકરણ અને કોંક્રિટીકરણ જેવા વિવિધ કાર્યોનું આયોજન કરવામાં આવ્યું છે. વસઈ-વિરાર મહાનગરપાલિકા વિસ્તારમાં વિવિધ વિકાસ કામોને એમએમઆરડીએ દ્વારા ગતિ આપવા માટે, મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સંબંધીત અધિકારીને વસઈ અને પાલઘર વિસ્તારની જવાબદારી સોંપી છે. ■


**પ્રથમ પુણ્યતિથિ**



**સ્વ. ચંદ્રકાંત વિજયલાલ સંઘવી**

તમારી ઈચ્છા પ્રમાણે કુટુંબમાં શાંતિ રહે, સદ્બુદ્ધિ આપે એજ પ્રભુને પ્રાર્થના. પ્રભુ આપના આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

સજાગ, રૂપલ, યશ, સાક્ષીના જય જિનેન્દ્ર

**માંગરોળ દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**



**હરેન્દ્ર દલાલ**

(૨૬.૦૬.૧૯૫૨ - ૨૪.૦૨.૨૦૨૬)

હાલ અંધેરી, મુંબઈ નિવાસી, તે સ્વ. કુંજવિહારી ગોપાલદાસ કોઠીના સુપુત્ર, સ્વ. સુરેન્દ્ર દલાલના જમાઈ,

પૂર્ણિમાબેનના પતિ, માનસી તથા ધ્રુવના પિતા, અમિતભાઈ તથા નેહાના સસરા,

વિધીના નાના, તથા શાર્વિલના દાદા

સ્વ. મધુલત્તાબેન, સ્વ. લલિતાબેન, સ્વ. દિલીપભાઈ, રજનીકાંતભાઈ, પદ્મા તથા હર્ષદાના ભાઈ તથા

નલિનીબેન પારેખ તથા જયેશભાઈ મહેતલિયા વેવાઈ,

તા. ૨૪.૨.૨૬ ના રોજ શ્રીજીચરણ પામેલ છે.

**પ્રાર્થનાસભા :**

તા. ૨૭.૨.૨૬ શુક્રવાર ના રોજ સાંજે ૫ થી ૭ કલાકે રાખેલ છે.

મહેશ્વરી ભવન
નં. ઓશિવરા પોલીસ સ્ટેશન,
અંધેરી (પ), મુંબઈ-૫૩

**શ્રદ્ધાંજલિ**

ॐ असतो मा सद्गमय । तमसो मा ज्योतिर्गमय ।
मृत्योर्मा अमृतं गमय । ॐ शान्तिः शान्तिः शान्तिः ॥



**શ્રી નટવરલાલ કે. થડેશ્વર**

૧૦ ડિસેમ્બર ૧૯૩૯ - ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૬

ઉંડા શોક સાથે તમને જાણ કરવામાં આવે છે કે શ્રીંગાર પરિવારના આદરણીય સ્થાપક, શ્રદ્ધેય શ્રી નટવરલાલ કાનજીભાઈ થડેશ્વરનું દુઃખદ અવસાન થયેલ છે. અમે તેમની આત્માની શાશ્વત શાંતિ માટે સર્વશક્તિમાનને પ્રાર્થના કરીએ છીએ.

**પ્રાર્થના સભા**

૨૬ ફેબ્રુઆરી, સાંજે ૫ થી ૭ (ગુરુવાર)
યોગી સભાગ્રહ હોલ, ગેટ- ૯ , સ્વામિનારાયણ મંદિર, દાદર પૂર્વ

**સ્નેહાધીન**

શ્રીમતી રસીલાબેન (પત્ની)
ચેતન અને પંકજ (પુત્રો)
ભારતી અને ભાવના (પુત્રીઓ)
વિરાજ અને બલરાજ થડેશ્વર (પૌત્રો)
ધરમ પંચમિયા, અનુશ્રી પારેખ (દોહિત્ર-દોહિત્રી)

હિંમતલાલ કે. થડેશ્વર (ભાઈ)
મમતા અને શીતલ (પુત્રવધૂઓ)
પરેશ બી. બ્રહ્મભટ્ટ, ઉદય ટી. પંચમિયા (જમાઈઓ)
નીલુ વી થડેશ્વર, નિકીતા બ થડેશ્વર (પૌત્રવધૂઓ)
રાહુલ પારેખ (દોહિત્રી-જમાઈ)

પિયા, રિધાન, પ્રાવી અને સમય (પ્રપૌત્ર અને પ્રપૌત્રીઓ)
અને સમગ્ર શ્રીંગાર હાઉસ ઓફ મંગળસૂત્ર લીમીટેડ પરિવાર

Shringar HOUSE OF MANGALSUTRA SINCE 1963

# રોલરકોસ્ટરઃ સેન્સેક્સ ૭૦૦ પોઇન્ટ ઉપર અને ૭૦૦ પોઇન્ટ નીચે અથડાઇને અંતે ૫૦ પોઇન્ટના સુધારે બંધ થયો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ અમેરિકામાં સુપ્રીમ કોર્ટે ટ્રમ્પની ટેરિફને ગેરકાયદે જાહેર કર્યા બાદ જકાત માત્ર દસ ટકા સુધી સીમિત રહેવાનાએ જન્માવેલી આશા પછી ટ્રમ્પે ટ્રેડ ડીલમાં પીછેહઠ કરવા ઇચ્છતા દેશોને વધુ ઊંચી જકાત વસૂલવા આપેલી ધમકી અને ભારતીય સોલાર કંપનીઓની નિકાસ પર લાદવામાં આવેલી તોતિંગ કાઉન્ટિર વેઇલિંગ ડ્યુટીને વચ્ચે અસ્પષ્ટ બનેલા અને ડહોળાયેલા માનસ વચ્ચે સેન્સેક્સ સત્ર દરમિયાન સાતસો પોઇન્ટ ઉપર અને સાતસો પોઇન્ટ નીચે અથડાઇને અંતે પચાસ પોઇન્ટના સુધારે બંધ થયો હતો.

ભારે અફડાતફડીમાંથી પસાર થયા બાદ અંતે સેન્સેક્સ ૫૦.૧૫ પોઈન્ટ અથવા ૦.૦૬ ટકા વધીને ૮૨,૨૭૬.૦૭ પોઇન્ટની સપાટી પર બંધ થયો હતો. દિવસ દરમિયાન, બેન્ચમાર્ક ૭૩૧.૯૯ પોઈન્ટ અથવા ૦.૮૯ ટકા ઉછળીને ૮૨,૯૫૭.૯૧ પોઇન્ટની ઈંચી સપાટી સુધી પહોંચ્યો હતો. જ્યારે નિફ્ટી ૫૭.૮૫ પોઈન્ટ અથવા ૦.૨૩ ટકા વધીને ૨૫,૪૮૨.૫૦ પોઇનટની સપાટી પર બંધ થયો હતો.

સેન્સેક્સ પેકમાંથી, એચસીએલ ટેક, ટાટા સ્ટીલ, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, ઇન્ટરગ્લોબ એવિએશન, સન ફાર્મા, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, મારુતિ સુઝુકી અને ટેક મહિન્દ્રા સૌથી વધુ વધનારા શેરોની યાદીમાં હતા. રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, અદાણી પોર્ટ્સ અને ઇટર્નલ ટોપ લુઝર્સની યાદીમાં હતા. આંતરરાષ્ટ્રીય સ્તરે એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી, શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ, જાપાનનો નિક્કી ૨૨૫ અને હોંગકોંગનો હેંગ સેંગ ઇન્ડેક્સ નોંધપાત્ર રીતે ઊંચો રહ્યો હતો.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં એચસીએલ ટેક્નોલોજી ૨.૮૦ ટકા, ટાટા સ્ટીલ ૨.૬૩ ટકા, ટાટા કન્સલ્ટન્સી ૨.૧૪ ટકા, ઈન્ડિગો ૧.૯૫ ટકા, સન ફાર્મા ૧.૮૪ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૧.૬૫ ટકા, મારુતિ ૧.૪૫ ટકા, ટેક મહિન્દ્ર ૧.૧૩ ટકા, એક્સિસ બેન્ક ૧.૧૧ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૧.૧૦ ટકા, ઈન્ફોસિસ ૧.૦૮ ટકા, બીઈએલ ૦.૯૯ ટકા, લાર્સન ૦.૮૮ ટકા અને પાવર ગ્રીડ ૦.૭૭ ટકા વધ્યા હતા, જ્યારે રિલાયન્સ ૨.૨૩ ટકા, સ્ટેટ બેન્ક ૧.૯૩ ટકા, અદાણી પોટ્સ ૧.૭૨ ટકા, ઈટર્નલ ૧.૪૬ ટકા, ભારતી એરટેલ ૧.૩૯ ટકા, આઈટીસી ૧.૨૨ ટકા, કોટક બેન્ક ૦.૬૦ અને એચડીએફસી બેન્ક ૦.૩૨ ટકા ઘટ્યા હતા.

સ્ટોક સ્પેસિફિક એક્શનમાં, સારા પરિણામે શેફલર ઇન્ડિયાના શેરના ભાવમાં ત્રણ ટકાનો વધારો થયો હતો, અમેરિકાની નવી જકાતના ખરાબ અને વિન્ડપાવર પ્રોજેક્ટના સારા સમાચાર વચ્ચે વારી એનર્જીના શેરના ભાવમાં ૧૦ ટકાનો ઘટાડો થયો, કંપનીની ૮.૪ ટકા ઇક્વિટીના બ્લોક ટ્રેડીંગ પછી સ્પાઇસજેટના શેરના ભાવમાં છ ટકાનો વધારો થયો, સરકાર બે ટકા સુધીનો હિસ્સો વેચવા માગે છે, એવા અહેવાલો વચ્ચે ઇન્ડિયન રેલવે ફાઇનાન્સ કોર્પોરેશનના શેરમાં ચાર ટકાનો ઘટાડો થયો.

ઇન્ફોમેરિક્સે ફ્રેડુન ફાર્માસ્યુટિકલલ્સના ક્રેડિટ રેટિંગને ટ્રીપલ બી પ્લસમાં અપગ્રેડ કર્યું છે અને નાણાકીય પ્રોફાઇલમાં વધારો કર્યો છે. ઇન્ફોમેરિક્સે રૂ. ૧૫૬.૧૭ કરોડની બેંક સુવિધાઓને આઇવીઆર ટ્રીપલ બી પ્લસ (સ્ટેબલ)માં અપગ્રેડ કરી છે. કંપની જેનેરિક્સ, કોસ્મેટિક્સ, ન્યુટ્રાસ્યુટિકલ્સ, મોબિલિટી અને એનિમલ હેલ્થકેર પ્રોડક્ટ્સમાં વૈવિધ્યસભર પોર્ટફોલિયો ધરાવે છે.

ગ્રેફાઇટ ઇન્ડિયા, કેઇઆઇ ઇન્ડસ્ટ્રીઝ, સેઇલ, ટાટા સ્ટીલ, પોલીકેબ, બેંક ઓફ મહારાષ્ટ્ર, બજાજ ઓટો, જીઈ વર્નોવા ટીડી, અજંતા ફાર્મા, જીઈ શિપિંગ સહિત ૧૦૦થી વધુ શેર તેમના બાવન અઠવાડિયાની ટોચે પહોંચ્યા હતા, જ્યારે ૩૦૦થી વધુ શેર તેમના બાવન અઠવાડિયાના નીચલા સ્તરને સ્પર્શ્યા હતા, જેમાં આઇઆરએફસી, ફર્સ્ટસોર્સ સોલ્યુશન્સ, હેક્સાવેર ટેક્નોલોજીસ, સેલો વર્લ્ડ, સુઝલોન એનર્જી, એફકોન્સ ઇન્ફ્રા, વેદાંત ફેશન્સ, જસ્ટ ડાયલ, સાયન્ટ, નેટવર્ક ૧૮ વગેરેનો સમાવેશ થાય છે.

નિફટીમાં એસબીઆઇ, આઇટીસી, ભારતી એરટેલ, અદાણી પોર્ટ્સ, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ મુખ્ય ઘટાડાવાળા શેરોમાં હતા, જ્યારે ટાટા સ્ટીલ, એચસીએલ ટેક્નોલોજીસ, બજાજ ઓટો, શ્રીરામ ફાઇનાન્સ, અદાણી એન્ટરપ્રાઇઝિસ વધ્યા હતા. ક્ષેત્રીય મોરચે, ઓટો, હેલ્થકેર, આઇટી, મેટલ, ફાર્મા એકથી બે ટકા વધ્યા હતા, જ્યારે ટેલિકોમ ઇન્ડેક્સ એક ટકા ઘટ્યો હતો, એફએમસીજી, પીએસયુ બેંક દરેક ૦.૪ ટકા ઘટ્યો હતો.

ભારતીય ઇક્વિટી બજારોએ ટ્રેડિંગના દિવસના અસ્થિરતા પછી સાવધાની સાથે સત્રનો અંત કર્યો. સકારાત્મક શરૂઆત છતાં, ઊંચા મથાળે પ્રોફિટ બુકિંગને કારણે સેન્ટિમેન્ટ પર દબાણ આવ્યુ અને બેન્ચમાર્ક ઇન્ડેક્સ પ્રારંભિક સત્રનો સુધારો ધીમે ધીમે ગુમાવી બેઠાં. બજારના સાધનો અનુસાર મજબૂત સ્થાનિક ટ્રિગર્સ અને મિશ્ર વૈશ્વિક સંકેતોના અભાવ વચ્ચે રોકાણકારોએ આક્રમક પોઝિશન લેવાનું ટાળ્યું હોવાથી વ્યાપક અન્ડરસ્ટોન નરમ રહ્યો હતો.

એક્સચેન્જ ડેટા અનુસાર, મંગળવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ રૂ. ૧૦૨.૫૩ કરોડના ઇક્વિટી વેચ્યા, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ રૂ. ૩,૧૬૧.૨૨ કરોડના શેર ખરીદ્યા હતા. ભારતીય બજારો ગેપ-અપ સાથે ખુલ્યા, ઉત્સાહિત વૈશ્વિક સંકેતો અને અઈ-સંબંધિત અનિશ્ચિતતા હળવી થતાં યુએસ ટેક શેરોમાં તેજીને કારણે. વધુમાં, બેન્ક ઓફ જાપાનના ડોવિશ સંકેતોએ પ્રાદેશિક સેન્ટિમેન્ટને ટેકો આપ્યો, જેનાથી એશિયન બજારો મજબૂત રહ્યા હતા. જોકે, અમેરિકન રાષ્ટ્રપતિની નવી ટેરિફ-કેન્દ્રિત ટિપ્પણીઓએ વૈશ્વિક વેપાર ચિંતાઓને ફરીથી સપાટી પર લાવી હોવાથી પ્રારંભિક સુધારો સદંતર ધોવાઇ ગયો હતો. દરમિયાન ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ, ૦.૧૪ ટકા ઘટીને ૭૦.૬૭ પ્રતિ બેરલ બોલાયું હતું. દરમિયાન, અમેરિકા અને ભારત વચ્ચેના વેપાર સંબંધોમાં એક મોટો આંચકો લાગ્યો છે. અમેરિકન સરકારના કોમર્સ ડિપાર્ટમેન્ટે ભારત સહિત ત્રણ દેશોમાંથી આયાત થતા સોલર સેલ્સ અને પેનલ્સ પર અધધ ૧૨૫ ટકાથી વધુની કાઉન્ટરવેલિંગ ડ્યુટી લાદી દીધી છે. અમેરિકાના કોમર્સ ડિપાર્ટમેન્ટે પ્રાથમિક તપાસ બાદ આ મોટો નિર્ણય લીધો છે. અમેરિકાની સરકારનું માનવું છે કે ભારત, ઇન્ડોનેશિયા અને લાઓસની સોલર કંપનીઓને તેમની સરકારો તરફથી મોટી સબસિડી મળી રહી છે. આ સબસિડીને કારણે આ કંપનીઓ અમેરિકામાં ખૂબ જ સસ્તા ભાવે સોલર પેનલ્સ વેચી રહી છે, જેનાથી અમેરિકાની સ્થાનિક કંપનીઓને આર્થિક નુકસાન થઈ રહ્યું છે. આ અયોગ્ય સ્પર્ધાને રોકવા માટે આ ભારે ટેક્સ લાદવામાં આવ્યો છે. આ આદેશમાં ભારત પર સૌથી કડક વલણ અપનાવવામાં આવ્યું છે. ભારતમાંથી આવતા સોલર ઉત્પાદનો પર કુલ સબસિડી રેટ ૧૨૫.૮૭ ટકા નક્કી કરવામાં આવ્યો છે. ખાસ કરીને ભારતની મુંદ્રા સોલર પર ૧૨૫.૮૭ ટકા ડ્યુટી લાગશે. આ ઉપરાંત ઇન્ડોનેશિયા માટે આ દર ૧૦૪.૩૮ ટકા અને લાઓસ માટે ૮૦.૬૭ ટકા રાખવામાં આવ્યો છે. અમેરિકાની કંપનીઓ જેવી કે ફર્સ્ટ સોલર અને હનવા ક્યુસેલ્સે ફરિયાદ કરી હતી કે સસ્તી આયાતને કારણે તેમના અબજો ડોલરનું રોકાણ અને નોકરીઓ જોખમમાં છે.

## ટ્રમ્પના આચકાની અસરઃ વારી એનર્જી અને પ્રીમિયર એનર્જીમાં ૧૪ ટકા સુધીનું ધોવાણ

મુંબઇઃ શેરબજારમાં પાછલા કેટલાક સમયથી આઇટી શેરોમાં જોરદાર વેચવાલી અને ધોવાણ થઇ રહ્યું છે. આર્ટિફિશિઅલ ઇન્ટેલિજેન્સના વિશ્રેફની અટકળોને આધારે આ ધોવાણ આગળ પણ વધી રહ્યું છે. જોકે, બુધવારના સત્રમાં એકાએક રિન્યુએબલ એનર્જી અને સોલાર શેરોમાં ધોવાણ શરૂ થતાં રોકાણકારો ઊંઘતા ઝડપાયા છે.

અમેરિકાની સુપ્રીમ કોર્ટમાં પછડાટ ખાધા બાદ ડોનલ્ડ ટ્રમ્પે ઉચ્ચારેલી ચીમકી જાણે સાચી પાડવી હોય એમ તેણે એક નવો ફતવો બહાર પાડ્યો અને તેને કારણે વારી એનર્જી અને પ્રીમિયર એનર્જીના શેરમાં ૧૪ ટકાથી વધુ મોટા કડાકા જોવા મળ્યા હતા. સત્ર પુરુ થવા સુધી આ શેરોમાં ઊથલપાથલ ચાલુ રહેશે. અમેરિકાએ અમુક ભારતીય સૌર ઉત્પાદનોની આયાત પર ૧૨૫.૮૭ ટકાની પ્રારંભિક કાઉન્ટરવેલિંગ ડ્યુટી જાહેર કર્યા પછી બુધવારે સૌર ક્ષેત્ર સાથે સંબંધિત કંપનીઓના શેર ગબડ્યા હતા. બીએસઇ પર વારી એનર્જીનો સ્ટોક ૧૪.૯૯ ટકા, પ્રીમિયર એનર્જીનો સ્ટોક ૧૪.૨૩ ટકા, વિક્રમ સોલારનો ૭.૪૭ ટકા અને સ્ટર્લિંગ અને વિલ્સન રિન્યુએબલ એનર્જીનો સ્ટોક ૧.૪૧ ટકા ઘટ્યો હતો. ટેરિફના એક અલગ વિકલ્પ તરીકે અમેરિકાએ અમુક ભારતીય સૌર ઉત્પાદનોની આયાત પર ૧૨૫.૮૭ ટકાની પ્રારંભિક કાઉન્ટરવેલિંગ ડ્યુટી જાહેર કરી છે, જેમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે નવી દિલ્હી દ્વારા ઉત્પાદનોને અન્યાયી રીતે સબસિડી આપવામાં આવી રહી છે. ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ, યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સે ભારત, ઇન્ડોનેશિયા અને લાઓસ પીપલ્સ ડેમોક્રેટિક રિપબ્લિક (લાઓસ)ના સ્ફટિકીય સિલિકોન ફોટોવોલ્ટેઇક કોષો, મોડ્યુલો (સૌર કોષો)માં એસેમ્બલ થયા છે કે નહીં, તેની કાઉન્ટરવેલિંગ ડ્યુટી તપાસમાં તેના પ્રારંભિક હકારાત્મક નિર્ણયોની જાહેરાત કરી હોવાનું એક યુએસ ઓર્ડરમાં જણાવાયું છે.

# ચાંદીએ ચમક જાળવી, સોનાનો સુધારો ધોવાઇ ગયો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ ઝવેરી બજારમાં સોનાચાંદીના ભાવમાં આજે સામસામા રાહ જેવો તાલ જોવા મળ્યો હતો. અમેરિકાની કાઉન્ટરવેઇલિંગ જકાત અને એઆઇને લગતા વિવિધ અહેવાલોની સેન્ટિમેન્ટલ અસરે પ્રારંભકિ સત્રમાં બંને ધાતુના ભાવમાં સુધારો જોવા મળ્યો હતો. જોકે, સત્રના અંત સુધીમાં સોનાનો સુધારો સાવ ધોવાઇ ગયો હતો અને ભાવ ઘટી ગયા હતા. ચાંદીનો ભાવ સુધારો પણ ધોવાયો હતો પરંતુ તે પાછલા બંધ કરતા ઊંચા ભાવે સ્થિર થઇ હતી.

સત્રને અંતે ૯૯ ટચના સોનાનો ભાવ રૂ. ૧,૫૯,૨૧૪ના પાછલા બંધ સામે રૂ. ૨૩૩ના ઘટાડા સાથે દસ ગ્રામે રૂ. ૧,૫૯,૦૦૮ની સપાટીએ સ્થિર થયા હતા, જ્યારે સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ.૧,૫૮,૬૦૩ના પાછલા બંધ સામે દસ ગ્રામદીઠ રૂ. ૨૩૨ના ઘટાડા સાથે રૂ. ૧,૫૮,૩૭૧ની સપાટીએ સ્થિર થયા હતા. જોકે, હાજર ચાંદી મુંબઇ બજારમાં રૂ. ૨,૬૨,૯૧૨ના પાછલા બંધ સામે રૂ. ૨૫૦૫ના સુધારા સાથે રૂ. ૨,૬૫,૪૧૭ની સપાટીએ સ્થિર થઇ હતી.

અમેરિકા દ્વારા ભારતીય સોલર પેનલ્સ પર લાદવામાં આવેલી તોતિંગ કાઉન્ટરવેઇલિંગ ડ્યુટીના સમાચાર વચ્ચે રોકાણકારો હવે સુરક્ષિત રોકાણ તરફ વળ્યા છે. આ વૈશ્વિક અસ્થિરતાની સીધી અસર કિંમતી ધાતુઓના બજાર પર જોવા મળી રહી છે, જ્યાં આજે સોના અને ચાંદીના ભાવમાં મોટો ઉછાળો નોંધાયો છે.

વાયદા બજારના ઉછાળા પાછળ સ્થાનિક સ્પોટ માર્કેટમાં પણ સોનાચાંદીના ભાવમાં સુધારો જોવા મળ્યો હતો.

સવારના સત્રમાં ૯૯૯ ટચનું શુદ્ધ સોનું રૂ. ૧,૫૯,૨૧૪ના પાછલા બંધ ભાવ સામે દસ ગ્રામદીઠ રૂ. ૫૮૨ના ઉછાળા સાથે રૂ. ૧૫૯૮૨૩ની સપાટીએ ખૂલ્યું હતું. એ જ રીતે, ૯૯૫ ટચનું સ્ટાન્ડર્ડ સોનું રૂ. ૧,૫૮,૬૦૩ના પાછલા બંધ ભાવ સામે રૂ. ૫૮૦ના સુધારા સાથે રૂ. ૧,૫૯,૧૮૩ની સપાટીએ ખુલ્યું હતું. આ તરફ .૯૯૯ ટચની હાજર ચાંદી રૂ. ૨,૬૨,૯૧૨ના પાછલા બંધ સામે રૂ. ૬,૪૫૫ના ઉછાળા સાથે રૂ. ૨,૬૯,૩૬૭ના ભાવે ખૂલી હતી.

બુલિયન બજારના સાધનો અનુસાર સોનાની સરખામણીએ આજે ચાંદીમાં વધુ આક્રમક તેજી જોવા મળી હતી. ઔદ્યોગિક માગ અને વૈશ્વિક સેન્ટિમેન્ટને કારણે ચાંદીના ભાવમાં મોટો ઉછાળો જોવા મળ્યો હતો. રોકાણકારો વર્ક્તમાન તબક્કે સોનાચાંદીને સૌથી સુરક્ષિત ઇન્વેસ્ટમેન્ટ એસેટ માની રહ્યા છે. અમેરિકાની નવી ટેરિફ નીતિ અને વૈશ્વિક વેપાર યુદ્ધની આશંકા ઉપરાંત અમેરિકા અને ઇરાન વચ્ચે લશ્કરી ઘર્ષણની વધતી શક્યતાએ કિંમતી ધાતુઓની માગમાં વધારો કર્યો છે.

# નોએલ ટાટાની શરતો પછી એન. ચંદ્રશેખરનના ત્રીજા કાર્યકાળનો નિર્ણય મુલતવી

મુંબઈઃ ટાટા સન્સના બોર્ડે મંગળવારે નટરાજન ચંદ્રશેખરનને ચેરમેન તરીકે ત્રીજા કાર્યકાળ માટે પુનઃનિયુક્તિ અંગેનો નિર્ણય મુલતવી રાખ્યો હતો. સાધનોના જણાવ્યા અનુસાર, આ નિર્ણય કોફીથી માંડીને કાર અને સોફ્ટવેર સુધીના ક્ષેત્રે પ્રવૃત્ત ઉદ્યોગ સમૂહની હોલ્ડિંગ કંપનીમાં સંભવિત મતભેદોનો સંકેત આપે છે.

કોર્પોરેટ જૂથના બે તૃતીયાંશ ભાગ ધરાવતા ટાટા ટ્રસ્ટના અધ્યક્ષ નોએલ ટાટાએ ચંદ્રશેખરનની પુનઃનિયુક્તિ માટે ઘણી શરતો મૂકી હતી, જેના કારણે આખરે નિર્ણય મુલતવી રાખવામાં આવ્યો હતો. ચંદ્રશેખરનનો કાર્યકાળ ફેબ્રુઆરી ૨૦૨૭માં સમાપ્ત થાય છે.

ટાટા સન્સનું બોર્ડ તેમના કાર્યકાળને વિસ્તારવા અંગે ચર્ચા કરી રહ્યું હતું ત્યારે નોએલ ટાટા દ્વારા કેટલીક શરતો મૂકવામાં આવી હોવાનું સાધનોએ જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે નોએલ ટાટાએ ચોક્કસ જૂથ કંપનીઓમાં નુકસાન અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને શરતોમાં ટાટા સન્સ દ્વારા દેવાનો ઉમેરો પણ શામેલ છે, જે એવી પરિસ્થિતિને આમંત્રણ આપશે જ્યાં જૂથને શેરબજારમાં લિસ્ટિંગ કરવાની ફરજ પડશે.

## ગુજરાત

# ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે ગુજરાતમાં આજથી ધોરણ ૧૦ અને ૧૨માના બોર્ડની પરીક્ષા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત રાજ્યમાં ૨૬મી ફેબ્રુઆરી, ગુરુવારથી બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થઈ રહ્યો છે. રાજ્યમાં ધોરણ-૧૦ના ૯.૦૭ લાખથી વધુ, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના ૫.૦૧ લાખથી વધુ, ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના ૧.૧૯ લાખથી વધુ અને ગુજકેટના વિદ્યાર્થીઓ મળી રાજ્યભરના કુલ ૧૬.૬૩ લાખથી વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના પરીક્ષા કેન્દ્રો પર કોઈ પણ પ્રકારની અવ્યવસ્થા ન સર્જાય તે માટે પૂરતી તૈયારીઓ કરવામાં આવી હોવાનું બોર્ડ તેમ જ પોલીસ વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું. વિશેષ તો તાજેતરમાં શાળાઓમાં બૉમ્બની ધમકીની ઘટનાઓને ધ્યાનમાં રાખીને, બોર્ડે દરેક જિલ્લામાં એક નોડલ ઓફિસરની નિમણૂક કરી છે. તેમની મુખ્ય જવાબદારી પોલીસ સાથે સંકલન સાધવાની અને જો કોઈ બૉમ્બની ધમકી જેવી સ્થિતિ ઊભી થાય તો માર્ગદર્શન મુજબ કાર્યવાહી કરવાની રહેશે. સૂત્રોએ જણાવ્યું કે, જો આવી કોઈ જોખમી સ્થિતિ ઊભી થાય, તો વિદ્યાર્થીઓને સમયના નુકસાન સામે વધારાનો સમય આપવામાં આવશે, તેવી માહિતી પણ સૂત્રોએ આપી હતી. આ ઉપરાંત પરીક્ષા કેન્દ્રોની આસપાસ બૉમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્ક્વોડની ટીમોને સ્ટેન્ડબાય પર રાખવામાં આવી છે અને ક્વિક રિસ્પોન્સ ટીમ્સ તૈનાત કરવામાં આવી છે. સ્થાનિક પોલીસને પરીક્ષા કેન્દ્રો પાસે વાહન ચેકિંગ વધારવા માટે નિર્દેશ આપવામાં આવ્યો છે. સંવેદનશીલ ઝોનમાં પેટ્રોલિંગ વધારવામાં આવ્યું છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓમાં ગભરાટ ન ફેલાય તે માટે પરીક્ષા કેન્દ્રો પાસે સુરક્ષા તપાસ અત્યંત સાવચેતી અને શાંતિપૂર્ણ રીતે કરવામાં આવશે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. જિલ્લાઓ અને મુખ્ય શહેરોના સાયબર યુનિટ્સને શાળા વહીવટીતંત્ર સાથે સતત સંપર્કમાં રહેવા માટે કહેવામાં આવ્યું છે. શંકાસ્પદ ગતિવિધિઓ પર નજર રાખવા માટે ૨૪ કલાક ઈન્ટરનેટ મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે અને ડિજિટલ ફોરેન્સિક્સ તેમજ આંતરરાષ્ટ્રીય સંકલન માટે ટેકનિકલ ટીમોને કામે લગાડવામાં આવી છે. ગુજરાત સરકારના પ્રવક્તા પ્રધાન જીતુભાઈ વાઘાણીએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા અને વિદ્યાર્થીઓ કોઈપણ જાતના ડર કે માનસિક બોજ રાખ્યા વિના આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપે, તેમ જણાવ્યું હતું.

# ગુજરાતમાં તાપમાનનો પારો ચડ્યો, મોટા ભાગના શહેરોમાં ગરમી વધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ગરમીનો પારો સતત ઉપર ચડતો જાય છે. રાજ્યના મોટાભાગના શહેરોમાં મહત્તમ તાપમાન ૩૫થી ૩૮ ડિગ્રી સુધી નોંધાયું હતું. દિવસ દરમિયાન ગરમીનો અનુભવ લોકોને થઈ રહ્યો છે અને જનજીવન પર તેની અસર જોવા મળી રહી છે.

મુખ્ય શહેરોની વાત કરીએ તો અમદાવાદમાં બુધવારે ૩૬.૪ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. જયારે લઘુતમ તાપમાન ૨૧.૮ ડિગ્રી રહ્યું હતું. વહેલી સવાર અને મોડી સાંજને બાદ કરતા દિવસ દરમિયાન ગરમીનો માહોલ રહ્યો હતો. વડોદરામાં મહત્તમ તાપામન ૩૫.૮ ડિગ્રી અને લઘુતમ ૧૯.૬ ડિગ્રી નોંધાયું હતું. સુરતમાં પણ સૂર્યદેવતાનો તાપ વર્તાયો હતો. મહત્તમ તાપમાન ૩૫.૬ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૦.૭ ડિગ્રી આસપાસ નોંધાયું હતું. તો સૌરાષ્ટ્રનું રાજકોટ ૩૬.૬ ડિગ્રીએ તપ્યું હતું જ્યારે લઘુતમ તાપમાન ૨૦.૨ ડિગ્રી નોંધાયું હતું. કંડલા, ડિસા, નલિયા વગેરેમાં ૩૬થી ૩૪ ડિગ્રી જેટલું મહત્તમ તાપમાન રહ્યું હતું.

# છેલ્લાં બે વર્ષમાં ગુજરાતમાંથી ₹ ૩,૭૨૭ કરોડનું ડ્રગ્સ પકડાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત રાજ્યમાં છાશવારે ડ્રગ્સ પકડાતું રહે છે. રાજ્ય સરકારે આ અંગે વિધાનસભામાં આપેલી માહિતી દ્વારા જાણવા મળતા આંકડા ચોંકાવનારા છે. આ અંગે નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારે કચ્છ જિલ્લામાં ડ્રગ્સ સોદાગરોની રૂ. ૩૨.૨૦ કરોડની મિલકતો પણ જપ્ત કરી છે. એટલું જ નહીં, ડ્રગ્સના વેપાર સાથે જોડાયેલા તત્ત્વોના ગેરકાયદે બાંધકામો પર પણ 'દાદાનું બુલડોઝર' ફેરવી દેવામાં આવ્યું છે. ગુજરાત પોલીસે અન્ય રાજ્યોની પોલીસ સાથે સંકલન સાધીને 'પાંડી બ્રધર્સ' જેવા આંતરરાજ્ય ડ્રગ્સ માફિયાઓના નેટવર્કને તોડી પાડ્યું છે.

આ બાબતે વિગતે માહિતી આપતા કાયદા રાજ્યમંત્રી કૌશિક વેકરિયાએ જણાવ્યું હતું કે, છેલ્લાં બે વર્ષમાં સમગ્ર રાજ્યમાં ૧,૬૪૭ ગુનાઓ નોંધાયા છે, જેમાં આશરે ૪૧,૦૦૦ કિલો ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે, જેની બજાર કિંમત આશરે રૂ. ૩,૭૨૭ કરોડ થાય છે. છેલ્લાં બે વર્ષમાં જામનગર અને કચ્છ જિલ્લામાં ૧૩૫ ગુનાઓ હેઠળ ૩૦૬ આરોપીની ધરપકડ કરવામાં આવી છે અને રૂ. ૨૪૪.૫૯ કરોડથી વધુની કિંમતનું ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે.

આ સાથે દરિયાઈ માર્ગે થતી ડ્રગ્સની હેરાફેરી અટકાવવા માટે એટીએસ અને અન્ય એજન્સીઓ સતત સતર્ક છે. ગુજરાતમાં ડ્રગ્સ સંબંધિત ક્રાઇમ રેટ માત્ર ૦.૮ છે, જે સમગ્ર દેશમાં સૌથી ઓછો છે, તેમ પણ તેમણે જણાવ્યું હતું.

# કચ્છ રણોત્સવમાં બે વર્ષમાં ૧૭.૯૭ લાખ પર્યટક આવ્યા, સરકાર ₹૧૭ કરોડ કમાણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત પર્યટન માટે વિશ્વમાં પ્રસિદ્ધ છે. ગુજરાતના પર્યટન આકર્ષણોમાંનુ એક કચ્છનો રણોત્સવ છે, જે દેશ સાથે વિદેશના પર્યટકોને પણ આકર્ષે છે. આ અંગે માહિતી આપતા નાયબ મુખ્ય પ્રધાન અને પર્યટન પ્રધાન હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે ગુજરાત સરકારે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધીમાં છેલ્લાં બે વર્ષમાં રણ ઉત્સવમાંથી પ્રીમિયમ મેનેજમેન્ટ ફી દ્વારા રૂ. ૧૭.૦૬ કરોડની આવક મેળવી છે.

વર્ષવાર પ્રવાસીઓનો ડેટા આપતાં, સરકારે જણાવ્યું હતું કે ૧ જાન્યુઆરી, ૨૦૨૪ થી ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ દરમિયાન ૮,૫૫,૫૬૫ મુલાકાતીએ રણ ઉત્સવમાં હાજરી આપી હતી. ૧ જાન્યુઆરી, ૨૦૨૫ થી ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ દરમિયાન આ સંખ્યા વધીને ૯,૪૧,૬૩૭ મુલાકાતીની થઈ હતી.

એકંદરે, બે વર્ષના સમયગાળા દરમિયાન રણોત્સવમાં ૧૭,૯૭,૨૦૨ પ્રવાસીઓ આવ્યા હતા.

# અમદાવાદના શેલામાં રેસિડેન્શિયલ સ્કીમના નામે ૪૭ જેટલા ફ્લેટના ગ્રાહકો સાથે ₹ ૧૨.૪ કરોડની છેતરપિંડીનો આક્ષેપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના શેલા વિસ્તારમાં એક રેસિડેન્સિયલ પ્રોજેક્ટમાં ૪૭ જેટલા ફ્લેટના ગ્રાહકો સાથે ૧૨.૪ કરોડ રૂપિયાની કથિત છેતરપિંડી કરવામાં આવી હોવા મામલે ફરિયાદ નોંધાઈ હતી. ગ્રાહકોએ આરોપ લગાવ્યો હતો કે, મોટી રકમ એકઠી કર્યા પછી, ડેવલપર્સે કથિત રીતે કોઈ સૂચના આપ્યા વિના પ્રોજેક્ટ બંધ કરી દીધો હતો. જેના કારણે ડઝનબંધ પરિવારો આર્થિક સંકટમાં મુકાઈ ગયા છે. ખરીદદારોની ફરિયાદોના આધારે, બોપલ પોલીસે સાત આરોપીઓ સામે કેસ નોંધ્યો હતો, જેમાં વિપુલ ગાંગાણી, રોનક સોનાણી, યોગેશ ઠક્કર, કૃણાલ પરીખ, પૌરવ પટેલ, દીપરાજસિંહ ઝાલા અને મહેન્દ્રસિંહ ચુડાસમાનો સમાવેશ થાય છે. આ મામલે પોલીસે એક આરોપીની ધરપકડ કરી છે, જ્યારે કેટલાક અન્ય લોકો અગાઉના છેતરપિંડીના કેસોમાં જેલમાં બંધ છે. અધિકારીઓએ વધુ તપાસ હાથ ધરી હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

મળતી વિગત મુજબ, શેલામાં ૧૪ માળનો રેસિડેન્સિયલ સ્કીમ, અક્ષર અનંત, કેશવ નારાયણ ગ્રૂપના બેનર હેઠળ શરૂ કરવામાં આવી હતી. ખરીદદારોનો દાવો છે કે તેમને સમયસર પઝેશન અને કાનૂની દસ્તાવેજોની ખાતરી આપીને ફ્લેટ અને દુકાનોમાં રોકાણ કરવા માટે સમજાવવામાં આવ્યા હતા. ઘણા ખરીદદારો સાથે સમજૂતી કરાર પર હસ્તાક્ષર પણ કરવામાં આવ્યા હતા, જ્યારે માત્ર થોડા જ લોકોને રજિસ્ટર્ડ વેચાણ કરાર આપવામાં આવ્યા હતા.

# અમદાવાદ-ગાંધીનગરની ૩૨ હોટેલ પાસે છે લીકર પરમિટ, સરકારને ₹૧૧૬ કરોડની આવક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત રાજ્યમાં ચાલી રહેલા વિધાનસભાના બજેટ સત્રમાં એક પ્રશ્નનો જવાબ આપતા રાજ્ય સરકારે જણાવ્યું હતું કે ૨૫ જાન્યુઆરી, ૨૦૨૬ સુધીમાં અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં કુલ ૩૨ હોટલોને દારૂ વેચવાની પરમિટ આપવામાં આવી છે. રાજ્ય સરકારે જણાવ્યું હતું કે આ પરમિટ નશાબંધી અને આબકારી વિભાગની જોગવાઈઓ હેઠળ જારી કરવામાં આવી છે. સરકારે વધુમાં જણાવ્યું હતું કે છેલ્લા બે વર્ષમાં, તેણે બે જિલ્લાઓમાં આ લાઇસન્સ પ્રાપ્ત સંસ્થાઓ દ્વારા દારૂના વેચાણમાંથી રૂ. ૧૧૬.૩૯ કરોડ (રૂ. ૧,૧૬,૩૯,૬૨,૯૦૦) ની કમાણી કરી છે. નશાબંધી અને આબકારી વિભાગના પ્રભારી નાયબ મુખ્ય પ્રધાન દ્વારા લેખિત જવાબમાં આ આંકડા શેર કરવામાં આવ્યા હતા.

# સુરતમાં વધુ એક સામૂહિક આપઘાતની ઘટનાઃ પતિ-પત્ની, પુત્રીનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેરમાં વધુ એક સામૂહિક આપઘાતની ઘટના બની છે. વેસુ વિસ્તારમાં આવેલી હેપી એલિગન્સ બિલ્ડિંગમાં પરિવારના ચાર સભ્યએ ઝેરી દવા પી સામૂહિક આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જેમાં પતિ-પત્ની, પુત્રીનાં મોત થયા હતા. જ્યારે એક પુત્રીનો બચાવ થયો હતો.

પોલીસને સ્થળ પરથી સુસાઈડ નોટ પણ મળી આવી હતી. જેમાં વૈભવ રૂંગટા નામના શખ્સ દ્વારા રૂપિયા માટે આપવામાં આવતા ત્રાસનો ઉલ્લેખ કરવામાં આવ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ઘટનાની જાણ થતાં જ ઉચ્ચ અધિકારીઓ સહિત પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. મૃતદેહોના પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

ઘટનાની મળતી વિગતો અનુસાર મૂળ બિહારના વતની મુકુંદ પ્રકાશ ખેંત બે વર્ષથી ઘરેબેઠા શેરબજારનું કામ કરતા હતા. પત્ની તેમ જ આશરે સાત અને પાંચ વર્ષની બે પુત્રી સાથે રહેતા હતા.

ચારેય સભ્યએ ઝેરી દવા પી લીધી હતી, જેમાં પતિ, પત્ની અને એક પુત્રી મૃત્યુ પામી હોવાનું અને એક પુત્રી બચી ગઈ હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું. પોલીસને ત્રણ પાનાની સુસાઈડ નોટ મળી હોવાનું જાણવા મળ્યું છે. અગાઉ સુરતના લાલગેટમાં ૧૦ ફેબ્રુઆરીના રોજ એક જ પરિવારના ત્રણ સભ્યએ સામૂહિક આપઘાત કર્યો હતો.

# પુરુષ

મેલ મેટર્સ


અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com

## ઠીકરું બીજાના માથે ને આપણે અત્તરનું પૂમડું?

સોશ્યલ મીડિયાના આજના આભાસી યુગમાં વિચારોનું પ્રદૂષણ વાસ્તવિક પ્રદૂષણ કરતાં પણ વધુ ઘાતક બની રહ્યું છે. હમણાં ઈન્સ્ટાગ્રામ પર એક રિલ નજરે ચઢી,જેમાં લખ્યું હતું કે ‘ડિપ્રેશન કોઈ કુદરતી બીમારી નથી,પણ તમારી જિંદગીમાં રહેલા ઘટિયા લોકોએ આપેલી ભેટ છે.’

આશ્ચર્યની વાત એ નથી કે કોઈએ આવું લખ્યું,પણ આઘાતની વાત એ છે કે હજારો લોકોએ આ મીડિયોકર વિચારને ‘વાહ-વાહ’ કહીને શેર કર્યો. આ એક રિલ માત્ર નથી, પણ આપણા સમાજમાં ઘર કરી ગયેલી એક માનસિકતાનો પુરાવો છે. આપણે કેટલી આસાનીથી આપણી સ્વભાવગત મર્યાદાઓ,આપણી નબળાઈઓ અને આપણી નિષ્ફળતાઓનું ઠીકરું બીજાના માથે ફોડી દઈએ છીએ. ખાસ કરીને પુરુષોમાં, જેમને ઘણીવાર મજબૂત માનવામાં આવે છે, ત્યાં પણ આ ‘વિક્ટિમ કાર્ડ’ રમવાની વૃત્તિ વકરી રહી છે. આપણે ડિપ્રેશન, એન્ક્ઝાઈટી કે એકલતા માટે તરત જ સામેવાળી વ્યક્તિ કે સંજોગોને જવાબદાર ઠેરવી દઈએ છીએ, પણ શું આપણે ક્યારેય એ વિચાર્યું છે કે આપણી માનસિક અવસ્થાનો રિમોટ કંટ્રોલ બીજાના હાથમાં કેવી રીતે ગયો? સામેની વ્યક્તિ કે સંજોગ તો ગમે તેવા હોઈ શકે, પણ એ સંજોગોથી કેટલા પ્રભાવિત થવું અને પોતાની જાતને કેવી રીતે ઘડવી, શું એ આપણી અંગત જવાબદારી નથી?

જ્યારે આપણે બીજાને ‘ઘટિયા’ કહીએ છીએ,ત્યારે આપણે અજાગૃતપણે એવું માની લઈએ છીએ કે આપણે પોતે તો દૂધે ધોયેલા છીએ. આપણે જાણે ‘અત્તરનું પૂમડું’ હોઈએ તેમ બીજાની ગંદકીની ચર્ચા કરીએ છીએ, પણ શું આપણે ક્યારેય આપણા પોતાના આચરણ, આપણી વાણી કે આપણા નિર્ણયોનું તટસ્થ નિરીક્ષણ કર્યું છે ખરું ? શું આપણે ક્યારેય કોઈને દુઃખી નહીં કર્યા હોય? શું આપણા અહંકાર કે આપણી જિદને કારણે કોઈની જિંદગીમાં આપણે ‘ઘટિયા’ પાત્ર નહીં બન્યા હોઈએ?સત્ય તો એ છે કે આપણે બીજામાં રહેલી ખરાબીઓ શોધવામાં એટલા વ્યસ્ત છીએ કે આપણી અંદર રહેલા અંધકારને જોવાની ફુરસદ જ આપણને નથી. શાસ્ત્રોમાં કદાચ ‘મીડિયોકર’ એટલે કે મધ્યમ શ્રેણીના લોકો તેમને જ કહ્યા હશે, જે પોતાની ભૂલો સ્વીકારવાને બદલે બીજા પર દોષારોપણ કરીને છટકી જવાનો માર્ગ શોધતા હોય છે. આત્માના ઊંડાણમાં ઊતરવા માટે આત્મમંથનની જરૂર છે, પણ એની ય પહેલા જે અનિવાર્ય છે તે છે ‘આત્મનિરીક્ષણ’ અથવા ‘સેલ્ફ-અસેસમેન્ટ’. આપણે આત્મનિરીક્ષણની બાબતમાં અત્યંત નબળા સાબિત થયા છીએ.




પોતાની પીડા કે હારને બીજા પર ઢોળી દેવી એ બહુ આસાન રસ્તો છે,કારણ કે એમાં આપણે કશું જ કરવાનું રહેતું નથી. જો હું એમ કહી દઉં કે ‘મારું ડિપ્રેશન પેલા માણસને કારણે છે’, તો મેં મારી જાતને એમાંથી બહાર આવવાની જવાબદારીમાંથી મુક્ત કરી દીધી. પણ જો હું એમ કહું કે ‘હું દુઃખી છું કારણ કે મેં સામેવાળાની વાતને મારા પર હાવી થવા દીધી’, તો ત્યાંથી પરિવર્તનની શરૂઆત થાય છે. પુરુષ તરીકે,જે રીતે આપણને સંઘર્ષો વચ્ચે અડગ રહેવાનું શીખવવામાં આવે છે,ત્યાં આ રીતે બીજાના ઓશિયાળા બનીને જીવવું એ કાયરતા છે. જિંદગીમાં જ્યારે પણ કંઈક ખરાબ થાય ત્યારે આંગળી બીજા તરફ ચીંધાય એ પહેલાં હથેળી પોતાની તરફ ફેરવવાની જરૂર છે. શું આપણે એટલા નબળા છીએ કે કોઈના શબ્દો કે કોઈના વ્યવહાર આપણી માનસિક શાંતિને ક્ષણભરમાં છિન્નભિન્ન કરી નાખે?આત્મનિરીક્ષણ આપણને શીખવે છે કે દુનિયા તો એવી જ રહેવાની,લોકો પણ બદલાવાના નથી,બદલાવ માત્ર આપણી અંદર આવી શકે છે.

આજે સોશ્યલ મીડિયા પર જે પ્રકારનું કન્ટેન્ટ વાઈરલ થાય છે,તે આપણને સતત એમ કહે છે કે ‘તમે તો સાચા જ છો,દુનિયા જ ખરાબ છે.’ આ માનસિકતા આપણને કાયમી બિચારા બનાવી દે છે. જિંદગીમાં સફળતા કે નિષ્ફળતા એ સંજોગોનું પરિણામ હોઈ શકે, પણ આપણી માનસિક સ્થિતિ એ તો આપણા ઘડતરનું પરિણામ છે. જો આપણે આપણી જાતને મજબૂત રીતે ઘડી હોય,જો આપણે આપણા સ્વભાવની મર્યાદાઓને ઓળખી લીધી હોય,તો કોઈ પણ ‘ઘટિયા’ વ્યક્તિ આપણને ડિપ્રેશનની ભેટ આપી શકતી નથી. પીડા ત્યારે જ થાય છે જ્યારે આપણે અંદરથી પોલા હોઈએ છીએ. આપણે આપણા નિર્ણયોની જવાબદારી લેતા શીખવું પડશે. જો સંબંધોમાં ખટાશ આવી હોય,જો ધંધામાં નુકસાન થયું હોય કે જો માનસિક શાંતિ હણાઈ હોય, તો એમાં ક્યાંક ને ક્યાંક આપણો પણ ફાળો હોય જ છે. આ સત્યને સ્વીકારવા માટે જિગર જોઈએ,અને જે પુરુષ આ સત્ય સ્વીકારી શકે છે, તે જ ખરા અર્થમાં ‘આત્મનિરીક્ષણ’ કરી શકે છે.

ટૂંકમાં, આપણે સૌએ એટલું જ સમજવાની જરૂર છે કે બીજા પર ઠીકરાં ફોડવાનું બંધ કરીને જે દિવસે આપણે અરીસા સામે ઊભા રહીને આપણી પોતાની ખરાબીઓ સાથે આંખ મિલાવીશું,તે દિવસથી સાચા અર્થમાં આપણો વિકાસ શરૂ થશે. આપણે કોઈ અત્તરનું પૂમડું નથી કે જેની સુગંધ કાયમી રહે,આપણે માણસ છીએ અને આપણી અંદર પણ એટલી જ ખામીઓ છે જેટલી આપણે બીજામાં શોધીએ છીએ. ‘મીડિયોકર’ રહેવું કે પછી આત્મનિરીક્ષણ દ્વારા ઉપર ઊઠવું, એ ચૂંટણી આપણી પોતાની છે. જિંદગી આપણી છે,તો એની તકલીફોની જવાબદારી પણ આપણી જ હોવી જોઈએ. જે દિવસે આપણે આપણી નિષ્ફળતાના માલિક બનીશું,તે જ દિવસે આપણે આપણી સફળતાના પણ હકદાર બનીશું. બીજાને દોષ દઈને છટકવાને બદલે પોતાની અંદર ડોકિયું કરવું એ જ શ્રેષ્ઠ આત્મમંથન છે. અને તો જ આપણે બીજાઓથી જુદા તરી પણ આવીશું, નહીંતર આપણે પણ કરોડો લોકોમાંના એક બની જઈશું, જે કોઈ દેશ માટે અથવા સમાજ માટે કોઈ વ્યક્તિ નથી, પરંતુ માત્ર એક માથું છે અથવા કોઈ એક આંકડો છે. ■




કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

## જ્ઞાતિ બહાર લગ્નનો વિરોધ કેમ?

*ડિયર હની,*

જ્ઞાતિ બહાર લગ્ન....

દરેક ઘરમાં ચર્ચાતો આ પ્રશ્ન પેચીદો બનતો જાય છે. એમાં આશ્ચર્ય એ રહે છે કે, ઘરનાં મહિલા સભ્યો આવી વાતને લઈને વિરોધ વધુ કરતાં હોય છે. ખબર નહિ, પણ જ્ઞાતિ બહાર લગ્ન હજુ ય ચર્ચાનો વિષય રહે છે. ‘જાતપાતનાં બંધન તૂટવા જોઈએ..’ એવું આપણે કહીએ છીએ જરૂર પણ દીકરા કે દીકરીના લગ્ન કરવાની વાત આવે ત્યારે જ્ઞાતિમાં જ લગ્ન થાય એવો આગ્રહ પણ રાખીએ છીએ. આંતરજ્ઞાતીય લગ્નો હજુ ય તુરંત સ્વીકારાતાં નથી. રાજકારણ હોય કે અંગત જીવન, બધે જ્ઞાતિવાદનાં મૂળિયાં બહુ મજબૂત છે.

તારી સાથે આ વિશે અનેકવાર ચર્ચા થઇ છે , પણ મને કોઈ દલીલ ગળે ઊતરી નથી કે, મહિલાઓ આ મુદ્દે વધુ વિરોધ કેમ કરે છે?

કદાચ આવાં કોઈ કારણો હોય શકે. ઘરની મહિલાઓ મોટાભાગે સામાજિક પ્રસંગો, ગેટ-ટુ ગેધર અને પડોશીઓ સાથે વધુ જોડાયેલી હોય છે. તેમને ડર હોય છે કે જો સંતાન બીજી જ્ઞાતિમાં પરણશે, તો સમાજમાં તેમની ટીકા થશે અથવા તેમને જ્ઞાતિ બહાર કરી દેવામાં આવશે. આ સામાજિક દબાણ તેમને વિરોધ કરવા મજબૂર કરે છે. આ ઉપરાંત, પરિવારમાં ધાર્મિક વિધિઓ, રસોઈની પદ્ધતિ અને તહેવારો ઉજવવાની જવાબદારી સામાન્ય રીતે મહિલાઓ સંભાળતી હોય છે. તેમને લાગે છે કે જો બીજી જ્ઞાતિની વહુ કે જમાઈ આવશે, તો તેમના વર્ષો જૂના રિવાજો બદલાઈ જશે અથવા સંસ્કારો જળવાશે નહીં. ખાસ કરીને માતાઓને એવો ડર લાગે છે કે જો દીકરો બીજી જ્ઞાતિની છોકરી લાવશે તો તે તેના સંસ્કારો અને રહેણીકરણી અલગ હોવાને કારણે પરિવારથી અલગ થઈ જશે. આવો દીકરો ‘ખોઈ દેવાનો ડર’ વિરોધના સ્વરૂપમાં બહાર આવે છે. ઘણી મહિલા પોતે પણ ખૂબ જ ચુસ્ત સામાજિક મર્યાદાઓમાં મોટી થઈ હોય છે. તેમણે આજીવન જ્ઞાતિના નિયમો પાળ્યા હોય છે એટલે જ્યારે તેમના સંતાનો આ નિયમ તોડે છે ત્યારે તેમને તે સ્વીકારવું મુશ્કેલ લાગે છે.

જો કે, ભણેલા-ગણેલા પરિવારોમાં હવે જ્ઞાતિ કરતાં પાત્રના ગુણોને વધુ મહત્ત્વ અપાઈ રહ્યું છે. સંતાનોએ પણ સમજવું પડે કે, આ મુદ્દે ધીરજપૂર્વક માતા-પિતાને સમજાવવા પડે અને સામેની વ્યક્તિની યોગ્યતા સાબિત કરે તો ધીમે-ધીમે વિરોધ ઓછો થાય છે. એ વાત તો સાચી જ છે કે જ્ઞાતિની વાડાબંધી ન તૂટવા પાછળનાં કારણો માત્ર સામાજિક નથી, પણ તે ઊંડા મનોવૈજ્ઞાનિક, આર્થિક અને રાજકીય મૂળિયાં ધરાવે છે. આપણે ગમે તેટલા આધુનિક થઈએ, પણ અમુક પરિબળો આ દીવાલને મજબૂત રાખે છે, અને આમેય માણસ સ્વભાવગત રીતે એવા જૂથમાં રહેવાનું પસંદ કરે છે જ્યાં તેને ઓળખ મળે. જ્ઞાતિ એક એવું ‘કમ્ફર્ટ ઝોન’ પૂરું પાડે છે જ્યાં વ્યક્તિને લાગે છે કે મુશ્કેલીના સમયે તેના પોતાના લોકો (જ્ઞાતિ ભાઈઓ) તેની મદદે આવશે. આવી સુરક્ષાની ભાવના વાડાબંધીને જીવંત રાખે છે. ઉપરાંત ભારતીય સમાજમાં લગ્ન એ બે વ્યક્તિ વચ્ચેનો નહીં, પણ બે પરિવારો વચ્ચેનો સંબંધ ગણાય છે એટલે ‘લોહીની શુદ્ધતા’ જાળવવા અને પોતાના જેવા જ રિવાજો ધરાવતા પરિવારમાં દીકરી-દીકરાને પરણાવવાનો આગ્રહ જ્ઞાતિના વાડાને સૌથી વધુ મજબૂત બનાવે છે. ઘરના વડીલો આ વાતે સૌથી વધુ મક્કમ હોય છે.

કેટલાક કિસ્સાઓમાંથી ધડો લેવો જોઈએ, જેમ કે, સુધા મૂર્તિ એક રૂઢિચુસ્ત બ્રાહ્મણ પરિવારમાંથી આવતાં હતાં. તેમના પિતા ડોક્ટર હતા અને પરિવારમાં શિક્ષણનું ખૂબ મહત્વ હતું. બીજી તરફ, નારાયણ મૂર્તિ પણ બ્રાહ્મણ હતા, પરંતુ તેમની આર્થિક સ્થિતિ ખૂબ નબળી હતી અને એ તે સમયે બેરોજગાર જેવી સ્થિતિમાં હતા. જ્યારે સુધા મૂર્તિએ તેમના પિતાને લગ્ન વિશે વાત કરી, ત્યારે તેમના પિતાએ નારાયણ મૂર્તિને જોતા જ નકારી દીધા હતા. કારણ જ્ઞાતિ નહોતું, પણ સામાજિક સ્તરનું હતું.

તેમના પિતાને લાગતું હતું કે એક તેજસ્વી એન્જિનિયર પુત્રી આવા ‘ગરીબ છોકરા’ સાથે કેવી રીતે સુખી થશે? સુધા મૂર્તિએ મક્કમ રહીને પરિવારને સમજાવ્યો. તેમણે જ્ઞાતિ કે સંપત્તિને બદલે વિચારો અને મહેનત પર ભરોસો મૂક્યો. આજે આ જોડી સમગ્ર વિશ્વ માટે આદર્શ છે.

ઘણીવાર મોટા બિઝનેસ પરિવારોમાં પણ જ્ઞાતિ બહાર લગ્ન થાય ત્યારે વિવાદ થાય છે. તાજેતરમાં અંબાણી કે અદાણી જેવા મોટા પરિવારોમાં પણ જોવામાં આવ્યું છે કે હવે એ પણ જ્ઞાતિ (Caste) કરતાં સમાન સામાજિક સ્તરને વધુ મહત્ત્વ આપે છે.

આજે જ્ઞાતિની વાડાબંધી ગરીબ કે મધ્યમ વર્ગમાં વધુ ચુસ્ત છે. મોટા ઉદ્યોગપતિઓ કે સેલિબ્રિટીઝમાં હવે જ્ઞાતિ ગૌણ બની ગઈ છે. ત્યાં પૈસો અને પાવર એ નવી જ્ઞાતિ બની ગઈ છે.

તને જે મહિલાઓના વિરોધની વાત કરી હતી, તેવા કિસ્સાઓ આપણે આપણી આસપાસના ‘ઓનર કિલિંગ’ ના કિસ્સાઓમાં જોઈએ છીએ. હરિયાણા કે ઉત્તર પ્રદેશમાં ખાપ પંચાયતો દ્વારા લેવાતા નિર્ણયો આ વાડાબંધીનું સૌથી ક્રૂર સ્વરૂપ છે, જ્યાં મા-બાપ જ પોતાના સંતાનોના દુશ્મન બની જાય છે.

ખબર નહિ આ વાડાબંધી ક્યારે તૂટશે?

*તારો બન્ની*

સંધ્યા છાયા

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી


## ના, આ રીતે તો ભરોસો ન જ રખાય...

આ કળિયુગમાં કોઈનો ભરોસો ન કરાય. કોઈની પર ભરોસો કરતા પહેલા સો વાર વિચાર કરવો જોઈએ. ઘણીવાર આપણે વિચારતા હોઈએ છીએ કે સગાં-વહાલાં, જાણીતા-ઓળખીતાનો ભરોસો કરી શકાય અને આપણે કરીએ પણ છીએ - પરિણામમાં ઘણીવાર પસ્તાવું પડે છે. આપણે ત્યાં એક કહેવત છે ‘પેટનો અને પિયરનો ભરોસો ન કરાય’ પેટ એટલે પોતાનાં સંતાનો. પિયર એટલે ભાઈ-બહેન. મુશ્કેલીમાં અટવાયેલી બહેનની સંપત્તિ ભાઈ હડપ કરી જાય તેવા કેસ તો કેટલાંયે બને છે. હિન્દી ફિલ્મોમાં પણ એવું બતાવવામાં આવે છે કે મામા ભાણેજની મિલકત પર કબજો કરી લે અને સંતાનો? દીકરો કે દીકરી માતા-પિતાની મિલકત પચાવી પાડે ને પછી તેમને ધક્કો મારી દે એવા બનાવ તો બનતા જ રહે છે. વૃદ્ધ ઉંમરે તમારી પાસે તમારી મૂડી હોય તેમાંથી જ જીવનનિર્વાહ કરવાનો હોય. તમે એ મૂડી પર વ્યાજ મળે એ આશયથી કોઈ પરિચિતને આપો અને મૂડી ખવાઈ જાય તેવું પણ બને. તેથી વૃદ્ધાવસ્થામાં પોતાના નિર્વાહ માટે રાખેલી રકમ પોસ્ટઑફિસમાં કે બેન્કમાં જ રાખવી હિતાવહ છે. ભલે વધારે વ્યાજની લાલચમાં ક્યાંય મૂડી જ ચવાઈ જાય.

ભરોસાની વાત કરું છું ત્યારે યાદ આવે છે સોશ્યલ મીડિયા પર વાંચેલી એક વાર્તા. ઘણાં વખત પહેલાં વાંચેલ આ વાર્તા યાદ આવી. તેને હું મારા શબ્દોમાં રજૂ કરી શકી, કારણ કે મને વાર્તાનો સાર યાદ છે.

ઘણાં વર્ષો પછી શરદ, વિક્રમ અને શીલા ત્રણેય ભાઈ-બહેન પોતાના ગામમાં આવ્યા. ત્રણેય દુબઈમાં સ્થાયી થયા હતા અને ઘણું કમાતા હતા. ગામમાં મા એકલી રહેતી હતી. ગરીબ માતાએ પોતાના પતિના મૃત્યુ બાદ પેટે પાટા બાંધીને ત્રણેય સંતાનને ઉછેર્યા-ભણાવ્યા-પરણાવ્યાં હતા. એ લોકોનું ગામમાં એક નાનકડું પણ પાક્કું મકાન હતું. મા તેમાં રહેતી હતી. મા અભણ અને ભોળી હતી. બધાં તેને ભગવાનનું માણસ કહેતા. ત્રણેય ભાઈ- બહેનને તક મળતા વારાફરતી દુબઈ સેટલ થઈ ગયા. મોટોભાઈ પહેલા ગયો પછી નાના ભાઈ અને બહેનના પરિવારને તેડાવી લીધાં. બધાં ભણેલા હોવાથી સારી નોકરી હતી. ત્રણેય સંતાન જાણતાં હતાં કે માએ કેટલો સંઘર્ષ કરીને, પારકા કામ કરીને તેમને ભણાવ્યા છે. બધાંને મા પર બહુ હેત. તેથી બે પાંદડે થતાં સૌ માને પૈસા મોકલવા લાગ્યા હતા. જ્યારે ત્રણેય સંતાન ગામમાં આવ્યા ત્યારે તેમના મનમાં હતું કે માએ તો પૈસા બચાવીને સારું મકાન બનાવી લીધું હશે. માની તબિયત સારી થઈ ગઈ હશે. સરસ મજાનાં વસ્ત્રો પહેરતી હશે. આવી બધી કલ્પના કરતા ત્રણેય ભાઈ- બહેન ગામમાં પહોંચ્યાં. માને મળવાની, માના પાલવમાં છુપાઈ જવા માટે ત્રણેય તરસતા હતા. ગામમાં જ્યાં તેમનું ઘર હતું ત્યાં ગયા તો નવાઈ પામી ગયા. ત્યાં તેમનું મકાન હતું જ નહીં. ત્રણેય ભાઈબહેન તો ડરી ગયા. મા ક્યાં ગઈ? થોડે દૂર રહેતા પડોશીને પૂછ્યું તો તેમણે આંગળી ચીંધીને થોડે દૂર એક ઝૂંપડું બતાવ્યું અને કહ્યું, ‘તમારી મા ત્યાં રહે છે. ત્રણેય ભાઈ- બહેન હાંફળાફાંફળા ઝૂંપડા પાસે પહોંચ્યા. ઝૂંપડીનો વાંસનો દરવાજો ઠેલીને અંદર ગયા તો જે દૃશ્ય જોયું તે જોઈને ત્રણેય ભાઈ-બહેનની આંખમાં આંસુ આવી ગયા. એક તૂટેલ ફૂટેલ ખાટલા પર ફાટેલી ગોદડી પર મા સૂતી સૂતી ખાંસતી હતી. તેનું શરીર સાવ લેવાઈ ગયું હતું. જાણે માત્ર હાડકાનું માળખું જ .... તેના સાડલામાં મોટા મોટા કાણા હતા. કેટલાયે દિવસથી કાંઈ ખાધું નહીં હોય તેવું લાગતું હતું. મોટા દીકરાએ બૂમ મારી, ‘મા’ માના ગળામાંથી માંડ અવાજ નીકળતો હતો. પૂછ્યું ‘કોણ?’

‘મા, જો અમે આવ્યા છીએ તારા ત્રણેય સંતાન.’




ત્રણેય ભાઈ- બહેને માને ટેકો આપીને ખાટલામાં બેઠી કરી. ત્રણેય માને ભેટી ભેટીને રડ્યાં . માને તો બોલવાની તાકાત ન હતી. એટલી બધી નબળાઈ હતી અને એટલી બઘવાઈ ગઈ હતી કે તેને કાંઈ ખબર જ ન પડી કે કોણ આવ્યું છે અને આ બધું શું છે? એટલે સૌથી પહેલા તેનાં સંતાનોએ તેને હોસ્પિટલમાં દાખલ કરીને ઈલાજ શરૂ કરાવ્યો. માને સારી રીતે જમાડી. મા માટે દૂધ અને ફ્રૂટની વ્યવસ્થા કરી. પછી ગામના લોકોને ભેગાં કરીને પૂછ્યું કે મારી માની હાલત આવી કેવી રીતે થઈ? તો ગામના લોકોએ કહ્યું, ‘તમે તો પરદેશ જઈ માને ભૂલી ગયા, મા બિચારી કેટલા ઢસરડા કરે?’ ત્રણેય ભાઈ-બહેન તો વિચારમાં પડ્યા આમ કેમ થયું? માના એકાઉન્ટમાં દર મહિને હજારો રૂપિયા જમા કરતા હતા , પણ મા ભણેલી ન હોવાથી માનો પૈસાનો અને બેન્કનો વ્યવહાર તેમના મામા સંભાળતા હતા. ત્રણેય તેના મામાને ઘરે પહોંચ્યા. મામાનું નાનું મકાન મોટું અને નવું થઈ ગયું હતું. કમ્પાઉન્ડમાં નવી કાર પાર્ક કરેલી હતી. મામા હિંડોળા ખાટે હિંચકાતા હતા. ત્રણેય ભાણેજને અચાનક આવેલા જોઈને મામા ડરી ગયા. માના અજ્ઞાનનો લાભ મામાએ લીધો. મા તો ફોન પણ વાપરતી ન હતી. તેથી તેના સંતાન મામા સાથે જ વાત કરતા. મામા દર વખતે કહેતા તારી મા મજામાં છે ને દર્શન કરવા ગઈ છે. મામાએ બહુ મોટો વિશ્વાસઘાત કર્યો હતો...

મોરલ ઑફ ધ સ્ટોર - આ વાત કથા પરથી બોધપાઠ એ જ લેવાનો રહ્યો કે માતા-પિતાને કોઈના ભરોસે રાખશો નહીં અને રાખ્યા હોય તો સમયે સમયે તેમની સાથે ફોન પર વાત કરો અને વર્ષમાં એક-બે વાર માતા-પિતાની મુલાકાત અચૂક લો. ફક્ત પૈસા મોકલી દેવા પૂરતા નથી. એ પૈસાનો ઉપયોગ બરાબર થાય છે કે નહીં તે જાણવું પણ જરૂરી છે. પોતાના જન્મદાતાઓની આવી દેખરેખ રાખે તો જ જ કહરેઓ સંતાન ધર્મ બજાવ્યો ગણાશે. ■

દર સપ્તાહે વાંચો
વિશેષ વાંચન સામગ્રી
ધર્મતેજ
તન-મન-ધનથી રહો તરોતાજા
ઈન્ટરવલ
લાડકી
પુરુષ
મેટિની
વીક એન્ડ
ઉત્સવ
દરરોજ કંઈક નવું-
દરરોજ કશું અનોખું!

# લાડકી

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

## મીડિયામાં હું વિદ્રોહી ને ઝનૂની વ્યક્તિ તરીકે ‘જાણીતી’ થઈ ચૂકી હતી

(ભાગ: ૩)

નામ: એન્જેલિના જોલી
સમય: ૨૦૨૬
સ્થળ: લોસ ફેલિઝ, લોસ એન્જલિસ, કેલિફોર્નિયા
ઉંમર: ૫૦ વર્ષ

**સામાન્ય** રીતે આપણે જે ધારીએ છીએ એવું કશું જ જિંદગીમાં થતું નથી... બલ્કે, નહીં ધારેલું બધું થાય છે. જોકે, એવું ન થતું હોત તો જિંદગી આટલી ઈન્ટ્રેસ્ટિંગ જ ન હોત. બધું આપણે માગીએ અને ધારીએ તે મળ્યા જ કરે એવી જિંદગી તો કંટાળાજનક થઈ જાય... મારી જિંદગી સતત ઉતાર-ચઢાવથી ભરેલી અને રસપ્રદ રહી છે. સંજોગો સામે હારવાને બદલે મેં હંમેશાં પરિસ્થિતિ સાથે દોસ્તી કરી છે. સાગર ઉપર સર્ફિંગ કરતા કોઈ ખેવૈયાની જેમ હું લહેરોની ઉપરથી પસાર થતી રહી છું. ક્યારેક લહેરોએ મને પછાડી છે, તો ક્યારેક મેં એ લહેરો પર સવારી કરી છે, પરંતુ આગળ વધતી રહી છું, એટલું નક્કી.

૧૯૯૭થી મારી કારકિર્દીએ એક અલગ જ વળાંક લીધો. જ્યોર્જ વોલેસ નામની ફિલ્મમાં કાર્નિલિયા વોલેસનો રોલ મને ફળ્યો. એમાં મને ગોલ્ડ ગ્લોબ પુરસ્કાર મળ્યો. એ પછી તરત જ ૧૯૯૮માં સુપર મોડલ જિયા કારંગીની બાયોગ્રાફિકલ ફિલ્મ ‘જિયા’માં એક્સ અને ડ્રગ્સની દુનિયા, કેરિયરનો વિનાશ અને એઈડ્સથી થયેલા મૃત્યુની જે કથા અમે રજૂ કરી એનાથી લોકોએ મને ખૂબ સ્નેહ અને સરાહના આપ્યા. સાચું કહું તો એ દિવસોમાં હું સાવ એકલી રહેતી, અંધારા ઓરડામાં પડી રહેતી... ડ્રગ્સ લેતી નહીં, પરંતુ એક-બે વાર ડ્રગ્સ લઈને અખતરો પણ કરી જ જોયો. જોકે, મારે ડ્રગ્સના અનુભવ માટે નવેસરથી કશું કરવાનું નહોતું. ટીનએજના સમયમાં હું જે પ્રકારના નશા અને ડ્રગ્સની બંધાણી હતી, એ વખતે થયેલા અનુભવો મને ચોક્કસ કામ આવ્યા... એ ફિલ્મમાં કામ કરતી વખતનો મારો અનુભવ એટલો ડિપ્રેસિંગ રહ્યો કે ફિલ્મ પૂરી થતાં થતાં સુધીમાં મેં થોડો સમય માટે અભિનય બંધ કરી દીધો. મને લાગ્યું કે હું પાગલ થઈ જઈશ અથવા માનસિક રોગોની હોસ્પિટલમાં દાખલ થવું પડશે. એ વખતે મારા લગ્ન જ્હોની લી મિલર સાથે થયાં હતાં.

૧૯૯૬માં અમે લગ્ન કર્યાં, પરંતુ ૧૯૯૫માં ફિલ્મ ‘હેકર્સ’ના સેટ પર અમારી મુલાકાત થઈ હતી, ત્યારે હું ૧૯-૨૦ વર્ષની હતી. મારા પહેલા બોયફ્રેન્ડ સાથે બ્રેકઅપ થઈ ચૂક્યું હતું અને હું જિંદગીમાં સેટલ થવાનો પ્રયત્ન કરી રહી હતી. મારી ફિલ્મોએ મને થોડી-ઘણી પ્રસિદ્ધિ આપી હતી, પરંતુ હજી મારે ઘણું કરવાનું બાકી હતું. એવાં સમયમાં જ્હોની સાથેની દોસ્તી પ્રેમમાં બદલાઈ ગઈ. એણે પ્રપોઝ કર્યું અને મેં તરત જ લગ્ન કરવાની હા પાડી. લગ્ન કરતી વખતે મેં વ્હાઈટ ગાઉન ન પહેર્યો બલકે કાળું પેન્ટ અને શર્ટ પહેર્યું હતું. મારા શર્ટ ઉપર મેં મારા લોહીથી જ્હોનીનું નામ લખ્યું હતું.

મીડિયાએ આ વાતની ખૂબ ચર્ચા કરી અને અમારા સંબંધોને ઉછાળ્યા. એ વખતે એવો આક્ષેપ કરવામાં આવ્યો કે અમારા લગ્નનું કારણ સ્વાર્થ અને પબ્લિસિટી છે... જોકે, મેં ક્યારેય આવી કોઈ વાતને ગંભીરતાથી લીધી નથી. જ્હોની પણ મારા જેવો જ નોખા પ્રકારનો વ્યક્તિ છે, એટલે એણે પણ એ વાતને હસી કાઢી. અમારા લગ્ન બે વર્ષ તો ખૂબ સારી રીતે ચાલ્યા, પરંતુ ૧૯૯૮ની શરૂઆતમાં જ્યારે હું ફિલ્મ ‘જિયા’ કરી રહી હતી ત્યારે જ્હોનીને લાગ્યું કે હું કોઈ કારણ વગર એ ફિલ્મને ગંભીરતાથી લઉં છું. મારું ડિપ્રેશન વધી રહ્યું હતું, ત્યારે મને લાગ્યું કે જ્હોની મને સમજવાને બદલે મારે માટે સમસ્યાઓ ઊભી કરી રહ્યો છે.

પહેલાં અમે અલગ રહેવાનું શરૂ કર્યું. હું ન્યૂયોર્ક શિફ્ટ થઈ ગઈ અને મેં યુનિવર્સિટી ઓફ ન્યૂયોર્કમાં ફિલ્મ પ્રોડક્શનનો કોર્સ જોઈન કરી લીધો. સાથે સાથે મેં ફિલ્મ રાઈટિંગનો કોર્સ પણ લીધો. મારી બાકીની ફિલ્મોનું કામ, શૂટિંગ-ડબિંગની સાથે સાથે આ શિક્ષણમાં મારો એટલો સમય જવા લાગ્યો કે હું જ્હોનીને સમય આપી શકતી નહીં. ૧૯૯૮ અને ૯૯ના વર્ષમાં મેં ચાર ફિલ્મો કરી. બેક-ટુ-બેક શૂટિંગને કારણે પણ અમે એકબીજાથી દૂર થતાં ગયાં. અંતે ૧૯૯૯માં અમે છૂટા પડવાનું નક્કી કર્યું.



એન્જેલિના જોલી

અમે દોસ્તો તરીકે છૂટા પડ્યાં. કોઈપણ પ્રકારની કડવાશ વગર, અમે ખૂબ નિરાંતે એકબીજાને ‘ગુડબાય’ કહ્યું. જોકે, મીડિયાએ ત્યારે પણ અમારા છૂટાછેડાને ‘અરેન્જમેન્ટ પૂરી થઈ’ કહીને વગોવ્યા.

૧૯૯૯ પછી હું બિલી બોબ થોર્નટર્નને મળી. એ મારાથી ૨૦ વર્ષ મોટા હતા. ૧૯૯૯માં જ્યારે હું હજી કારકિર્દીમાં મારા પગ જમાવવાનો પ્રયાસ કરી રહી હતી ત્યારે એ ઓસ્કાર મેળવીને પોતાને અભિનેતા તરીકે પ્રસ્થાપિત કરી ચૂક્યા હતા. એ એક જુદા જ પ્રકારના અભિનેતા હતા. હું એમના ઈન્ટરવ્યૂ જોતી ત્યારે મને લાગતું કે એમના વ્યક્તિત્વમાં કશુંક આકર્ષક છે. કેરિયરની શરૂઆત એમણે લેખક અને અભિનેતા તરીકે કરી હતી. ખાસ્સાં વર્ષોની સ્ટ્રગલ પછી ૧૯૯૬માં એમની ફિલ્મ ‘સ્લીંગ બ્લેડ’ રજૂ થઈ. એમને ઓસ્કાર મળ્યો અને એ સર્વશ્રેષ્ઠ અભિનેતા તરીકે નોમિનેટ થયા. એ પછી એમણે ટીવી સિરીઝ અને સિનેમામાં અભિનય કર્યો. મારાથી ૨૦ વર્ષ મોટા બોબ થોર્નટર્ન મને મળ્યા પહેલા ચાર લગ્ન કરી ચૂક્યા હતા. એમની પહેલી પત્ની મેનિષા લી ગેટલિન હતી. એનાથી એમને એક દીકરી પણ છે. બીજી પત્ની ટોની લોરેન્સ, ત્રીજી સિન્ડા વિલિયમ્સ જેની સાથે તો થોડા અઠવાડિયામાં જ લગ્ન ખતમ થઈ ગયા. એ પછી પેટ્રીયા ડોન સાથે લગ્ન કર્યાં. એ એમના સૌથી લાંબા ચાલેલા લગ્ન છે. દરમિયાનમાં એમને બે દીકરા થયા, પરંતુ બંને જણાએ એકબીજા સામે કડવા અને ભયાનક આરોપો કરીને છૂટા પડવાનું નક્કી કર્યું. ૧૯૯૭થી ૨૦૦૦ સુધી એ સિંગલ હતા, પરંતુ એમના જાત-ભાતના રોમાંસની ચર્ચાઓ ચાલતી રહી. ૨૦૦૦માં જ્યારે થોર્નટર્ન ૪૫ વર્ષના હતા ત્યારે હું ૨૫ વર્ષની હતી, ત્યારે અમે લગ્ન કરી લીધાં. આ લગ્નનો નિર્ણય કેટલો સાચો હતો એ મને આજે પણ નથી સમજાતું, પરંતુ હોલિવૂડના સૌથી ઈન્ટેન્સ અને ઝનૂની સંબંધોમાંનો એક અમારો સંબંધ હતો. અમે બંને પોતપોતાની અસ્થિરતામાંથી પસાર થઈ રહ્યાં હતાં.

મીડિયામાં હું વિદ્રોહી અને ઝનૂની વ્યક્તિ તરીકે પ્રસ્થાપિત થઈ ચૂકી હતી. જ્યારે એ પણ સ્વભાવથી એક વિચિત્ર વ્યક્તિ તરીકે ઓળખાતા. એમના ઈન્ટરવ્યૂઝમાં એ એવા જવાબ આપતા, જેનાથી ક્યારેક ઈન્ટરવ્યૂ લેનાર વ્યક્તિ ઓફેન્ડ થઈ જતા. એ શાંત અને એકલવાયુ જીવન પસંદ કરવા લાગ્યા હતા. પોતાના જીવનમાં સ્થિરતા ઈચ્છતા હતા અને હું ૨૫ વર્ષની ઉંમરે પણ મારા જીવનના પુરુષમાં મારા પિતાને શોધી રહી હતી. એવા સમયે અમારો રોમાંસ મીડિયામાં ચગ્યો. એ સમયે અમે એકબીજાના રક્તની શીશીઓ ગળામાં પહેરતાં. એવું પુરવાર કરવાનો પ્રયત્ન કરતાં હતાં કે અમે એકબીજાના જીવનનો જ નહીં બલ્કે શરીરનો પણ હિસ્સો છીએ. જોકે, હવે વિચારું છું ત્યારે એવું સમજાય છે કે આ બધું અર્થ વગરનું છે. આનો ખાસ મતલબ નહોતો, પરંતુ ત્યારે ઈશ્કના ઝનૂનમાં કદાચ જ્હોની સાથેના લગ્ન સમયે શર્ટ પર લોહીથી નામ લખવું કે બિલીના રક્તની શીશી પહેરવી એ ખૂબ રસપ્રદ અને દુનિયા સામે કશુંક સાબિત કરવાની અર્થવિહીન મૂર્ખતા હતી.

આવા ઝનૂની સંબંધો લાંબા ટકતા નથી. બિલી સાથેનો સંબંધ પણ ત્રણ જ વર્ષમાં પૂરો થઈ ગયો. અમે ૨૦૦૩માં છૂટાછેડા લીધા. અમારા છૂટાછેડા પછીના ઈન્ટરવ્યૂમાં એમણે કહ્યું કે, જોલી પ્રસિદ્ધિની ભૂખી છે. હું એની આટલી બધી પબ્લિસિટી, આંતરરાષ્ટ્રીય પ્રસિદ્ધિની ભૂખ અને એની જીવનશૈલી સાથે મારી જાતને ગોઠવી શકતો નથી. જોલી જે તરફ જઈ રહી છે એ દિશામાં હું એની સાથે બહુ લાંબો સમય નહીં રહી શકું. માટે અત્યારે જ છૂટા પડી જવું યોગ્ય હતું. બિલીએ એવું પણ સ્વીકાર્યું કે એ મને પ્રેમ કરતા હતા ને હું આજે પણ વિચારું તો મને લાગે છે કે હું પણ બિલીને પ્રેમ કરતી રહી. મને એમના માટે અત્યંત સન્માન હતું, જે કદી ઘટ્યું નહીં.

૨૦૦૩માં અમે જ્યારે છૂટા પડ્યા ત્યારે હું મારી કારકિર્દીના પગથિયાં સડસડાટ ચઢી રહી હતી. ‘ટોમ્બ રેડર’ ફિલ્મને કારણે મને ખૂબ પ્રસિદ્ધિ મળી અને એક્શન સ્ટાર તરીકે હું એક જુદાં જ સ્લોટમાં એસ્ટાબ્લિશ થઈ ગઈ. કોઈએ ધાર્યું નહોતું, પરંતુ એ ફિલ્મને ૨૭૫ મિલિયનનો પ્રોફિટ થયો. એક પછી એક એક્શન ફિલ્મોએ મારી કારકિર્દી બદલી નાખી. લોરા ક્રોફ્ટના રોલમાં લોકોએ મને સ્વીકારી લીધી. ૨૦૦૨માં ‘લાઈફ ઓફ સમથિંગ લાઈક ઈટ’ ફિલ્મે પણ ખૂબ મોટો પ્રોફિટ કર્યો. એ જ વખતે મેં ‘મિસ્ટર એન્ડ મિસિસ સ્મિથ’ સાઈન કરી. હું એ વખતે બ્રાડ પીટને પહેલી વાર મળી... (ક્રમશઃ)■

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@bombaysamachar.com

## તુજસે નારાઝ નહીં, ઝીંદગી હેરાન હું મેં...

એક સમય હતો જ્યારે યાત્રીના હાસ્યથી ઘરનો ખૂણેખૂણો ગુંજી ઊઠતો. સ્કૂલથી ઘેર આવી નથી ને બેગનો ઘા કર્યો નથી. મમ્મીને સતત વળગતી રહેતી યાત્રી મા પાછળ ફર્યા કરે. રસોડામાં બેડરૂમમાં કે આંગણામાં મમ્મી જ્યાં જાયત્યાં પાલવ પકડીને ફરતી રહેતી યાત્રીની યાત્રા આજકાલ કંઈક અલગ દિશામાં ચાલવા લાગી છે.

મમ્મી કવિતા કંઈક જૂની યાદો વાગોળવા બેસે કે યાત્રી એનું મોઢું તોડી લે. ‘અરે, મમ્મી એનું આજે શું છે?’ કવિતા આગળ કશું જ ના બોલી શકતી. એના શબ્દો ધ્રૂજી ઊઠતા. એને ખ્યાલ ના રહેતો કે આગળ શું બોલવું? આ બદલાવ અચાનક નહોતો આવ્યો. કોઈ મોટી ઘટના પણ નહોતી બની. બસ, ધીરે ધીરે એક દરવાજો અવાજ વગર બંધ થઈ ગયો. અને મા-દીકરીની દુનિયાને અલગ કરતો ગયો.

યાત્રી સોળ વર્ષની થઈ. એણે મા સાથે વાત કરવાની ઓછી કરી. શરૂઆતમાં કવિતાને થયું, હશે આ ઉંમરની અસર છે. પરીક્ષાઓ, દોસ્તો, ટીનએજ પ્રેશર ઘણું બધું આ ઉંમરે હલ્લો બોલાવતું હોય. એણે થોડો સમય આપ્યો, પણ આ સમય ધીરે ધીરે એક એવા અંતરમાં પલટાઈ ગયો, જેણે દીવાલ બની એમની દુનિયા અલગ કરી નાખી. કવિતા જમવા બોલાવતી તો ‘મને હમણાં ભૂખ નથી.’ એવો જવાબ દેતી યાત્રી રૂમનો દરવાજો ખોલવાની દરકાર કરતી નહી. યાત્રીના શબ્દોમાં ગુસ્સો કે ચીડ નહી, પરંતુ રુક્ષતા હતી, જે કવિતાને સતત ચૂભતી રહેતી. એની મીઠડી, પરાણે વ્હાલી લાગે એવી, વાતવાતમાં કાળજી દર્શાવતી દીકરી તદ્દન બદલાઈ ચૂકી છે એ સ્વીકારવા એનું મન રાજી નહોતું.

એક સાંજે કવિતાએ ફરી કોશિશ કરી. ‘યાત્રી, આજકાલ તું ઘરમાં કઈ બોલતી જ નથી. તને કંઈ



તકલીફ છે?’ યાત્રી એ ફોનમાંથી નજર ઉઠાવ્યા વગર કહ્યું, ‘તને યાર, આવું કેમ લાગે છે મમ્મી? દરેક ચીજ કઈ એવી ના હોય કે મારે તને કહેવી જ પડે. એટલીસ્ટ ગીવ મી સમ પ્રાયવસી.’

આ શબ્દો વચ્ચે હવામાં જ ક્યાંક અટકાઈ ગયા. કવિતા ચૂપ થઈ ગઈ. એનું દર્દ પારાવાર હતું. યાત્રીએ કેટલી આસાનીથી કહી દીધું કે હવે એમની વચ્ચેનો સંબંધ એટલો પણ મહત્ત્વનો નથી.

દિવસો અઠવાડિયાઓમાં બદલાતા ગયાં. કવિતાને યાત્રી સાથે અજાણ્યા જેવી લાગણી અનુભવાતી. એ જોતી દીકરીને સ્કૂલ જતાં, પાછી આવતાં, પોતાના રૂમમાં જતાં અને દરવાજો બંધ કરતાં. ફોનની અંદર વાતો, હસી-મજાક અને મસ્તી કરતી દીકરી એની સામે અજાણ્યા માફક વર્તતી. એમની વચ્ચે હતી તો બસ એક ઊંડી ખામોશી. યાત્રીની યાત્રા અલગ દુનિયામાં લંબાતી ગઈ. એ મોટાભાગનો સમય પોતાના ફ્રેન્ડ્સ, સોશિયલ મીડિયા અને ક્લાસિસમાં વિતાવવા લાગી. એને લાગતું કે પોતે સમજદાર થઈ ચૂકી છે. માની વાતો એને વેવલી લાગતી અને કાળજી બંધન.

એક દિવસ સ્કૂલમાં કંઈક એવી ઘટના બની, જેણે યાત્રીના પગ થંભાવી દીધાં. રીસેસમાં સ્કૂલના સૌથી વેગાબોન્ડ ગણાતાં છોકરા સાથે એની ફ્રેન્ડનો ઝગડો થયો. એ ઝગડો લંબાયો સોશિયલ મીડિયા પર. ઈન્સ્ટાગ્રામના મેસેન્જર પર અપશબ્દોની વણઝાર લાગી. સામસામી ધાકધમકીઓ આવવા લાગી. ત્યારે પોતાના મિત્રોનો પક્ષ લેવા જતાં યાત્રીબેન સપડાઇ ગયાં. વિરોધી પાર્ટીના ટીનએજર્સ યાત્રીની પ્રોફાઈલ પર તૂટી પડ્યાં. એલફેલ શબ્દોથી એને નવાજી, એના પર મીમ્સ બનાવી વાઈરલ કરવાની ધમકીઓ મળવા લાગી. યાત્રી પર દબાણ કરવામાં આવ્યું કે, એ સોશિયલ મીડિયા પર માફી માગે. યાત્રી ડઘાય ગઈ. આ લૂપમાંથી બહાર નીકળવાનો કોઈ રસ્તો જડે એમ નહોતો. જિંદગીમાં પહેલી વાર એને મહેસૂસ થયું કે, દુનિયા પોતે માને છે એટલે સીધી-સરળ નથી. અને પોતાના મિત્રો એની ધારણા મુજબ સ્માર્ટ પણ નથી. અંતે એને મા યાદ આવી.

ઘેર આવી આજે વર્ષો બાદ એ રૂમમાં જવાને બદલે રસોડાંના દરવાજે ઊભી રહી. કવિતા હંમેશ માફક રસોઈની તૈયારી કરી રહેલી. યાત્રીએ એની પીઠને ધ્યાનથી જોઈ. એ પહેલાની જેમ તરવરાટભરી નહોતી. માના ચહેરા પર એક અજબ ઉદાસી હતી. એ શાંત નહીં પણ ખામોશ થઈ ગયેલી એવો અહેસાસ પ્રથમવાર થયો.

એ પાછળથી મા ને વળગી પડી. કવિતા આંચકો ખાઈ ગઈ. એણે હળવેથી દીકરીના હાથ પસવાર્યા. ‘શું થયું?’

બસ, આટલું જ પૂછવાની વાર હતી જાણે. યાત્રીએ અતઃથી ઈતિ સંભળાવી દીધી. એની આંખોમાં આંસુ હતાં તો વળી કવિતા પણ ગળગળી થઈ ઉઠેલી. એણે યાત્રીના માથે હાથ મૂકી કહ્યું, કોઈ જ માફી માગવાની કે કોઈનાથી ડરવાની જરૂર નથી. તને કોઈ પરેશાન કરે તો એનો જવાબ આપવા હું તારી સાથે છું. તું કોઈ ટેન્શન ના લે. આપણે સાથે મળી આ તકલીફ પાર કરી લઈશું.’

બીજા દિવસે કવિતાના કહેવાથી યાત્રીએ પોતાના પર બૂલીઈંગ કરનારા લોકો વિરુદ્ધ લેખિત ફરિયાદ કરી. મિત્રોને પણ એના માટે તૈયાર કર્યા. જરૂર પડ્યે પોલીસ કમ્પલેઈન કરવાની પણ તૈયારી બતાવી અને અંતે સ્કૂલ, ટીચર્સ તેમજ પેરેન્ટસના સહિયારા પ્રયાસોથી આખો મામલો થાળે પડ્યો.

એ ઘટનાએ યાત્રીને બરાબર સમજાવી દીધેલું કે, પોતે ગમે તેટલી સમજદાર, સ્માર્ટ અને કૂલ કેમ ના હોય, જિંદગી મા વગર ચાલશે નહીં. સામાપક્ષે યાત્રીના વર્તન થકી સતત દુઃખી રહેતી કવિતા પણ સમજી ગઈ કે સંબંધો એક ક્ષણમાં ક્યારેય તૂટતા નથી અને ક્ષણભરમાં ફરી જોડાઈ પણ જતાં નથી. અમુક ઘટનાઓ એટલા માટે બનતી હોય છે કે જેથી કરીને તમે નવેસરથી સંબંધની શરૂઆત કરી શકો. ■

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

## મફત છે તો ઝાપટો...




‘**મફત** છે, બધા બરાબર ઝાપટી લેજો. અને હા, સૌથી પહેલાં સ્વીટ ડિશ ખવાય એટલી ખાઈ લેજો. અબજોપતિનાં ઘરનું જમણ છે એટલે એક આખી લાઇનમાં દસ - બાર જાતની જાતજાતની તો મીઠાઈ જ હશે. કેટલીક ઠંડી ઠંડી રબડી ટાઇપ અને કેટલીક ગરમ ગરમ. અખરોટનો, ગાજરનો, દૂધીનો, બદામનો વગેરે જાતજાતના હલવાઓ પણ તવા ઉપર મૂકેલા હશે. જુઓ, માણસોની પુષ્કળ ભીડ હશે. તે પાછા કોઈ ઓળખીતો મળી જાય તો તેની સાથે વાત કરવા બેસી ન જતા’

‘મમ્મી, પ્લીઝ...’

‘હું તમને નહીં, તમારા પપ્પાને કહું છું. તમે તો મારી સાથે રહીને કઈ રીતે ઝાપટવું તે શીખી ગયા છો. પણ આ તમારા પપ્પા દાખલ થાય ત્યારથી લાલ - પીળી ઝગમગ થતી સાડી પહેરીને રૂમઝૂમ કરતી જતી તારી માસી, કાકીઓને જોવામાં, જે સ્પીડથી લાઇનમાં ઊભા રહીને ફટાફટ મીઠાઈ ઝાપટવી જોઈએ તે હજુ સુધી શીખ્યા નથી.’, પછી એક છોકરો બોલ્યો:

મમ્મી, પપ્પા... માસીને જોવામાં મારી આંગળી પણ છોડી દે છે.

હું કહું, પપ્પા ચાલો, મમ્મીએ પહેલાં મીઠાઈ ઝાપટવા કહ્યું છે. તો મને કહે મમ્મીના ચમચા, બધું મમ્મીનું જ કરવાનો હોય તો જા મમ્મી પાસે. હું જરા પેલી માસીઓ છે ને તે મારી ઑફિસની છે. એમને બિચારીને સૂપ પીવો છે પણ લાઇન લાંબી છે. એટલે જરા એમને સૂપ અને બાજુમાંના સ્નેક્સ વગેરેની ડિશ લાઇનમાં ઘૂસીને લાવી આપું. બિચારીઓ ક્યારની ઊભી રહી છે લાઇનમાં. એમને જરા ટેબલ ખુરશી ઉપર બેસાડીને ખાવાનું લાવી આપું. તું જા. અને હા, મમ્મીને કશો બફાટ કરતો નહીં. ચૂપ મરજે. કંઈ પણ પૂછે તો એમ જ કહેવું, ‘મને નથી ખબર.’ જા તું મમ્મી સાથે મીઠાઈ ખા....

‘તેં મમ્મી, બફાટ એટલે શું?’

‘બેટા, તને બફાટ એટલે શું તે હમણાં નહીં સમજાય. તું ને તારો ભાઈ મીઠાઈ ઝાપટો. હું જરા પપ્પાને મીઠાઈ ખવડાવીને આવું છું.’

ગુસ્સામાં પોતાની તરફ આવી રહેલ પત્નીની ચાલ પરથી જ સમજી ગયેલ પતિ સૂપના વાટકા જ્યાં ઊભો હતો ત્યાં જ મૂકીને મીઠાઈ લેવા લાઇનમાં ઊભા રહીને મસ્કા મારતાં બોલ્યો, ‘ડાર્લિંગ, તારે માટે તને ભાવતી મીઠાઈ લેવા લાઇનમાં ઊભો રહી ગયો છું. તું તારે નિરાંતે જેટલી ઝાપટવી હોય એટલી ઝાપટી લેજે.’

‘મન તો મારું એમ કહે છે કે મીઠાઈ તો પછી પણ ઝાપટી શકાશે. પહેલાં હું તને જ ઝાપટી નાખું. જાતની ઘરવાળી ને છોકરાં રાહ જોતાં લાઇનમાં ઊભાં છે અને ભાઈ પારકીને પોતિકી કરવા સૂપના વાટકા લઈને લાઇનમાં ઊભા હતા. આપણને એમ કે મફત છે તો પહેલાં બધા સાથે બેસીને મીઠાઈ ખાવાની મજા લઈશું. પણ કૂતરાની પૂંછડી વાંકી તે વાંકી જ રહેવાની..’

હજી ટેબલ પર બેસી બાળકો સાથે પહેલો ટુકડો માંડ મોંમાં મૂકવા જતાં હતાં, ત્યાં એક માસીએ આવીને કહ્યું,

‘રાજેશભાઈ, પછી તમે સૂપ આપવા આવ્યા જ નહીં. સાવ આવું કરવાનું? ઑફિસમાં તો રોજ બપોરે તમે કેવો સરસ નાસ્તો ઠેઠ ખાઉધરા ગલી સુધી ચાલતા જઈને લઈ આવો છો. આજે કેમ આળસી ગયા?!’

ત્યાં બીજી આવીને બોલી, ‘કેમ રાજેશભાઈ, સાવ એકલા એકલા? ઑફિસમાં તો અમને મૂકીને કદી ખાતા નથી ને અહીં મીઠાઈ ઝાપટવા લાગ્યા?’

‘વાહ... તમે તો ભાભી સાથે ઓળખાણ પણ નથી કરાવતા.’

ના... ના, એવું કંઈ નથી. આ મારી પત્ની વર્ષા. અને વર્ષા, આ મારી ઑફિસની બહેનો છે. (મારી નહીં.) તારી બનાવેલી વાનગી એમને બહુ ભાવે છે.’

(હવે ઘરે આવ, પછી તારી વાત.)

તેં ભાભી, અમને તમારી વાનગી ખાવા આપીને એ ભાઈ બહાર ઝાપટવા ચાલ્યા જાય.

અમે ના કહીએ તો કહે, આવું ખાઈ ખાઈને હવે ગળામાં ડૂચા બાઝે છે. જરા બહાર ખાઈ આવીએ અને ત્યાં મેળ ના પડે તો તમારા હાથની રસોઈ ક્યાં નથી?

મીઠાઈ તો બાજુ પર જ રહી ગઈ અને વાત આડે પાટે ચડી ગઈ. રાજેશભાઈને હવે ખાતરી થઈ ગઈ હતી કે આજે શનિ, રાહુ, કેતુથી લઈ બધા જ ગ્રહો વક્રી થયા લાગે છે. આ બંને ઑફિસની સખીઓ જેટલી વધારે બેસશે, એટલો વધારે બફાટ થશે અને જેટલો વધારે ર બફાટ થશે એટલું જોખમ વધી જશે.

તરત જ રાજેશભાઈએ પૂછ્યું,

‘તમારા ઘરવાળા સાથે નથી આવ્યા? એ તમારી રાહ જોતા હશે, નહીં?’

‘કેમ, તમને ખબર તો છે કે અમે બંને સખીઓએ લગ્ન કર્યાં નથી અને કરવાનાં પણ નથી. સમજ્યા?’

રાજેશે હવે ટ્રેક બદલ્યો અને કહ્યું, ‘હું તારે માટે લાઇનમાં ઊભો રહીને પિઝા લઈ આવું છું. તમે ત્રણેય વાતો કરો.’

‘રાજેશભાઈ, તમે જાઓ છો તો અમારા માટે પનીર પિઝા અને બાજુના સ્ટોલ ઉપર દહીં પૂરી મળે છે તે પણ લેતા આવજો. આપણે ઑફિસમાં કરીએ છીએ એવી રીતે એક ડિશમાંથી જ ખાઈ લઈશું.’

હવે આ ઑફિસવાળી તેમજ ઘરે જઈને ઘરવાળી પણ દાવ લેવાની જ છે... એ વાતે રાજેશભાઈને પસીનો વળવા લાગ્યો.

‘એક કામ કરીએ. (અહીં આગ અને દિવાસળી એક સાથે ટેબલ ઉપર ભેગી મૂકીને જાય તો જોખમ છે એ નક્કી વાત.) આપણે બધા સાથે જ પોતપોતાની ડિશ હાથમાં લઈને ઊભાં રહીએ. તો જેને જે જોઈએ તે ગરમા ગરમ લઈને ફટાફટ ખાઈ લેશે, (ફટાફટ ખાઈને ઘર ભેગાં થવામાં ફાયદો અને જોખમ બંને છે. પણ અહીં સાથે જો લાંબુ રહ્યા, તો ઘરે નહીં પણ અહીંયા જ ધોલાઈ શરૂ થશે. એ વાત રાજેશભાઈને સમજાઈ ગઈ હતી.)

આખરે બધા જ લાઇનમાં ઊભાં રહી ગયાં. ત્યાં પેલા તોફાનીએ આવીને કહ્યું, ‘મમ્મી, પપ્પાએ પછી બફાટ જેવું કંઈ મને કહેલું, એનો અર્થ હજી નથી સમજાયો. એ મને સમજાવને, મમ્મી.!’

‘દીકરા, તમે જલદી જલદી જેટલું ઝપટાય એટલું પેટ ભરીને ઝાપટી લ્યો. ઘરે જઈને હું તમને નિરાંતે ઝાપટવું અને બફાટ એ બંનેનો સાચો અર્થ વેલણ લઈને અભિનય સાથે બતાવીશ. એટલે જરા હમણાં પપ્પાને ખાઈને તાજામાજા થવા દે. એ પછી મને ઝાપટવાની મજા આવશે.’■

વિશેષ
રાજેશ યાજ્ઞિક
feedback.ladki@
bombaysamachar.com

# બડી દીદી બુધરી તાતી

## વંચિતોની સેવા માટે આજીવન કુંવારી રહેનારી મહિલાની આગવી કથા



કોઈ તમને કહે કે તમે બુધરી તાતીનું નામ સાંભળ્યું છે? તો તમે માથું ખંજવાળશો. આપણે વંચિતોની સેવામાં જીવન સમર્પિત કરનાર આ લાડકીની પ્રેરક કથા જાણવી જોઈએ...

છત્તીસગઢ રાજ્યમાં દંતેવાડા અને અબુઝમાઢની વાત આવે ત્યારે આપણને શું યાદ આવે? ત્યાં દાયકાઓથી વકરેલો નક્સલવાદ જ યાદ આવે. આ આવા નક્સલ પ્રભાવિત ક્ષેત્રમાં રહેતી બુધરી તાતીને આ વર્ષે પદ્મશ્રી થી સન્માનિત કરવામાં આવ્યાં ત્યારે દેશનાલોકોને તેમણે ચાર દાયકાથી કરેલી સેવાની જાણ થઇ.

છત્તીસગઢના દંતેવાડા જિલ્લાના ગીદમ નજીક હિરાનારના એક આદિવાસી પરિવારમાં જન્મેલા બુધરી તાતીએ લગભગ ચાર દાયકા પહેલા યુવાનીમાં સમાજ સેવાનો માર્ગ પસંદ કર્યો હતો. બુધરીના પિતા ચૈતુ તાતી, તેમના જન્મના એક વર્ષ પછી મૃત્યુ પામ્યા. માતા સોની તાતીએ તેમનાં ચાર સંતાનોને મુશ્કેલ પરિસ્થિતિઓમાં ઉછેર્યાં. તેના ભાઈ-બહેનોમાં સૌથી નાની બુધરી છ વર્ષની ઉંમરે ગુમરગુંડામાં સદા પ્રેમાનંદ મહારાજના આશ્રમમાં આવી હતી. મહારાજ આદિવાસી કલ્યાણ અને શિક્ષણ ક્ષેત્રે કામ કરતા હતા અને તાતી પરિવારના સગા પણ હતા.

અહીં જ તેના મનમાં પોતાના વિસ્તારના વંચિતો અને શોષિતોના કલ્યાણ માટે કામ કરવાનાં બીજ રોપાયાં. બુધરી તાતીએ આશ્રમમાં રહીને દસમા ધોરણ સુધીનો અભ્યાસ કર્યો. બસ્તર જિલ્લાના દુર્ગમ વિસ્તારોમાં આટલું ભણતર તો ભયોભયો કહેવાય... તેમાં પણ ગરીબ પરિવારની દીકરીને આશ્રમના પ્રતાપે આટલું શિક્ષણ પ્રાપ્ત થયું. તેમને આગળ અભ્યાસ કરવાની અને રોજગાર શોધવાની તક હતી, પરંતુ વનવાસીઓની દુર્દશા તેમને વ્યથિત કરતી હતી. દૂર દૂરના દેશોમાંથી આશ્રમમાં આવતાં બાળકોને જોઈને તેમનું હૃદય દ્રવી ઉઠતું હતું. આખરે તેમણે આજીવન અવિવાહિત રહેવાનો અને જીવનભર તેમની સેવા કરવાનો સંકલ્પ કર્યો.

બુધરી તાતીએ દાંતેવાડાના હિરાનાર ગામમાંથી જ સમાજસેવા શરૂ કરી. તે સમયે આ વિસ્તાર શિક્ષણ અને આરોગ્ય સુવિધાઓની દ્રષ્ટિએ ખૂબ જ પછાત હતો. સંસાધનોનો અભાવ, નિરક્ષરતા અને સામાજિક પડકારો હોવા છતાં, તેમણે હાર માની નહીં. બુધરી તાતીએ આદિવાસી મહિલાઓને સશક્ત બનાવવા માટે બચત, સ્વરોજગાર અને જૂથ પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપ્યું. તેમણે તેમને આર્થિક સશક્તીકરણનું મહત્ત્વ શીખવ્યું અને તેમને પોતાના પગ પર ઊભા રહેવા માટે પ્રેરણા આપી. આ સાથે, વ્યસન મુક્તિ અભિયાનના ભાગ રૂપે, તેમણે ગામડે ગામડે પ્રવાસ કર્યો, પરિવારો સાથે વાતચીત કરીને વ્યસનનાં ખરાબ પરિણામો વિશે જાગૃતિ લાવી. તેઓ માને છે કે સમાજમાં કાયમી પરિવર્તન ત્યારે જ શક્ય છે જ્યારે પરિવારો પોતે પહેલ કરે.

પોતાના કાર્યને વધુ અસરકારક બનાવવા માટે બુધરીએ નાગપુરના વનવાસી કલ્યાણ આશ્રમમાંથી તાલીમ મેળવી. ત્યારબાદ તેમણે રાયપુર અને જગદલપુરમાં રહીને અનુભવ મેળવ્યો. જગદલપુરના ભાનપુરી વિસ્તારમાં, તેમણે ભાડાના મકાનમાં એક નાનું છાત્રાલય શરૂ કર્યું, જે પાછળથી 'રાણી દુર્ગાવતી છાત્રાલય' તરીકે જાણીતું બન્યું. આ છાત્રાલયમાં ભણતા ઘણા વિદ્યાર્થીઓ હવે ડોક્ટર, શિક્ષકો અને વિવિધ સરકારી સેવાઓમાં કાર્યરત છે.

આ દીદી છેલ્લા ૩૬ થી વધુ વર્ષોથી નિરંતર આ સેવાયજ્ઞ ચલાવી રહ્યાં છે. આ દરમિયાન તેમણે પગપાળા પ્રવાસ કર્યો અને બસ્તર વિભાગના ૫૭૦ થી વધુ ગામડાઓ સુધી પહોંચ્યાં અને આદિવાસી સમુદાયને શિક્ષણ અને આરોગ્ય સાથે જોડ્યો. બુધરી તાતીએ સિકલ સેલ, એનિમિયા, કમળો, માથાનો દુખાવો, નબળાં બાળકો અને કિડનીમાં પથરી જેવા રોગો વિશે જાગૃતિ ફેલાવી. તેમણે હર્બલ ઔષધિઓ વડે ન માત્ર સ્વયં ઉપચાર કર્યો, પરંતુ ગ્રામજનોને સારવાર લેવા માટે પણ પ્રોત્સાહિત કર્યા. તેમના પ્રયાસોથી નક્સલવાદથી સૌથી વધુ પ્રભાવિત એવા અબુઝમાઢમાં જ લગભગ ૫૬૫ મહિલાઓને તેમણે આત્મનિર્ભર બનાવી છે.

તાતીએ સમાજ સેવા માટે હિરાનારમાં મા શંખિની મહિલા ઉત્થાન સંસ્થાની સ્થાપના કરી છે. ગરીબ પરિવારોનાં ત્રીસ બાળકો અહીં રહે છે અને શિક્ષણ મેળવે છે. આ માટે તે સરકાર પાસેથી કોઈ મદદ લેતા નથી. તે પહેલાં, બુધરી તાતીએ બચત ગટ્ટા નામના જૂથો બનાવીને મહિલાઓને બચત કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. આજે, સેંકડો મહિલાઓ આ જૂથની સભ્ય છે.

આ આદિવાસી સમાજસેવિકાને તેમના ઉમદા કાર્ય માટે માઓવાદીઓ તરફથી ધમકીઓનો સામનો કરવો પડ્યો છે, પરંતુ એ ક્યારેય ડગમગ્યાં નહીં. એ પોતાના ધ્યેય તરફ દૃઢતાથી આગળ વધતા રહ્યાં. ૨૦૦૫ માં માઓવાદી હિંસા વિરુદ્ધ સલવા જુડુમ અભિયાન દરમિયાન હિંસાના પીડિતો માટે બુધરી તાતી એક ટેકો બનીને ઊભાં રહ્યાં હતાં. આજે પણ ૬૧ વર્ષની ઉંમરે પણ એમની સેવા અવિરત ચાલુ છે. બસ્તરના લોકો બુધરી તાતીને સ્નેહથી 'બડી દીદી ' કહીને બોલાવે છે.

ભારત દેશમાં આવી અનેક મૂક સેવકો છે , જે છેવાડાના લોકોની વ્યથા સમજીને તેમના ઉત્થાન માટે જીવન સમર્પિત કરી દે છે. આ જ તો છે, સાચો ગાંધી ચીંધ્યો માર્ગ! ■

ફેશન પ્લસ
દિક્ષિતા મકવાણા
feedback.ladki@
bombaysamachar.com

# આ રીતે ક્રોપ ટોપને સ્ટાઈલ કરો સ્ટનિંગ લૂક મેળવો

*જો યોગ્ય રીતે સ્ટાઇલ કરવામાં આવે તો, ક્રોપ ટોપ તમને સ્ટનિંગ લૂક મેળવવામાં મદદ કરી શકે છે. તમે તેને ફક્ત કોલેજમાં જ નહીં, પણ ઓફિસમાં, ફંક્શનમાં અથવા તહેવારોની સીઝનમાં પણ અલગ અલગ સ્ટાઇલિશ રીતે પહેરી શકો છો, જેનાથી સ્ટનિંગ લુક આપશે.*

*ફેશનની દુનિયા સતત અપડેટ થઈ રહી છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં, ક્રોપ ટોપ્સે એક ખાસ સ્થાન મેળવ્યું છે. પછી ભલે તે કેઝ્યુઅલ લુક હોય કે પાર્ટી આઉટફિટ, ક્રોપ ટોપ્સ દરેક પ્રસંગ માટે પરફેક્ટ છે. એક જ ટોપને અલગ અલગ રીતે સ્ટાઇલ કરવાથી તમારા આખા લુકને નવો અને ફ્રેશ બનાવી શકાય છે. તમે જોયું હશે કે આજકાલ લોકો ક્રોપ ટોપને ફક્ત જીન્સ સાથે જ નહીં પરંતુ સાડી સાથે પણ સ્ટાઇલ કરે છે, અને તેને બીજી ઘણી રીતે પહેરી શકાય છે, જેનાથી સ્ટનિંગ લુક મળે છે.*

*તમે ઓફિસ, કોલેજ અથવા પાર્ટીમાં જતી વખતે ક્રોપ ટોપ પહેરી શકો છો. તે ઉનાળા માટે પરફેક્ટ અને આરામદાયક છે. તે હંમેશા તમારી સ્ટાઇલને પોઈન્ટ પર રાખશે. તો ચાલો જાણીએ કે તમે સ્ટનિંગ લુક બનાવવા માટે ક્રોપ ટોપ કેવી રીતે પહેરી શકો છો.*



### ક્લાસિક કેઝ્યુઅલ લૂક

આજકાલ હાઈ-વેસ્ટેડ જીન્સ ખૂબ જ ટ્રેન્ડી છે. તેની સાથે ક્રોપ ટોપ પહેરવાથી ક્યારેય જૂનું થતું નથી. આ લુક ખાસ કરીને એવા લોકો માટે પરફેક્ટ છે જેમને થોડી સ્કિન બતાવવાનું ગમે છે. બ્લેક, વ્હાઇટ અથવા ન્યૂડ જેવા સોલિડ કલરના ક્રોપ ટોપ પસંદ કરો અને તેને હાઈ-વેસ્ટેડ ડેનિમ જીન્સ સાથે પેર કરો. આ કોલેજ અને ઓફિસ બંને માટે પરફેક્ટ રહેશે.

જો તમે બોડીકોન ટોપ પહેરી રહ્યા છો, તો સંતુલન જાળવવા માટે લૂઝ અથવા ફ્લેરેડ જીન્સ પસંદ કરો. આ લુકને પૂર્ણ કરવા માટે સ્નીકર્સ અથવા વ્હાઇટ કેનવાસ શૂઝ પરફેક્ટ છે. તમે ખુલ્લા વાળ અથવા પોનીટેલ, હૂપ ઇયરિંગ્સ અને ક્રોસ-બોડી બેગથી પણ તમારા લુકને અદભુત બનાવી શકો છો.



### ફ્યુઝન ઇન્ડો-વેસ્ટર્ન સ્ટાઈલ

આજકાલ દરેક આઉટફિટને અલગ રીતે સ્ટાઇલ કરી શકાય છે. તમે ટ્રેડિશનલ અને વેસ્ટર્નનું પરફેક્ટ ફ્યુઝન બનાવી શકો છો. લોંગ સ્કર્ટ સાથે ક્રોપ ટોપ પહેરો. આ લુક લગ્ન, ફંક્શન અને તહેવારો માટે પરફેક્ટ છે. તમે હેવી પ્રિન્ટેડ લોંગ સ્કર્ટ સાથે ક્રોપ ટોપ જોડી શકો છો. સ્ટેટમેન્ટ નેકલેસ અથવા ઓક્સિડાઇઝ્ડ જ્વેલરી તેની સાથે જોડી શકાય છે. ફૂટવેર માટે, પ્રિન્ટેડ સ્કર્ટ અને પ્લેન ક્રોપ ટોપ કોલ્હાપુરી ચપ્પલ અથવા સિમ્પલ હીલ્સ સાથે ફેબ્રિક કરો.







### બોસી અને સ્માર્ટ લૂક

ઓફિસ પાર્ટી અથવા બિઝનેસ કેઝ્યુઅલ મીટિંગ માટે ક્રોપ ટોપ સાથે બ્લેઝર પહેરવું શ્રેષ્ઠ વિકલ્પ છે. આ આત્મવિશ્વાસ વધારી શકે છે અને ક્લાસી લુક બનાવી શકે છે. બેજ, ક્રીમ અથવા ગ્રે જેવા ન્યુટ્રલ શેડમાં ક્રોપ ટોપ પહેરો અને તેને સ્ટ્રક્ચર્ડ બ્લેઝર સાથે લેયર કરો. બોટમ્સ માટે, ટ્રાઉઝર અથવા સ્ટ્રેટ-ફિટ પેન્ટ પસંદ કરો. વધુમાં, પ્રોફેશનલ લુક જાળવવા માટે સ્ટડ ઇયરિંગ્સ અને ઘડિયાળ જેવા ન્યૂનતમ ઘરેણાંથી લુક પૂર્ણ કરો. ■

### ક્લાસી લૂક માટે

તમે સાડી સાથે ક્રોપ ટોપ પણ પહેરી શકો છો. પ્લેન અથવા પ્રિન્ટેડ સાડી સાથે પ્લેન ક્રોપ ટોપ પેર કરો. લુકને વધારવા માટે ઓક્સિડાઇઝ્ડ જ્વેલરી, મેકઅપ અને ખુલ્લા વાળ ઉમેરો. આ તમને આરામદાયક લુક પણ આપશે.

### ફંકી અને યંગ લૂક

જો તમે કંઈક નવું ટ્રાય કરવા માગતા હો, તો ક્રોપ ટોપને ડગરી ડ્રેસ અથવા ઓવરઓલ સાથે સ્ટાઇલ કરી શકાય છે. આ લુક કોલેજ જતી છોકરીઓ અથવા ડે આઉટ માટે યોગ્ય છે. હળવા રંગના ડગરી હેઠળ તેજસ્વી અથવા પ્રિન્ટેડ ક્રોપ ટોપ પહેરો. આ દેખાવને સ્નીકર્સ અથવા કેનવાસ શૂઝથી પૂર્ણ કરી શકાય છે.

નિખાર
ઝુબૈદા વલિયાણી
feedback.ladki@
bombaysamachar.com

# નિવારણઃ ઘટતા, તૂટતા શુષ્ક વાળની સમસ્યા સતાવે છે?



**પ્રદૂષણની** અસર ફક્ત વાતાવરણમાં જ જોવા મળી રહી છે એવું નથી. આપણા શરીર પર પણ તે જાણી શકાય છે.

- તેના લીધે ત્વચા અને વાળની સમસ્યાનું પ્રમાણ વધી રહ્યું છે.
- એમાં આપણી બગડી ગયેલી લાઈફ સ્ટાઈલ પણ ભાગ ભજવી જાય છે.
- મહિલાઓનાં વાળની સમસ્યા જમ કે
* ડ્રાય, કર્લી હેર એમાં ડ્રેન્ડ્રફ અને વાળ ખરવા
- એ હવે સામાન્ય થઈ ગયું છે.
- એના બીજા અનેક કારણો હોઈ શકે છે.
- એમાંથી અમુક વિશે આજે વાત કરીશું.
- આ વાતને ધ્યાનમાં રાખવાથી વાળની તકલીફો ઓછી થઈ શકે છે.

આજે બજારમાં દરેક પ્રકારના શૅમ્પૂ ઉપલબ્ધ છે.

- જેમ કે
* ડ્રાય કે વધારે તૂટતા વાળ માટે અલગ પ્રકારનું શૅમ્પૂ છે.
- વ્હાલી લાડકી પૂર્તિની વાચક બહેન - દીકરીઓ! એ બાબતને નજરઅંદાઝ કરશો નહીં કે, તમે
* જે કંપનીના શૅમ્પૂનો ઉપયોગ કરતા હો તો તે જ કંપનીનું કન્ડિશનર પણ લગાવવું એ જરૂરી નથી.
* વાળ જાડા હોય તો મોઈશ્ચરાઈઝિંગ કન્ડિશનર ફાયદાકારક રહેશે.
- વાતાવરણમાં ધૂળ, રજકણો વધારે રહે છે તેથી વાળ માટે નરશિમેન્ટ તત્ત્વવાળા સીરમ ફાયદાકારક રહેશે.

શરીરમાં પ્રોટીનનું પ્રમાણ ઓછું થવાથી પણ વાળ ડ્રાય થાય છે અને તૂટવા લાગે છે.

* પ્રોટીનનું પ્રમાણ વધારવા માટે રોજ ત્રણ ગ્લાસ ફેટ-ફ્રી દૂધ,
* બે બાઉલ યોગર્ટ કે
* બે બાઉલ લેનટિલ્સ કે સ્પ્રાઉટ્સ ખાઈ શકો છો.
* ઓમેગા ૩, ૬, ૯ અને ફેટી ઍસિડનું ઈનેટક પણ વધારે હોવું જોઈએ.
- વ્હાલી લાડકી બહેનો...! આ બધી રીતથી કોઈ ફાયદો ન થઈ રહ્યો હોય તો ડૉકટરને બતાવો.
- હોર્મોન્સ કે ડાયજેસ્ટિવ ડિસઓર્ડર પણ તેનું કારણ હોઈ શકે છે.
- ડેન્ડ્રફના અનેક કારણ હોઈ શકે છે.
* એક કારણ સ્કઅલ્પ પર મસાલીજિયા ફુરફુર ફંગલ ઈન્ફેકશન પણ હોઈ શકે છે.
- માર્કેટમાં મળતા એન્ટી-ડેન્ડ્રફ શૅમ્પૂ વાળ માટે લાભકારક છે. તેનો એક મહિના સુધી અઠવાડિયામાં ૨ થી ૩ વખત ઉપયોગ કરો.
- શિયાળાની ઋતુમાં પણ વાળને ૨ થી ૩ વખત ધોવા જોઈએ.
- આમ થોડી કાળજી રાખવામાં આવે તો વાળની સમસ્યાથી છુટકારો મેળવી શકાય છે.
- ટૂંકમાં ઘટતા, તૂટતા, શુષ્ક વાળનું આ નિવારણ વાળની સમસ્યાને હલ કરવા સફળ પૂરવાર થયાનો જાત અનુભવ છે.

* * *

હસગુલ્લા

- મણિબહેને ચંપાબહેનને કહ્યું:
- તમારું વજન ગઈકાલે તો ૧૦૦ કિલો હતું અને આજે ૧૧૦ કિલો કેવી રીતે થઈ ગયું...?
- ચંપાબહેને કહ્યું:
- આજે હું મેકઅપ કરીને આવી છું...! ■

રણજી ટ્રૉફી ફાઇનલ

# જમ્મુ-કાશ્મીર જબરદસ્તઃ એક સેન્ચુરી અને પાંચ હાફ સેન્ચુરી, ૫૨૭ રન થયા અને હજીયે ટીમની બૅટિંગ ચાલુ જ છે!

હુબલી (કર્ણાટક): જમ્મુ-કાશ્મીર પહેલી જ વખત રણજી ટ્રૉફી જીતવાની દિશામાં પૂરપાટ આગળ વધી રહ્યું છે અને એનો પુરાવો મંગળવાર બાદ બુધવારે પણ મળી ગયો જેમાં આ રાજ્યની ટીમે કર્ણાટક સામેની પાંચ દિવસીય ફાઇનલ (સવારે ૯.૩૦ વાગ્યાથી)માં બીજા દિવસની રમતને અંતે પ્રથમ દાવમાં છ વિકેટના ભોગે ૫૨૭ રન કર્યા હતા અને હજી ગુરુવારે પણ આ ટીમ સ્કોર આગળ વધારશે. કર્ણાટક પહેલા દાવમાં કેટલા રન બનાવશે અને સરસાઈ લઈ શકશે કે નહીં એના પર મૅચના પરિણામનો અને ચૅમ્પિયનપદનો આધાર છે. મૅચમાં હજી ત્રણ દિવસ બાકી છે.

જમ્મુ-કાશ્મીરની ટીમે કર્ણાટકને બોલિંગની તાકાત પહેલાં બૅટિંગમાં પરચો બતાવ્યો જેમાં એક બૅટ્સમૅને સેન્ચુરી કરી અને પાંચ ખેલાડીએ હાફ સેન્ચુરી નોંધાવી. પારસ ડોગરાની કૅપ્ટન્સીમાં જમ્મુ-કાશ્મીરની ટીમે કર્ણાટકના છમાંથી ખાસ કરીને પાંચ બોલરની બોલિંગ ઍનેલિસિસ ખરાબ હાલતમાં જોવા મળી. જમ્મુ-કાશ્મીરના ૬/૫૨૭ના સ્કોરમાં શુભમ પુંડીરના ૧૨૧ રન, યાવર હાસનના ૮૮ રન, પારસ ડોગરાના ૭૦ રન, વિકેટકીપર કનૈયા વાધવાનના ૭૦ રન, અબ્દુલ સમદના ૬૧ રન અને સાહિલ લૉત્રાના અણનમ ૫૭ રન સામેલ છે.

સામા પક્ષે કર્ણાટકના બોલર્સમાંથી (બુધવારની રમતના અંત સુધીમાં) શ્રેયસ ગોપાલ (૧૩૦ રનમાં એક વિકેટ) સૌથી મોંઘો સાબિત થયો છે. શિખર શેટ્ટીને ૧૧૨ રનમાં એક વિકેટ, વિદ્યાધર પાટીલને ૧૦૪ રનમાં એક વિકેટ, પ્રસિદ્ધ ક્રિષ્નાને ૯૦ રનમાં ત્રણ વિકેટ મળી હતી, જ્યારે વિજયકુમાર વૈશાકને ૬૦ રનમાં એકેય વિકેટ નહોતી મળી.■

## કૅપ્ટને ફીલ્ડર સાથે માથું ટકરાવ્યું, ૫૦ ટકાનો દંડ



હુબલી (કર્ણાટક): અહીં બુધવારે રણજી ટ્રૉફી ફાઇનલમાં જમ્મુ-કાશ્મીરના કૅપ્ટન પારસ ડોગરાએ સિલી પૉઇન્ટ પર ઊભેલા કર્ણાટકના ફીલ્ડર કે. વી. અનીશ સાથે માથું ટકરાવવાની ઘટનાને ખૂબ નાની ગણાવીને મામલો ઠંડો પાડવાની કોશિશ કરી હતી, પરંતુ જેન્ટલમૅન્સ ગેમ તરીકે ઓળખાતી આ રમતમાં આવી ઘટના ગંભીર કહેવાય અને બીસીસીઆઇના નિયમ અનુસાર ડોગરાની ૫૦ ટકા મૅચ કાપી લેવામાં આવશે એવો અહેવાલ મળ્યો હતો.

ડોગરાના સુકાનમાં જમ્મુ-કાશ્મીર બહુ સારી સ્થિતિમાં છે. પાંચ દિવસની આ ફાઇનલમાં બુધવારે બીજા દિવસે તેની ટીમે છ વિકેટે ૫૨૭ રન કર્યા હતા અને પ્રથમ દાવની સરસાઈની મદદથી પ્રથમ વખત રણજી ટાઇટલ જીતવાની દિશામાં આ ટીમ આગળ વધી રહી છે. ૪૧ વર્ષીય ડોગરાએ કર્ણાટકના બોલર્સનો જેમાં ખાસ કરીને પ્રસિદ્ધ ક્રિષ્નાના અત્યંત ઝડપી બૉલ અને બાઉન્સરનો સમજદારી અને હિંમતથી સામનો કર્યો હતો. જોકે એક તબક્કે નજીક ઊભેલા ફીલ્ડર અનીશે કંઈક કમેન્ટ કરી હશે એટલે ગુસ્સામાં ડોગરા બન્ને અમ્પાયરોનું ધ્યાન દોર્યા બાદ અનીશની નજીક પહોંચી ગયો હતો અને તેના માથા સાથે પોતાનું માથું ટકરાવ્યું હતું. ડોગરા અને અનીશ બન્નેએ હેલ્મેટ પહેરી હતી. કર્ણાટકનો મયંક અગરવાલ તેમ જ કૅપ્ટન દેવદત્ત પડિક્કલ બન્ને પાસે દોડી આવ્યા હતા અને અમ્પાયર્સની મદદથી છેવટે મામલો શાંત પાડ્યો હતો. ડોગરા ૭૦ રનના પોતાના સ્કોર પર શ્રેયસ ગોપાલના બૉલમાં ક્લીન બોલ્ડ થયો હતો.




# અક્ષરને કેમેય કરીને ઇલેવનમાં સમાવોઃ શાસ્ત્રી

### ભૂતપૂર્વ ઑલરાઉન્ડર કહે છે, 'હાર પરથી શીખો, સુપર-એઇટ રાઉન્ડને હળવાશથી ન લેવાય'



ચેન્નઈઃ રવિવારે અમદાવાદમાં સાઉથ આફ્રિકા સામે ૭૬ રનના માર્જિનથી પરાજિત થતાં ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારતની સતત ૧૨ જીતનો વિજયરથ અટકી ગયો એને પગલે ભારતીય ટીમમાં મોટા પાયે ફેરફાર થશે એવી સંભાવના છે અને એ શક્યતા વચ્ચે ભૂતપૂર્વ ઑલરાઉન્ડર તથા ઍન્કર રવિ શાસ્ત્રીએ પ્લેઇંગ-ઇલેવનમાં સ્પિનર અને વાઇસ-કૅપ્ટન અક્ષર પટેલને ફરી સમાવવા સહિત કેટલાક મહત્ત્વના ફેરફાર કરવાની સલાહ આપી છે અને 'ધ આઇસીસી રિવ્યૂ'ના છેલ્લામાં છેલ્લા એપિસોડમાં ટીમ ઇન્ડિયા માટે ભાર દઈને કહ્યું છે કે 'રવિવારની હાર પરથી શીખો, સુપર-એઇટ રાઉન્ડને હળવાશથી ન લેવાય.'

ડિફેન્ડિંગ ચૅમ્પિયન ભારતની આગામી મૅચ આજે ચેન્નઈમાં ઝિમ્બાબ્વે સામે રમાશે. વર્લ્ડ નંબર-વન ભારતે સેમિ ફાઇનલમાં પહોંચવા આ મૅચ તેમ જ રવિવારની વેસ્ટ ઇન્ડિઝ સામેની મૅચ મોટા માર્જિનથી જીતવી જરૂરી છે.

શાસ્ત્રીએ વધુમાં કહ્યું, 'ભારતીયો સતત ૧૨ મૅચ જીત્યા પછી (પરાજયનો) એક બ્રેક ગમે ત્યારે આવવાનો જ હતો. સારું થયું જલદી આવી ગયો. ટીમ ઇન્ડિયા હવે રણનીતિમાં ફેરફાર કરી શકશે. રવિવારે હાર્યા એના પરથી ખેલાડીઓ એટલું તો શીખ્યા જ હશે કે સુપર-એઇટ રાઉન્ડને હળવાશથી લેવાય જ નહીં. વધુ એક પરાજય ટીમને પ્રચંડ પ્રેશરમાં લાવી દેશે.'

'બાપુ' તરીકે ઓળખાતા અક્ષર પટેલને બદલે વૉશિંગ્ટન સુંદરને ઇલેવનમાં સમાવવામાં આવ્યો હતો. રવિ શાસ્ત્રીએ કહ્યું, 'હવે અક્ષરને ટીમમાં પાછો લાવવો જ રહ્યો. તેના અનુભવની ટીમને ખાસ જરૂર છે. હું તો કહું છું કે બન્ને (અક્ષર અને વૉશિંગ્ટન)ને રમાડો. ટીમમાં ભલે વધુ એક સ્પિનર રાખવો પડે. રવિવારે વરુણ ચક્રવર્તીના કિસ્સામાં બન્યું એમ ક્યારેક કોઈક બોલરની બોલિંગ અસર ન પણ કરે. જો અક્ષર ટીમમાં હશે તો બૅટિંગમાં આઠમા ક્રમ સુધી ડેપ્થ મળશે. હાર્દિક પંડ્યા પાંચમા નંબરે બૅટિંગ કરશે અને શિવમ દુબે છઠ્ઠા નંબરે. સાતમા નંબરે વૉશિંગ્ટનને મોકલી શકાય અને જરૂર લાગે તો અક્ષરને પાંચમા સ્થાને પણ મોકલી શકાય.'

શાસ્ત્રીએ ટીમ ઇન્ડિયા માટે ઠપકો આપવાની ભાષામાં કહ્યું, 'ટી-૨૦ મૅચમાં જો આઠેય બૅટ્સમેન નિષ્ફળ જાય તો ટીમની બૅટિંગ લાઇન-અપમાં કંઈક ખોટું છે એ નક્કી કહી શકાય. ક્યાં ગઈ આપણા બૅટ્સમેનોની આક્રમક સ્ટાઇલની બૅટિંગ? મને લાગે છે કે ભારત વધારાનો એક બોલર ટીમમાં સમાવવાનું ચૂકી જાય છે. આ બહુ મહત્ત્વની વાત છે.'

રિકી પૉન્ટિંગે પણ કહ્યું કે 'ભારતે રવિવારે સાઉથ આફ્રિકા સામે અક્ષર પટેલને ન રમાડીને ભૂલ કરી હતી.' ■

# આજે ભારત વિરુદ્ધ ઝિમ્બાબ્વેઃ બન્નેએ મોટા માર્જિનથી જીતવું જરૂરી

ચેન્નઈઃ ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચે ભારતમાં ક્યારેય કોઈ ટી-૨૦ મૅચ નથી રમાઈ, પણ અહીં આજે (સાંજે ૭.૦૦ વાગ્યાથી) પહેલી વખત રમાશે અને એ પણ વર્લ્ડ કપમાં એટલે આ મૅચ બન્ને માટે અત્યંત મહત્ત્વની છે. સુપર-એઇટના ગ્રૂપ-૧માંથી સેમિ ફાઇનલમાં જવા બન્ને દેશે ગુરુવારે મોટા માર્જિનથી જીતવું અનિવાર્ય છે.

ઝિમ્બાબ્વેની કોઈ ટીમ ભારતમાં કોઈ મૅચ રમી હોય એવું છેલ્લે ૨૦૦૨માં (૨૪ વર્ષ પૂર્વે) બન્યું હતું. સૌરવ ગાંગુલી ત્યારે કૅપ્ટન હતો અને યુવરાજ અને કૈફની કરીઅરની ત્યારે હજી શરૂઆત હતી. ત્યારે ઝિમ્બાબ્વેની ટીમમાં ઍન્ડી ફ્લાવર, ગ્રાન્ટ ફ્લાવર, હીથ સ્ટ્રીક, ટાટેન્ડા તૈબુ વગેરે જાણીતા ખેલાડીઓ હતા. ભારતે એ વન-ડે ૧૦૧ રનથી જીતી લીધી હતી.

ભારતે આજની મૅચમાં ટીમમાં ધરખમ ફેરફારો કરીને રમવું પડશે. આ ટૂર્નામેન્ટમાં સતત ફ્લૉપ જતા ખેલાડી (દા.ત. અભિષેક)ના સ્થાને બીજા કોઈને તક આપવી પડશે. રિન્કુ સિંહ બીમાર પિતાને મળી આવ્યા બાદ ટીમ ઇન્ડિયા પાસે પાછો આવી ગયો હોવાનું ગઈ કાલે જાણવા મળ્યું હતું. ભારતને ટૉપ-ઑર્ડરની નિષ્ફળતા પણ સતાવી રહી છે. ઑસ્ટ્રેલિયા અને શ્રીલંકાને હરાવીને સુપર-એઇટમાં પહોંચેલા ઝિમ્બાબ્વે પાસે કૅપ્ટન સિકંદર રઝા ઉપરાંત બ્રાયન બેનેટ, મારુમની, ડિયોન માયર્સ, રાયન બર્લ તેમ જ બોલર્સમાં મુઝરબાની, ક્રીમર, માસાકાદ્ઝા, બ્રાડ ઇવાન્સનો સમાવેશ છે. ■

**આજે કઈ બે મૅચ?**

સાઉથ આફ્રિકા-વેસ્ટ ઇન્ડિઝ (અમદાવાદ, બપોરે ૩.૦૦)

ભારત-ઝિમ્બાબ્વે (ચેન્નઈ, સાંજે ૭.૦૦)

# હૅરી બ્રૂકે ગેઇલનો ૧૬ વર્ષ જૂનો વિશ્વવિક્રમ તોડ્યો

### બ્રિટિશ કૅપ્ટનના એક મૅચમાં અનેક વિક્રમઃ પાકિસ્તાન માટે ટકવું મુશ્કેલ બનાવી દીધું



પલ્લેકેલઃ મંગળવારે અહીં ઇંગ્લૅન્ડના કેપ્ટન હૅરી બ્રૂકે (૧૦૦ રન, ૫૧ બૉલ, ચાર સિક્સર, દસ ફોર) પાકિસ્તાન સામેની મૅચમાં વન-મેન શૉની અસરદાર ઈનિંગ્સની મદદથી ઇંગ્લૅન્ડને સેમિ ફાઇનલમાં પહોંચાડી દીધું એને પગલે બ્રૂકના અનેક વિક્રમોની જ અત્યારે સોશ્યલ મીડિયામાં ચર્ચા છે. ટી-૨૦ વર્લ્ડ કપમાં સેન્ચુરી કરનાર તે વિશ્વનો પહેલો જ કેપ્ટન બન્યો છે.

પાકિસ્તાને ૯ વિકેટે ૧૬૪ કર્યા ત્યાર બાદ ઇંગ્લૅન્ડે ૧૯.૧ ઓવરમાં આઠ વિકેટે ૧૬૬ રન કરીને મૅચ જીતી લીધી હતી. પાકિસ્તાન માટે હવે સેમિ ફાઇનલની રેસમાં ટકવું મુશ્કેલ થઈ ગયું છે. ઇંગ્લૅન્ડના ૧૬૬ રનમાંથી ૧૦૦ રન હૅરી બ્રૂકના હતા. ઇંગ્લૅન્ડ સતત પાંચમી વખત ટી-૨૦ વર્લ્ડ કપની સેમિ ફાઇનલમાં પહોંચનારો પહેલો દેશ બન્યો છે. બ્રિટિશ ટીમ આ પહેલાં ૨૦૨૪, ૨૦૨૨, ૨૦૨૧ અને ૨૦૧૬ના વર્લ્ડ કપમાં સેમિ ફાઈનલમાં પહોંચ્યું હતું. એણે સતત ચાર-ચાર વખત સેમિમાં એન્ટ્રી કરનાર પાકિસ્તાન અને શ્રીલંકાનો વિક્રમ તોડી નાખ્યો છે.

હૅરી બ્રૂકે કેપ્ટન તરીકે ટી-૨૦ વર્લ્ડ કપમાં સેન્ચુરી ફટકારીને ક્રિસ ગેઈલ (૨૦૧૦માં ભારત સામે ૯૮ રન)નો રેકોર્ડ તોડ્યો છે. હૅરી બ્રૂક ટી-૨૦ આંતરરાષ્ટ્રીય ફોર્મેટમાં ઇંગ્લૅન્ડ વતી સેન્ચુરી કરનાર પણ પ્રથમ સુકાની છે. તેણે ઓઇન મોર્ગન (૨૦૧૯માં ન્યૂ ઝીલૅન્ડ સામે ૯૧ રન)નો રેકોર્ડ તોડી નાખ્યો છે. ટી-૨૦ વર્લ્ડ કપમાં ઇંગ્લૅન્ડના ખેલાડી તરીકે જેમણે અગાઉ સેન્ચુરી કરી હતી એમાં હવે હૅરી બ્રૂક પણ જોડાયો છે. તે ઍલેક્સ હેલ્ઝ અને જૉસ બટલરની હરોળમાં આવી ગયો છે. હૅરી બ્રૂક ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાં સેન્ચુરી કરનાર ડેવિડ મલાન અને બટલર પછીનો ઇંગ્લૅન્ડનો ત્રીજો ખેલાડી બન્યો છે.■

# ન્યૂ ઝીલૅન્ડ જીત્યું, શ્રીલંકા સેમિ ફાઇનલની રેસની બહાર થયું

પલ્લેકેલઃ યજમાન શ્રીલંકાની સેમિ ફાઇનલની રેસમાંથી બાદબાકી થઈ ગઈ છે અને હવે ગુરુવારે બીજા યજમાન ભારતની ચેન્નઈમાં 'અન્ડરડૉગ' ઝિમ્બાબ્વે સામે આકરી કસોટી છે. સુપર-એઇટમાં શ્રીલંકા ૧૬૯ રનના લક્ષ્યાંક સામે ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૧૦૭ રન બનાવી શક્યું હતું જેમાં મેન્ડિસના ૩૧ રન હાઇએસ્ટ હતા. કિવી બોલર્સમાંથી રચિન રવીન્દ્રએ ચાર તથા મૅટ હેન્રીએ બે વિકેટ લીધી હતી. ન્યૂ ઝીલૅન્ડનો ૬૧ રનથી વિજય થયો હતો. એ પહેલાં, ન્યૂ ઝીલૅન્ડનો દાવ ૭/૧૬૮ના સ્કોર પર પૂરો થયો હતો. કિવીઓએ બૅટિંગ મળ્યા બાદ ખરાબ શરૂઆત કરી હતી અને સમયાંતરે વિકેટ ગુમાવી હતી. ૮૪ રનના કુલ સ્કોર પર ત્રણ વિકેટ પડી હતી. ૮૪મા રને દાવની છઠ્ઠી વિકેટ પડ્યા બાદ કૅપ્ટન મિચલ સૅન્ટનર (૪૭ રન, ૨૬ બૉલ, ચાર સિક્સર, બે ફોર) અને કોલ મૅકૉન્કી (૩૧ અણનમ, ૨૩ બૉલ, બે સિક્સર, ત્રણ ફોર) વચ્ચે સાતમી વિકેટ માટે ૮૪ રનની યાદગાર ભાગીદારી થઈ હતી. શ્રીલંકાના માહીશ થીકશાના અને દુષ્મંથા ચમીરાએ ત્રણ-ત્રણ વિકેટ લીધી હતી. ■

---

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| જગ | વૃદ્ધ |
| જટિલ | દુનિયા |
| જપમાળા | વેગવાન |
| જરઠ | કરમાળા |
| જલદ | અટપટું |

## જાણવા જેવું

'સત્યના પ્રયોગો' ગાંધીજીએ સત્ય, અહિંસા અને બ્રહ્મચર્યના કરેલા પ્રયોગો, તેમના બાળપણના સંસ્કાર, દક્ષિણ આફ્રિકાનો અનુભવ અને ભારતની આઝાદીની લડત વિશેનું પુસ્તક છે. અત્યંત નિખાલસ આત્મનિરીક્ષણ અને આત્મપરીક્ષણ દર્શાવતું આ પુસ્તક વિશ્વની શ્રેષ્ઠ આત્મકથાઓમાં સ્થાન ધરાવે છે.

## ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. સ્ત્રીના સગા જેઠના સસરાની એકમાત્ર દીકરીની પુત્રી સ્ત્રીને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) કાકી
બ) નણંદ
ક) ભત્રીજી
ડ) દેરાણી

## નોંધી રાખો

કુવિચાર, મિથ્યા ભાષણ, દ્વેષ તેમજ કોઈનું અહિત ઈચ્છવું એને ગાંધીજીએ હિંસાના પ્રકાર ગણાવ્યા છે એ કદાચ આપણે ભૂલી ગયા છીએ.

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ■ | ૧ | ■ | ૨ | ૩ | | ■ | ૪ | ૫ | ૬ |
| ૭ | | | | | ■ | ૮ | | | |
| ૯ | | ■ | | ■ | ૧૦ | | ■ | ■ | |
| | ■ | ૧૧ | ■ | ૧૨ | | | ■ | ૧૩ | |
| ૧૪ | ૧૫ | | | ■ | | ■ | ૧૬ | | ■ |
| ■ | ૧૭ | | ■ | ૧૮ | ■ | ૧૯ | | | ૨૦ |
| ૨૧ | | ■ | ૨૨ | | | ■ | | ■ | |
| | ■ | ■ | ૨૩ | | ■ | ૨૪ | ■ | ૨૫ | |
| ૨૬ | ૨૭ | ૨૮ | | ■ | ૨૯ | | | | |
| ૩૦ | | | ■ | ૩૧ | | | ■ | | ■ |

### આડી ચાવી

૨. મફત (૩) (જો.છૂ.)
૪. જોખમ (૩)
૭. બાળકથી માંડીને વૃદ્ધ સુધી (૫)
૮. પંજાબની એક નદી (૪)
૯. --- તું નારાયણી (૨)
૧૦. એક કઠોળ (૨)
૧૨. તોફાન, કનડગત (૩)
૧૩. એક તેજાનો (૨)
૧૪. સમુદ્ર પર સૂનાર, વિષ્ણુ (૪)
૧૬. પિતા (૨)
૧૭. ચામડીનો રંગ, વર્ણ (૨)
૧૯. ઠઠ્ઠા મશ્કરી (૪)
૨૧. પાણી (૨)
૨૨. જુલમ (૩)
૨૩. છાશ (૨)
૨૫. મેળ, ઐક્ય (૨)
૨૬. ભવિષ્ય કથન (૪)
૨૯. સર્વોત્તમ, સુંદર (૫)
૩૦. --- મન શેતાનનું ઘર (૩)
૩૧. ખાનદાન કુટુંબનો પૈસાદાર માણસ, ઉમરાવ (૩)

### ઊભી ચાવી

૧. જાળિયું, બાકું (૩)
૨. --- માં પ્રવૃત્તિ કરો (૩)
૩. ચોખ્ખું, સ્વચ્છ (૨)
૪. લખત, દસ્તાવેજ (૨)
૫. એક તેલી બી (૨)
૬. હંમેશાં (૪)
૭. --- કરવી=હા ના કરવી (૪)
૮. પગેરુ, ભાળ (૩)
૧૦. મશ્કરી (૩)
૧૧. મસાણ (૩)
૧૩. બરબાદી (૩)
૧૫. શિરસ્તો, ધારો (૩)
૧૬. સહેલું (૩)
૧૮. પાપ (૩)
૨૦. --- કરવું=સમાપ્ત કે પૂરું કરવું (૪)
૨૧. જીવનપર્યંત (૪)
૨૨. --- ચડતો હોવો=ચડતી કળા હોવી (૩)
૨૪. મુસાફરી (૩)
૨૫. એક તંતૂ વાદ્ય (૩)
૨૭. અવાજ, ધ્વનિ (૨)
૨૮. તવ (૨)
૨૯. અમૃત (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ કુ | ૨ દ | ર | ૩ તી | ■ | ■ | ૪ અ | સ્ખ | ૫ લિ | ૬ ત |
| ૭ શા | ન | ■ | ૮ ર | જા | ૯ ક | જા | ■ | ૧૦ હા | મ |
| ગ્ર | ■ | ૧૧ આ | છું | ■ | ર્ત | ■ | ૧૨ ર | જ | ત |
| ૧૩ બુ | ઢા | પો | ■ | ■ | ૧૪ વ્ય | થા | ■ | ■ | મું |
| દ્વિ | ■ | ૧૫ આ | ઝા | દ | ■ | ■ | ૧૬ મા | સી | ■ |
| ■ | ૧૭ રો | પ | ■ | ■ | ૧૮ ત | પ | ન | ■ | ૧૯ અ |
| ૨૦ દી | ■ | ■ | ૨૧ વ્ય | ૨૨ ગ્ર | ■ | ■ | ૨૩ ની | ર | જ |
| ૨૪ પા | ૨૫ ર | ધી | ■ | હે | ■ | ૨૬ પા | ય | ■ | રા |
| ૨૭ વ | સા | ■ | ૨૮ મ | શ | હૂ | ર | ■ | ૨૯ રા | મ |
| ૩૦ લી | લ | વ | ણ | ■ | ■ | ૩૧ સ | રો | વ | ર |

## ઓળખાણ પડી?

ભારત - યુરોપિયન યુનિયન વચ્ચેના ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ વખતે ચર્ચામાં રહેલા મહિલા અગ્રણીની ઓળખાણ પડી?

અ) Angela Merkel
બ) Giorgia Meloni
ક) Roberta Metsola
ડ) Ursula von der Leyen



## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

આપેલા વાક્યમાં સાપનું ઘર સંતાયું છે એ શોધી કાઢો.

પાણી ગયું કપાઈ સમંદર તર્યા વગર.

## માઈન્ડ ગેમ

૧૯૭૫ -૭૬ના કટોકટી કાળમાં 'હથેળીનું આકાશ' માટે ગુજરાત સરકારનું પારિતોષિક નહીં સ્વીકારનારા સર્જક કોણ હતા એ ઓળખી કાઢો.

અ) ગુલાબદાસ બ્રોકર  બ) પિતાંબર પટેલ
ક) વિનેશ અંતાણી  ડ) વિષ્ણુ પંડ્યા

## સુડોકુ-૯૨૩૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | | | | ૪ | ૧ | | ૫ | |
| ૪ | | | ૯ | | | | | |
| ૩ | | | ૭ | | ૬ | ૪ | ૧ | |
| ૧ | | ૭ | | | | | | |
| ૬ | ૩ | | | ૯ | | | ૮ | ૧ |
| | | | | | | ૭ | | ૩ |
| | ૧ | ૩ | ૮ | | ૪ | | | ૫ |
| | | | | | ૨ | | | ૭ |
| | ૬ | | ૧ | ૫ | | | | ૨ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૨૩૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૯ | ૨ | ૫ | ૪ | ૧ | ૬ | ૩ | ૭ |
| ૪ | ૭ | ૬ | ૨ | ૯ | ૩ | ૧ | ૫ | ૮ |
| ૩ | ૧ | ૫ | ૭ | ૬ | ૮ | ૨ | ૯ | ૪ |
| ૯ | ૨ | ૩ | ૬ | ૭ | ૫ | ૪ | ૮ | ૧ |
| ૫ | ૮ | ૪ | ૯ | ૧ | ૨ | ૩ | ૭ | ૬ |
| ૭ | ૬ | ૧ | ૩ | ૮ | ૪ | ૫ | ૨ | ૯ |
| ૧ | ૩ | ૮ | ૪ | ૨ | ૭ | ૯ | ૬ | ૫ |
| ૬ | ૫ | ૭ | ૧ | ૩ | ૯ | ૮ | ૪ | ૨ |
| ૨ | ૪ | ૯ | ૮ | ૫ | ૬ | ૭ | ૧ | ૩ |

## ગયા ગુરુવારના જવાબ

| A | B |
|---|---|
| છાકણે | ગૂંગળાવું |
| છાટણે | ઝાટકવું |
| છાન | સરસ |
| છાનની | છણાવટ |
| છાપો | ઓચિંતો હુમલો |

**ગુજરાત મોરી મોરી રેઃ** ભાઈ

**ઓળખાણ પડી?** સિફ્ટ કૌર સમરા

**માઈન્ડ ગેમ :** સંસારી સાધુ

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** કરા

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) પુષ્પા ખોના (૨) કિશોરકુમાર જીવણદાસવેદ (૩) મુલરાજ કપૂર (૪) ભારતી બુચ (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) સુભાષ મોમાયા (૭) વિપીન શાહ (૮) નૂતન વિપીન શાહ (૯) નીતા દેસાઈ (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) શ્રદ્ધા આશર (૧૨) પુષ્પા પટેલ (૧૩) હર્ષા મહેતા (૧૪) લજિતા ખોના (૧૫) પ્રવીણ વોરા (૧૬) મીનળ કાપડિયા (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) નિખિલ બંગાળી (૧૯) અમીશી બંગાળી (૨૦) ભરત કજિરાય (૨૧) મહેશ સંઘવી (૨૨) શીરીન ઔરંગાબાદવાલા (૨૪) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૫) મનીષા શેઠ (૨૬) ફલ્ગુની શેઠ (૨૭) કમલ માતલિયા (૨૮) મહેન્દ્ર લોઢાવિયા (૨૯) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૦) અરવિંદ કામદાર (૩૧) ભાવના કર્વે (૩૨) વિણા સંપટ (૩૩) દેવેન્દ્ર સંપટ (૩૪) અંજુ ટોલિયા (૩૫) કિશોર સંઘરાજકા (૩૬) ડાયના સંતોકે (૩૭) અલકા વાણી (૩૮) વિજય આશર (૩૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૦) નિતીન જયંતિલાલ બજરિયા (૪૧) નયના ગિરીશ મિસ્ત્રી (૪૨) કિરીટ છેડા (૪૩) ચેતના છેડા (૪૪) રમેશભાઈ દલાલ (૪૫) ઈનાક્ષીબેન દલાલ (૪૬) હિનાબેન દલાલ (૪૭) જ્યોત્સના ગાંધી (૪૮) ડો. પ્રકાશ કટકિયા (૪૯) મહેશ દોશી (૫૦) ધીરેન્દ્ર મુલરાજ ઉદેશી (૫૧) પ્રતિમા પમાણી

# અમેરિકાના અચ્છે દિનઃ ટ્રમ્પ

## સ્ટેટ ઓફ ધ યુનિયન સંબોધનમાં અમેરિકી પ્રમુખે દુનિયાભરના દેશો પાસેથી ટૅરિફ વસૂલીને અમેરિકનો માટેના ઇન્કમ ટેકસને નાબૂદ કરવાના પ્લાનના સંકેત આપ્યા

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સ્ટેટ ઑફ ધ યુનિયનને સંબોધન કરીને અમેરિકનોને ખુશ કરતી વાતો કરી છે અને પોતાની સિદ્ધિઓ ગણાવીને સાથે સુપ્રીમ કોર્ટ સાથે શિંગડા ભરાવતા ટેરિફનો માસ્ટર પ્લાનનો સંકેત આપ્યો હતો અને કહ્યું હતું કે દુનિયાભરના દેશો પાસેથી ટેરિફ વસૂલીને ધીરે-ધીરે અમેરિકનો પાસેથી વસૂલાતા ઇન્કમ ટેક્સને નાબૂદ કરવાનું ગાજર લટકાવ્યું હતું.

તેમણે સ્ટેટ ઓફ ધ યુનિયન-૨૦૨૬માં બોલતાં જણાવ્યું કે, અમે ૧૨ મહિનામાં સદીઓનો બદલાવ કર્યો છે. જે આ પહેલાં કોઈ કરી શક્યું નથી. અમેરિકાની આઝાદીને ૨૫૦ વર્ષ પૂરા થવા જઈ રહ્યા છે અને દુનિયામાં અમેરિકા જેવો બીજો કોઈ દેશ નથી અને આપણે સતત પોતાની જાતને શ્રેષ્ઠ બનાવી રહ્યા છીએ. આ અમેરિકાનો સુવર્ણકાળ ચાલી રહ્યો છે.

તાજેતરમાં જ અમેરિકન સુપ્રીમ કોર્ટે ટ્રમ્પના ટેરિફને ગેરકાયદે જાહેર કરતો ચુકાદો આપ્યો હોવા છતાં ટ્રમ્પનું વલણ બદલાયું નથી. તેમણે સ્પષ્ટ કહ્યું છે કે, તેઓ ટેરિફથી નમતું જોખવાના નથી. તેમણે એવું પણ કહ્યું છે કે, ટેરિફ ઇન્કમ ટેક્સની જગ્યા લઈ શકે છે, જેનાથી અમેરિકન જનતા પર ઇન્કમ ટેક્સનો બોજ ઘટી શકે છે.

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારના પ્રવચન દરમિયાન જાહેર કર્યું હતું કે આપણે જીતી રહ્યા છીએ. મે નવો વિશ્વક્રમ સ્થાપતા રોજગાર અને ઉત્પાદન વધાર્યા છે. મારી ઉપલબ્ધિની લાંબી યાદી નીચે જઈ રહેલી મારા રેટિંગનો પ્રતિકાર કરશે.

તેમના ભાષણનો મુખ્ય હેતુ અમેરિકનોના મગજમાં એ વાત ઠસાવવાનો હતો કે ઘણા માને છે કે તેના કરતા પણ અમેરિકાનું અર્થતંત્ર મજબૂત છે અને નવેમ્બરની વચગાળાની ચૂંટણી દરમિયાન અર્થતંત્રને વધુ મજબૂત બનાવવા તેમણે મને વોટ કરવો જોઈએ. તેમણે ગયા વર્ષે સંસદના સંયુક્ત સત્રમાં ૧૦૦ મિનિટ લાંબા પ્રવચનનો પોતાનો વિક્રમ આ વખતે તોડ્યો હતો.

ટ્રમ્પે કહ્યું, જ્યારે મેં ૧૨ મહિના પહેલા આ ચેમ્બરમાં વાત કરી હતી ત્યારે મને સંકટમાં હોય તેવો દેશ વારસમાં મળ્યો હતો. દેશનું અર્થતંત્ર ખોરંભે ચડ્યું હતું. મોંઘવારી રેકોર્ડ સ્તરે હતી, દેશની સરહદો ખુલ્લી હતી, મિલિટ્રી અને પોલીસમાં ભરતી નહોતી થઈ, દેશમાં ગુનાખોરીનો ગ્રાફ ઉંચકાયો હતો અને સમગ્ર વિશ્વમાં યુદ્ધનો માહોલ હતો. પરંતુ એક વર્ષમાં હું ગર્વ સાથે કહી શકું છું કે, અમે પહેલા કોઈએ ન કર્યો હોય તેવો બદલાવ કર્યો છે.

આ ઉપરાંત ટ્રમ્પે કહ્યું, આજે આપણી સરહદો સુરક્ષિત છે. નવ મહિનામાં એક પણ ઘૂસણખોરીની ઘટના બની નથી. જે લોકો કાનૂની રીતે અમેરિકા આવે છે તેમનું સ્વાગત છે. દેશમાં ખતરનાક ફેન્ટાનિલ ડ્રગ્સની ઘટનામાં ૫૬ ટકા ઘટાડો થયો છે. દેશમાં હત્યાના દરમાં પણ ઐતિહાસિક ઘટાડો થયો છે અને ૧૨૫ વર્ષની સૌથી ઓછી ઘટના નોંધાઈ છે. બાઈડન સરકારે ખરાબ અર્થતંત્ર આપ્યું હતું. પરંતુ અમે મોંઘવારી ઘટાડી અને છેલ્લા પાંચ વર્ષમાં આ સૌથી ઓછા સ્તરે છે. ગેસોલીનની કિંમતમાં પણ ઘટાડો થયો છે અને ઘણા રાજ્યોમાં તે ૨.૩૦ ડોલરથી પણ ઓછી છે. મોર્ગેજ રેટ પણ ઘટ્યો છે. ■

# અનિલ અંબાણીનું મુંબઈનું ૩૭૧૬ કરોડ રૂપિયાનું ઘર ઈડી દ્વારા જપ્ત

નવી દિલ્હીઃ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઈડી) એ મની લોન્ડરિંગ વિરોધી કાયદા હેઠળ જાણીતા ઉદ્યોગપતિ અનિલ અંબાણી વિરુદ્ધ કડક કાર્યવાહી કરી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, કેન્દ્રીય તપાસ એજન્સીએ મુંબઈમાં આવેલા અનિલ અંબાણીના આલીશાન ઘરને જપ્ત કર્યું છે. આ ઘરનું નામ 'અબોડ' છે. ૬૬ મીટર ઊંચું અને ૧૭ માળનું આ વૈભવી ઘર મુંબઈના બાંદ્રાના પાલી હિલ વિસ્તારમાં આવેલું છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, તેમની ગ્રૂપ કંપની રિલાયન્સ કોમ્યુનિકેશન્સ (આરકોમ) દ્વારા કથિત બેન્ક ફ્રોડ સાથે જોડાયેલા કેસમાં ઘરને જપ્ત કરવા માટે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) હેઠળ આદેશ જાહેર કરવામાં આવ્યો છે. તેઓએ જણાવ્યું હતું કે જપ્ત કરાયેલી સંપત્તિની કિંમત ૩૭૧૬.૮૩ કરોડ રૂપિયા છે.

૬૬ વર્ષીય અંબાણી તેમની બીજી રાઉન્ડની પૂછપરછ માટે અહીં ફેડરલ તપાસ એજન્સી સમક્ષ હાજર થાય તેવી સંભાવના છે. તેમણે પહેલી વાર ઓગસ્ટ ૨૦૨૫માં ઈડી સમક્ષ નિવેદન આપ્યું હતું. તેમનું નિવેદન પીએમએલએ હેઠળ નોંધાયું હતું. નવા આદેશ સાથે આ કેસમાં જપ્ત કરાયેલી કુલ સંપત્તિની કિંમત લગભગ ૧૫,૭૦૦ કરોડ રૂપિયા થઈ છે. ■

# યુકેએ ભારતીયો માટે ઈ-વિઝા ફરજિયાત બનાવ્યા

લંડનઃ યુકેએ બુધવારથી નવી ડિજિટલ ટ્રાવેલ સિસ્ટમ અમલમાં મૂકી છે અને તે અંતર્ગત ભારતીયો માટે ઈ-વિઝા અને નૉન-વિઝા વિઝિટર્સ માટે ઈલેક્ટ્રોનિક ટ્રાવેલ ઑથોરાઈઝેશન (ઈટીએ) ફરજિયાત બનાવ્યા છે. આ નવી યંત્રણા પેપર આધારિત વિઝા સ્ટીકર્સનું સ્થાન લેશે. નવી યંત્રણા અંતર્ગત બાયોમેટ્રીક રજિસ્ટ્રેશન માટે વ્યક્તિગત રીતે એપ્લિકેશન સેન્ટરની મુલાકાત લેવાની રહેશે. પ્રોસેસિંગના સમયગાળા માટે પાસપોર્ટ જેવા દસ્તાવેજો ત્યાં મૂકી જવાની હવે જરૂર નહીં રહે. આ યંત્રણા પ્રવાસ વધુ સરળ બનાવશે, એમ યુકેના મિનિસ્ટર માઈક ટૅપએ કહ્યું હતું. ■

# હેમંત સોરેન સામે ઇડી કેસમાં ટ્રાયલ પર સુપ્રીમ કોર્ટે સ્ટે મૂક્યો

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે બુધવારે ઝારખંડના મુખ્ય પ્રધાન હેમંત સોરેન સામે નોંધાયેલા મની લોન્ડરિંગ કેસમાં ટ્રાયલ પર સ્ટે મૂક્યો છે.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને વિપુલ એમ. પંચોલીની બેન્ચે સોરેનની અરજી પર એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટને નોટિસ ફટકારી હતી જેમાં તેમણે કેસ રદ કરવાની માગ કરી હતી.

સુપ્રીમ કોર્ટ સમક્ષની પોતાની અરજીમાં, સોરેને ઇડી દ્વારા તેમને જારી કરાયેલા વારંવારના સમન્સને પણ પડકાર્યો હતો.

સોરેને ઝારખંડ હાઇકોર્ટના તાજેતરના નિર્ણયને પડકાર્યો છે જેમાં તેમણે તેમની સામેનો કેસ રદ કરવાનો ઇનકાર કર્યો હતો.

૧૫ જાન્યુઆરીના રોજ, હાઇકોર્ટે ઇડી દ્વારા દાખલ કરાયેલ ફરિયાદ કેસમાં ખાસ સાંસદ-ધારાસભ્ય માટેની કોર્ટ દ્વારા સોરેન સામે લેવાયેલી સંજ્ઞાનને રદ કરવાનો ઇનકાર કર્યો હતો, જેનાથી જે એમ એમ નેતાને મોટો ઝટકો લાગ્યો હતો.

જમીન કૌભાંડમાં તેમની કથિત સંડોવણીના સંદર્ભમાં ઇડી દ્વારા જારી કરાયેલા સમન્સ છતાં ઇડી દ્વારા હાજર ન થવા બદલ ઇડીએ સોરેન સામે ફરિયાદ કેસ દાખલ કર્યો હતો. ■

# બે રશિયન સાથે અફેરની બિલ ગેટ્સે કરી કબૂલાત

## આ સાથે જ એપસ્ટીન કાંડ સંબંધે ગેટ્સ ફાઉન્ડેશનના સ્ટાફની માફી માગી

ન્યૂ યોર્કઃ અમેરિકન ટેક ઉદ્યોગસાહસિક બિલ ગેટ્સે દોષિત સેક્સ અપરાધી જેફ્રી એપસ્ટીન સાથેના તેમના સંબંધોને લઇને ગેટ્સ ફાઉન્ડેશનના સ્ટાફની માગી છે. તેમજ તેમણે કંઇ ખોટું કર્યું ન હોવાનું પણ જણાવ્યું છે. આ જાણકારી એક મીડિયા અહેવાલમાં સામે આવી છે.

ધ વોલ સ્ટ્રીટ જર્નલે મંગળવારે એક એક્સક્લૂઝિવ રિપોર્ટમાં જણાવ્યું કે માઇક્રોસોફ્ટના સહ-સ્થાપકે તેમના બે રશિયન મહિલાઓ સાથે અફેર હોવાની વાત પણ સ્વીકારી હતી. તેમજ કહ્યું કે એવી ભૂલો કરી કે જેના કારણે ચેરિટી ગ્રૂપ પર શંકાના વાદળો ઘેરાયાં હતાં. તેમજ તેમણે એપસ્ટીનના અપરાધોમાં તેમની કોઇ સંડોવણી ન હોવાનું પણ ભારપૂર્વક જણાવ્યું હતું.

ગેટ્સ અનેક સેલિબ્રિટી, રાજકારણીઓ, નેતાઓ અને ટેક ઉદ્યોગસાહસિકોમાંના એક હતા, જેમના સેક્સ અપરાધીઓ સાથેના સંબંધોનો પર્દાફાશ થયો હતો. આ વાત હજારો દસ્તાવેજો પરથી સ્પષ્ટ થાય છે. જેમાં ઇમેઇલ્સ, ઇન્ટરવ્યૂ ટ્રાન્સક્રિપ્ટ્સ, ફોટા, કોલ લોગ્સ વગેરેનો સમાવેશ થાય છે. જેમાંથી કેટલાકના નામ હટાવી દેવામાં આવ્યા હતા. આ દસ્તાવેજોને ગત મહિને યુએસ જસ્ટિસ ડિપાર્ટમેન્ટ દ્વારા ઓનલાઇન પ્રકાશિત કરવામાં આવ્યા હતા. જેને એપસ્ટીન ફાઇલ્સ તરીકે ઓળખવામાં આવે છે. મંગળવારે એક ટાઉન હોલમાં ગેટ્સે બે રશિયન મહિલાઓ સાથેના સંબંધોનો સ્વીકાર કર્યો હતો. જેના વિશે એપસ્ટીનને પાછીથી જાણ થઇ હતી. પરંતુ તેમાં એપસ્ટીનના પીડિતોનો સમાવેશ થતો ન હતો. ■

# વાટાઘાટથી આવી શકે હકારાત્મક પરિણામઃ ઈરાન

દુબઈઃ ઈરાનના અણુ કાર્યક્રમને લઈને જીનિવામાં યોજાનારી મહત્ત્વની બેઠક અગાઉ અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે દબાણ આણવા અપનાવેલી તરકીબ સામે ઈરાને નમતું ઝોખી પીછેહઠ કરી છે.

ઈરાને ટ્રમ્પની ટીપ્પણીને 'સૌથી મોટું જુઠ્ઠાણુ' ગણાવી હતી અને વ્યૂહાત્મક પીછેહઠ કરી હતી, સાથે આદરપૂર્વકની અને મુત્સદ્દીગીરી વાટાઘાટનું હકારાત્મક પરિણામ લાવી શકે છે એવું પણ કહ્યું હતું.

ગયા મહિને દેશમાં રાષ્ટ્રવ્યાપી વિરોધપ્રદર્શન થયા બાદ ઈરાન ઘરઆંગણે ભારે વિરોધનો સામનો કરી રહ્યું છે તેવામાં અમેરિકાએ ઈરાન સાથે કરાર કરવા અપનાવેલા વ્યૂહાત્મક પ્રયાસના ભાગરૂપ અમેરિકાએ અખાત વિસ્તારમાં મોટા પ્રમાણમાં ઍરક્રાફ્ટ અને યુદ્ધજહાજ ગોઠવી દેતાં ઈરાનના બે અધિકારીએ ઉપરોક્ત ટિપ્પણી કરી હતી. (એજન્સી) ■

# વિજય દેવરકોંડા અને રશ્મિકાને પીએમ મોદીએ પાઠવી શુભેચ્છા

નવી દિલ્હીઃ સાઉથ ઈન્ડિયન ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં મોસ્ટ પોપ્યુલર અને પાવરકપલ તરીકે ઓળખાતા રશ્મિકા મંદાના અને વિજય દેવરકોંડા લગ્નબંધનમાં બંધાવવા જઈ રહ્યા છે ત્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કપલને શુભેચ્છા આપતી ભાવુક પોસ્ટ શેર કરી છે. ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીજીએ વિજય દેવરકોંડા અને રશ્મિકા મંદાનાને તેમના લગ્ન નિમિત્તે આશીર્વાદ અને શુભેચ્છા પાઠવી છે. વડા પ્રધાન મોદીજીએ વિજયના માતા-પિતાને સંબોધીને એક પત્ર લખ્યો છે, જેમાં તેમણે ૨૬મી ફેબ્રુઆરીના યોજાનારા લગ્નનું નિમંત્રણ મળવા બદલ આનંદ વ્યક્ત કર્યો હતો. વડા પ્રધાને આ લગ્નને વિજય અને રશ્મિકાના જીવનનું એક સુંદર પ્રકરણ ગણાવ્યું છે. પીએમ મોદીજીએ પાઠવેલા શુભેચ્છા સંદેશમાં તેમણે લખ્યું છે તે તમે બંને ફિલ્મી સ્ક્રિપ્ટ્સથી તો પરિચિત છો, પરંતુ તમારી અસલી જિંદગીની આ વાર્તા મોટા પડદાના જાદુ કરતા પણ વધુ ખાસ હશે, જે સ્વયં ભગવાને લખી છે. ■

### બીએસએનેલના ડિરેક્ટરનો બાદશાહી ઠાઠ

# તેમના પ્રયાગરાજ પ્રવાસ માટે ૫૦ અધિકારી કામે લાગ્યા, અંડરવેઅરથી બાથકિટ સુધીની વ્યવસ્થા

## સરકાર ભડકીઃ પ્રવાસ રદ કર્યો, શૉ કૉઝ નૉટિસ આપી

નવી દિલ્હીઃ તાજેતરમાં જ જેમની પ્રયાગરાજની નિર્ધારિત ટ્રિપ રદ કરવામાં આવી હતી તે બીએસએનએલના ડિરેક્ટર વિવેક બન્ઝાલને લગતા વિવાદ અંગે સરકારે બુધવારે પ્રતિક્રિયા આપી હતી.

સંદેશવ્યવહાર ખાતાના પ્રધાન જ્યોતિરાદિત્ય સિંધિયાએ બીએસએનએલના અધિકારીના બે દિવસની ખર્ચાળ પ્રવાસનો વિરોધ કર્યો હતો અને કહ્યું હતું કે તેમને કારણદર્શક નોટિસ આપવામાં આવી છે અને સાત દિવસમાં પ્રતિક્રિયા આપવા જણાવાયું છે.

મેં એ સ્પષ્ટ કરી દીધું છે કે આ અયોગ્ય છે અને સ્થાપિત નિયમો તેમ જ પરંપરાઓનો ભંગ કરે છે એમ જણાવતાં સમાચાર સંસ્થાને આપેલી મુલાકાતમાં કહ્યું હતું કે આ અસ્વીકાર્ય અને આઘાતજનક છે. ૩૫ વર્ષનો અનુભવ ધરાવતા અને ૮૭મા બૅચના સંદેશવ્યવહાર સેવા અધિકારી વિવેક બન્ઝાલ (કન્ઝ્યુમ ફિક્સ્ડ એસેસ-સીએફએ) બીએસએનએલ ખાતે ડિરેક્ટર છે.

તેમનો ફેબ્રુઆરી ૨૫-૨૬નો તાજેતરની પ્રયાગરાજની ટ્રીપનો પ્લાન વાઈરલ થયો હતો.

ઑનલાઈન ફરી રહેલા ૨૧ મુદ્દાના દસ્તાવેજો મુજબ જુનિયર ટૅક્નિકલ ઑફિસર્સ અને ઍન્જિનિયર્સથી લઈને સબ-ડિવિઝનલ અને ડિવિઝનલ ઍન્જિનિયર્સ સહિત પચાસ જેટલા અધિકારીઓને આ ટ્રીપ માટે બન્ઝાલની સેવાની જવાબદારી સોંપવામાં આવી હતી.

બન્ઝાલ માટે કરવામાં આવેલી વ્યવસ્થામાં હૅર ઓઈલ, સાબુ, શૅમ્પૂ, અરીસો, બૅડશીટ, અન્ડરવેઅર, કાંસકા, ટૂથપેસ્ટ, બ્રશ, શૅવિંગ કિટ, સ્લિપર્સ વગેરેનો સમાવેશ થતો હતો. પુરુષ માટેની છ અને બે મહિલા માટેની બે સહિત કુલ આઠ બાથ કિટની વ્યવસ્થા કરવામાં આવી હતી. સ્નાન કર્યા બાદની વ્યવસ્થા પર નજર રાખવાની જવાબદારી એક વરિષ્ઠ અધિકારીને સોંપવામાં આવી હતી. (એજન્સી) ■

# અશ્લીલતા સામે કેન્દ્રની લાલ આંખઃ પાંચ ઓટીટી પ્લેટફોર્મ પર પ્રતિબંધ

નવી દિલ્હીઃ ડિજિટલ મીડિયા અને મનોરંજનના નામે અશ્લીલતા ફેલાવતા તત્વો સામે કેન્દ્ર સરકારે કડક વલણ અપનાવ્યું છે. ઓનલાઇન કન્ટેન્ટની મર્યાદા ઓળંગતા પ્લેટફોર્મ્સ પર લગામ કસવા માટે માહિતી અને પ્રસારણ મંત્રાલયે એક મોટું પગલું ભર્યું છે. લાંબા સમયથી મળી રહેલી ફરિયાદો અને આંતરિક તપાસ બાદ, સામાજિક મર્યાદાઓનું ઉલ્લંઘન કરનારા પાંચ મોટા ડિજિટલ પ્લેટફોર્મ્સ પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ લાદી દેવામાં આવ્યો છે.માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા લેવાયેલા આ આકરા નિર્ણય હેઠળ મૂડએક્સવીઆઈપી, કોયલ પ્લેપ્રો, ડીજી મૂવીપ્લેક્સ, ફીલ અને જુગનુ નામના પાંચ ઓટીટી પ્લેટફોર્મ્સને બ્લોક કરવાનો આદેશ અપાયો છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ તમામ પ્લેટફોર્મ પર એવી સામગ્રી ઉપલબ્ધ હતી જે અશ્લીલ અને વાંધાજનક શ્રેણીમાં આવે છે. ■


## પશ્ચિમ રેલવે

સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ-મેનેજર, મુંબઈ સેન્ટ્રલ ડિવિઝન,
પશ્ચિમ રેલવે ડિવિઝનલ રેલવે મેનેજર, કોમર્શિઅલ વિભાગ, NFR સેક્શન, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - ૪૦૦ ૦૦૮.

**કામ- મુંબઈ ડિવિઝનમાં વિવિધ NFR મીડિયા દ્વારા જાહેરાતનું પ્રદર્શન.**

| ઓક્શન કેટલોગ નં. | ઓક્શન પ્રારંભ (તમામ લોટ્સ) |
|---|---|
| MMCT-PnU-૨૫-૧૯ | ૧૬-૦૩-૨૬ ૧૪:૦૦:૦૦ |

| ક્ર. નં. | લોટ નંબર | સ્થળ/વિસ્તાર | દિવસ | ઈ-ઓક્શનની બંધ થવાની તારીખ & સમય |
|---|---|---|---|---|
| ૧ | PnU-BCT-MMCT-WRL-૮૦-૨૫-૧ (પે એન્ડ યુઝ-લોઉન્જ/વેઈટિંગ/નિવૃત્તિ/કલોક રૂમ) | મુંબઈ સેન્ટ્રલ (MMCT) સ્ટેશન ખાતે રિટાયરિંગ રૂમ/ડોર્મિટરીઝનું રિનોવેશન, ઓપરેશન અને જાળવણી માટે ઈ-ઓક્શન | ૧૮૨૬ | ૧૬-૦૩-૨૬ ૧૪:૩૦:૦૦ |

| ઓક્શન કેટલોગ નં. | ઓક્શન પ્રારંભ (તમામ લોટ્સ) |
|---|---|
| MMCT-ADVT-૨૫-૮૧ | ૧૬-૦૩-૨૬ ૧૫:૦૦:૦૦ |

| ક્ર. નં. | લોટ નંબર | સ્થળ/વિસ્તાર | દિવસ | ઈ-ઓક્શનની બંધ થવાની તારીખ & સમય |
|---|---|---|---|---|
| ૧ | ADVT-Int-S1-EMU-૧૫-car-૩૫૭-૨૬-૧ (જાહેરાત - ટ્રેન ઈન્ટેરિઅર) | ૫ વર્ષની મુદત માટે પશ્ચિમ રેલવેના મુંબઈ ડિવિઝનમાં ૧૫ કાર્સ/કોચેસ EMUs રેક્સની ૧૦ નં. ના ઈન્સાઈડ પેનલ અને રૂપ મેપ દ્વારા જાહેરાતનું પ્રદર્શન | ૧૮૨૬ | ૧૬-૦૩-૨૬ ૧૫:૩૦:૦૦ |

સંપર્ક વિગતોઃ લેન્ડલાઈન નં. ૦૨૨૬૭૬૪૨૧૨ ઈમેલ ID: acmadvtgbct@gmail.com નોંધઃ સંભવિત બિડરોએ IREPS વેબસાઈટ (www.ireps.gov.in) પર ઈ-ઓક્શન લિઝિંગ મોડ્યૂલની મુલાકાત લેવા વિનંતી.

1170

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ X.com/WesternRly



## BRIHANMUMBAI MAHANAGARPALIKA

K.E.M. હોસ્પિટલ, પરેલ, મુંબઈ-૪૦૦ ૦૧૨

ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટીસ

KEM/૨૩૬/MST/NON-SCH/૨૬ (ઈ-ટેન્ડર)

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર નીચેના ઓનલાઈન ઈ-ટેન્ડરો મંગાવે છે. ટેન્ડર ફક્ત મહાટેન્ડર પોર્ટલ (https://mahatenders.gov.in) દ્વારા મંગાવવામાં આવે છે.

| ક્ર. નં. | વર્ણન | ઈ-ટેન્ડર ફી | બારડી | ઓનલાઈન બીડ ડાઉનલોડિંગની પ્રારંભ તારીખ અને સમય | ઓનલાઈન બીડ સુપ્રતિ અંતિમ તારીખ અને સમય |
|---|---|---|---|---|---|
| ૧. | KEM/૨૩૫/MST/NON-SCH/૨૬ B.M.C.ના K.E.M. હોસ્પિટલના દર્દીઓ માટે અમારી IHC સર્વિસેસ ચાલુ રાખવા માટે હોર્સ રેડીશ પેરોક્સિડેઝ કીટ્સ - ઇમ્યુનોહિસ્ટોકેમિસ્ટ્રી (IHC)ની ખરીદી. ૨૦૨૬_MCGM_૧૨૮૧૧૪૨_૧ | ૭૨૬ + (૧૮% GST) | ૧૦,૦૦૦ | ૨૬.૦૨.૨૦૨૬ ૧૮.૦૦ ક. | ૦૫.૦૩.૨૦૨૬ ૧૫.૦૦ ક. |
| ૨. | KEM/૨૩૪/MST/NON-SCH/૨૬ B.M.C.ના K.E.M. હોસ્પિટલના દર્દીઓ માટે અમારા IHC સર્વિસો ચાલુ રાખવા માટે હોર્સ રેડીશ પેરોક્સિડેઝ કીટ્સ - ઇમ્યુનોહિસ્ટોકેમિસ્ટ્રી (IHC)ની ખરીદી. ૨૦૨૬_MCGM_૧૨૮૧૧૪૫_૧ | ૭૨૬ + (૧૮% GST) | ૧૦,૦૦૦ | ૨૬.૦૨.૨૦૨૬ ૧૮.૦૦ ક. | ૦૫.૦૩.૨૦૨૬ ૧૫.૦૦ ક. |

મહાટેન્ડર પોર્ટલ (https://mahatenders.gov.in) દ્વારા બીડ મંગાવવામાં આવશે. ટેન્ડરર નોટીસ અંગે ઈશ્યૂ કરાયેલ કોઈપણ સુધારા ફક્ત મહાટેન્ડર વેબસાઈટ પર પ્રકાશીત કરવામાં આવશે. સ્થાનિક અખબારોમાં કોઈ સુધારા પ્રકાશિત કરવામાં આવશે નહીં.

સહી/-
ડીન
KEM હોસ્પિટલ

PRO/3087/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.



## BRIHANMUMBAI MAHANAGARPALIKA

એસેસમેન્ટ અને કલેકશન વિભાગ

ઓકશન વેચાણ

(કર બાકી રકમની વસૂલાત માટે)

સુધારો

કરવેરા આકારણી અને વસૂલાત વિભાગની હરાજી માટે ૨૪/૦૨/૨૦૨૬ના રોજ અખબારમાં ૧૨ મિલકતો અંગે જાહેર હરાજી માટે એક લાંબી નોટીસ પ્રકાશિત કરવામાં આવી હતી. ઉપરોક્ત જાહેરાતમાં, મિલકતના સ્થાનને બદલે મિલકત ધારકનું પત્રવ્યવહાર સરનામું પ્રકાશિત કરવામાં આવ્યું છે. આ કિસ્સામાં, હરાજીની પ્રક્રિયાને સરળ બનાવવા માટે, મિલકત જ્યાં સ્થિત છે તે પ્રકાશિત સરનામાંને બદલે નીચે દર્શાવેલ સરનામું વાંચવું જોઈએ. બાકીની મિલકતોનું સરનામું પહેલાની જેમ જ ધારણ કરવું જોઈએ.

| ક્ર. નં. | વૉર્ડ નામ | મિલકત લેખા ક્ર. | છપાયને આવેલું સરનામું | મિલકત જ્યાં સ્થિત છે તેનું સુધારેલું સરનામું |
|---|---|---|---|---|
| ૧. | HW | HW1404660020000 | M/S સુમર એસોસિએટ્સ ૨૦૧, કોમર્સ હાઉસ, ૧૪૦, ફોર્ટ, N.M. રોડ, મુંબઈ-૪૦૦૦૦૧ | M/S સુમર એસોસિએટ્સ, ધ બોમ્બે કેથોલિક CHS, S.V. રોડ, સાંતાક્રુઝ પશ્ચિમ, મુંબઈ - ૪૦૦૦૫૪. |
| ૨. | SX | SX0403130060000 | M/S રાજહંસ એસોસિએટ્સ, R.B. હાઉસ, M.I.D.C. ક્રોસ રોડ, અંધેરી કુર્લા રોડ બહાર, J.B. નગર, અંધેરી પૂર્વ, મુંબઈ-૪૦૦૦૫૯ | M/S રાજહંસ એસોસિએટ્સ, વિણા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ પાસે, વિક્રોલી પશ્ચિમ, મુંબઈ - ૪૦૦૦૮૩. |
| ૩. | HW | HW2500280010000 | શ્રી રામચંદ હેમાંદાસ સેતપાલ, ૧૦, શાંતિ નિકેતન, ૯૫ A મરીન ડ્રાઈવ, મુંબઈ-૪૦૦૦૦૨ | શ્રી રામચંદ હેમાંદાસ સેતપાલ, પ્લોટ નં. ૩૩-B, ઈન ધ કમ્પાઉન્ડ ઓફ સેવા CHS, રોડ નં. ૩, H/પશ્ચિમ MCGM ઓફિસ પાસે, રામ ક્રિષ્ના નગર, ખાર પશ્ચિમ, મુંબઈ-૫૨. |
| ૪. | EX | EX1305470220000 | M/S સુમર બિલ્ટકોર્પ પ્રા. લિ. ૨૦૩, પેનિનસુલા કોર્પોરેટ પાર્ક, ટાવર ૧A વિંગ, ગણપતરાવ કદમ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ-૪૦૦૦૧૩ | M/S સુમર બિલ્ટકોર્પ પ્રા. લિ., અબ્દુલ હુસૈન SG તાંબાવાલા ૨૪૦, એટલાસ મિલ કમ્પાઉન્ડ, રે રોડ, મુંબઈ-૧૦. |
| ૫. | HW | HW0305100060000 | શ્રી. એચ. સી. મહેતાની ૨૧B એલ્કો આર્કેડ, ૪૬ હિલ રોડ, બાંદ્રા (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૫૦ | M/S એલ્કો આર્કેડ કોમર્શિઅલ પ્રિમાઈસિસ, CTS નં. ૧૦૭૦ થી ૧૦૭૪, FP નં. ૮૪, ગામ બાંદ્રા, D વિંગ-૪૬A, હિલિમ રોડ, બાંદ્રા, મુંબઈ-૫૦. |
| ૬. | HW | HW0401190030000 | વિકેર એસટી પિટર્સ ચર્ચ, ૭૪-૭૬ હિલ રોડ, બાંદ્રા, મુંબઈ-૪૦૦૦૫૦ | વિકેર ST પિટર્સ ચર્ચ, જહોન બાપ્ટીસ્ટ રોડ, બાંદ્રા પશ્ચિમ, મુંબઈ-૫૦. |
| ૭. | HW | HW0704960140000 | શ્રીમતી હરદેવી પી. રાજપાલ, દિલબહાર બંગલો, ફિરોઝ શાહ સ્ટ્રીટ, સાંતાક્રુઝ પશ્ચિમ, મુંબઈ-૪૦૦૦૫૪ | શ્રીમતી હરદેવી પી. રાજપાલ, ૪૯/C, પાલી નાકા, બાંદ્રા પશ્ચિમ, મુંબઈ ૪૦૦૦૫૦. |

સહી/-
ડે. એસેસર અને કલેક્ટર/કોમ્પ્યુટર

PRO/3076/ADV./2025-26/સુધારો

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.



PUBLIC NOTICE પબ્લિક નોટીસ

## પશ્ચિમ રેલવે

**બોર્ડી રોડ ખાતે હોલ્ટ કોન્ટ્રાકટરોની નિમણૂક**

Sr. ડિવિઝનલ કોમર્શિઅલ મેનેજર, કોમર્શિયલ વિભાગ, ગ્રાઉન્ડ ફ્લોર, DRMની ઓફિસ, મુંબઈ સેન્ટ્રલ, પશ્ચિમ રેલવે. ટેન્ડર નોટીસ નં. C૧૭૧/૧/જન/૨૦૨૬/૦૨, તા. ૨૪.૦૨.૨૦૨૬. કામ અને સ્થળઃ બોર્ડી રોડ, (BRRD) બાગુમારા (BGMR) & સોનશેલુ (SNSL) ખાતે હોલ્ટ કોન્ટ્રાક્ટરોની નિમણૂંક માટે અરજીઓ મંગાવે છે. કામની અંદા. કિંમતઃ ₹ Nil. બારડીઃ ₹ Nil. સુપ્રતિની તારીખ & સમયઃ ૧૭.૦૩.૨૦૨૬, ૧૫.૦૦ ક. સુધી. ખોલવાની તારીખ & સમયઃ ૧૭.૦૩.૨૦૨૬ના ૧૫.૩૦ ક. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો. 1173

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

## પશ્ચિમ રેલવે ભાવનગર મંડળ

**ઈલેક્ટ્રોનિક કોચ ગાઈડન્સ સિસ્ટમની જોગવાઈના સંદર્ભમાં ટેલિકોમ વસ્તુઓનો પુરવઠો, સ્થાપન, પરીક્ષણ અને કમિશનિંગ**

ભારતના રાષ્ટ્રપતિ વતી પશ્ચિમ રેલવે, ભાવનગરના ડિવિઝનલ રેલવે મેનેજર (એસ એન્ડ ટી), નીચેના કામો માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. **ટેન્ડર નં. 58-2025:** ભાવનગર ડિવિઝનના ભાવનગર પરા (BVP), સિહોર (SOJN), સોનગઢ (SGD), ધોળા જંક્શન(DLJ), બોટાદ જંક્શન (BTD), કેશોદ (KSD), જૂનાગઢ (JND), ગોંડલ (GDL) અને પોરબંદર (PBR) સ્ટેશનો પર ઈલેક્ટ્રોનિક કોચ ગાઈડન્સ સિસ્ટમની જોગવાઈના સંદર્ભમાં ટેલિકોમ વસ્તુઓનો પુરવઠો, સ્થાપન, પરીક્ષણ અને કમિશનિંગ. **અંદાજિત ખર્ચઃ** ₹ ૪૫૭૫૬૮૨૨.૮૧/- (રૂ. ચાર કરોડ સત્તાવન લાખ છપ્પન હજાર આઠસો બાવીસ રૂપિયા અને એક્યાસી પૈસા માત્ર) બિડરોએ વધુ વિગતો માટે ફક્ત www.ireps.gov.in લિંક દ્વારા ઓનલાઈન અરજી કરવાની રહેશે. કૃપા કરીને વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો. ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ ૧૭/03/૨૦૨૬ ૧૫.00 કલાક સુધી. BVP 281

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly



## જાહેર સૂચના

આથી જાહેર કરવામાં આવે છે કે મુંબઈની ભારતીય રહેવાસી **શ્રીમતી હીના રમેશ છેડા (PAN: AAAPC6004E)**, પ્લોટ નં. ૧૨૬, પ્રેમ નિકેતન, સાયન પશ્ચિમ, મુંબઈ - ૪૦૦૦૨૨ ખાતે રહે છે, તેઓએ નીચે અનુસૂચિમાં વર્ણવેલ તેમની માલિકીની મિલ્કત અમારા ગ્રાહકને વેચવા અને હસ્તાંતર કરવા સંમતિ આપી છે. આ મિલ્કત તમામ પ્રકારના બોજા, અટકાવો અને શંકાઓથી મુક્ત, સ્પષ્ટ અને બજારમાં વેચાણયોગ્ય હક સાથે તેમજ ખાલી અને શાંતિપૂર્ણ કબજામાં આપવાની છે.

નીચે વર્ણવેલ મિલ્કત અથવા તેના કોઈપણ ભાગ અંગે વેચાણ, ભાડે આપવું, ઉપભાડે આપવું, ભાડે રાખવું, ટાઇટલ ડીડ્સની જમા, લીવ એન્ડ લાયસન્સ, ગીરવે, ચાર્જ, લિયન, ભેટ, વિનિમય, મુક્તિ, ટ્રસ્ટ, જાળવણી, વસીયત, વારસો, કબજો, વપરાશ, મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ, વ્યવસ્થા, ઇઝમેન્ટ, હિતલાભ અથવા અન્ય કોઈ રીતે કોઈ દાવો, માંગણી અથવા હિસ્સો હોય તો તે અંગે જરૂરી દસ્તાવેજોની સચ્ચાઈથી પ્રમાણિત નકલો સાથે લેખિતમાં નીચે સહી કરનારને **૧૦૧, સેકસારીયા ચેમ્બર્સ, ૧૩૯, નગીન્દાસ માસ્ટર રોડ, ફોર્ટ, મુંબઈ - ૪૦૦૦૦૧** પર આ પ્રકાશનની તારીખથી **૧૪ દિવસની** અંદર જાણ કરવી. અન્યથા, આવા દાવા અને/અથવા માંગણીઓ હોય તો તે રદ અને/અથવા ત્યજી દેવાયેલ ગણાશે અને વેચાણ તેના ઉલ્લેખ વિના પૂર્ણ કરવામાં આવશે.

**ઉપરોક્ત મિલ્કતનું વર્ણન**

ડી-વિંગના ૩૦મા માળ પર આવેલ રહેણાંક પ્રિમાઇસિસ નં. ડી -૩૦૦૩, અંદાજે ૪૩૩.૯૯ ચો.મી. કાર્પેટ વિસ્તાર (સમકક્ષ ૪૬૭૧.૪૬ ચો.ફુટ કાર્પેટ વિસ્તાર) તેમજ પી ૧ લેવલ પર કે૧૬, કે૧૬A, પી ૨ લેવલ પર એન૭, એન૮ અને પી ૮ લેવલ પર એમ૧૨, એમ૧૩, એમ૧૪, એમ૨૧ એમ કુલ આઠ (૮) વિશિષ્ટ આવરિત કાર પાર્કિંગ જગ્યાઓ સાથે, **"ઇન્ડિયાબુલ્સ બ્લુ"** નામની ઇમારતમાં [કુલ ૩૫ માળ (૨બી+જી)+૩૨ ઉપરના રહેણાંક માળ)] આવેલ છે. આ ઇમારત કેડસ્ટ્રલ સર્વે નં. ૧૨૮, ૧૨૯, ૧૩૦, ૧૩૧, ૧૩૨, ૧/૧૩૨ અને ૧૩૩ (ભાગ) એમ કુલ અંદાજે ૪૬,૩૨૬.૯૬ ચો.મી. ફ્રીહોલ્ડ જમીનના ભાગ પર ઉભી છે, લોઅર પરેલ વિભાગ, મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન હદ, "જી" સાઉથ વોર્ડ, ગણપતરાવ કદમ માર્ગ/ડૉ. ઈ. મોઝેસ રોડ, વર્લી, મુંબઈ-૪૦૦૦૧૮ ખાતે આવેલ છે.

તારીખઃ ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૬ ના દિવસે

મેસર્સ ફેડરલ એન્ડ કંપની
ભાગીદાર
ખરીદદાર માટે વકીલ અને સોલિસિટર

## મુંબઈ મહાનગરપાલિકાનું બજેટ

# વિકાસ કામ માટે ₹ ૪૮,૧૬૭ કરોડની જોગવાઈ

## આવક વધારવા ગ્રીન બોન્ડ અને એન્ટરટેઈનમેન્ટ ટેક્સ વસૂલ કરવાની યોજના

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ભાજપે મહાનગરપાલિકામાં સત્તા હાથમાં લીધા બાદ આ પહેલું બજેટ હોવા છતાં કોઈ નવા પ્રોજેક્ટની જાહેરાત કરવામાં આવી નથી, તેને બદલે પ્રશાસને ચાલુ પ્રોજેક્ટને પૂરા કરવા માટે ભંડોળ પર ધ્યાન આપ્યું છે. ચાલુ આર્થિક વર્ષમાં બજેટમાં વિકાસ કામ માટે ૪૩,૧૬૨.૨૩ કરોડની જોગવાઈ સામે ૨૦૨૬-૨૭ના બજેટમાં આ આંકડો ૪૮,૧૬૪.૮ કરોડનો છે.

ચાલુ આર્થિક વર્ષની સરખામણીમાં ૨૦૨૬-૨૭ના આર્થિક વર્ષના બજેટમાં ૮.૭૭ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. મુંબઈ મહાનગરપાલિકાના બજેટમાં છેલ્લાં બે વર્ષથી મોટો વધારો જોવા મળ્યો છે. ૨૦૨૪-૨૫માં ૬૫,૧૮૦.૮૦ કરોડનું તો ૨૦૨૫-૨૬માં ૭૪,૪૨૭.૪૧ કરોડ રૂપિયાનું હતું અને હવે ૨૦૨૬-૨૭માં બજેટ ૮૦,૯૫૨ કરોડ રૂપિયાએ પહોંચી ગયું છે.

બજેટમાં પાલિકાએ આવક ઊભી કરવા માટે ડેવલપમેન્ટ પ્લાન તરફથી ૨૦૨૬-૨૭માં ૧૨,૦૫૦ કરોડની આવક પ્રસ્તાવિત કરી છે. ૨૦૨૫-૨૬માં ડેવલપમેન્ટ પ્લાનિંગ વિભાગને પ્રાપ્ત થનારી આવક ૯,૭૦૦ કરોડની અપેક્ષિત હતી, તે ૧૧,૧૫૩.૭૫ કરોડ સુધારિત કરવામાં આવી હતી. તેને કારણે ૧૪.૯૯ ટકા એટલે કે ૧,૪૫૩.૭૫ કરોડ રૂપિયા જેટલો વધારો થયો હતો. ૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી પાલિકાને ૮,૧૩૮.૨૬ કરોડની આવક થઈ છે. તો પાલિકાને ચાલુ વર્ષમાં ૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી પ્રોપર્ટી ટેક્સના માધ્યમથી ૪,૮૧૨.૩૪ કરોડની આવક થઈ છે. વર્ષ ૨૦૨૬-૨૭માં ૭,૦૦૦ કરોડની આવક રળવાનો લક્ષ્યાંક

(જુઓ પાનું ૪) ▶▶

## મુંબઈ મહાનગરપાલિકામાં સત્તામાં આવતા જ મહાયુતિનો મોટો નિર્ણય

# ₹ ૩૬,૦૦૦ કરોડની ફિક્સ ડિપોઝિટ તોડશે!

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકામાં સત્તામાં આવતાની સાથે જ મહાયુતિએ એક મોટો નિર્ણય લીધો છે. મહાયુતિએ મુંબઈમાં માળખાગત સુવિધાઓ અને વિકાસ કાર્યો માટે મહાનગરપાલિકાની કુલ ૮૧,૪૪૯ કરોડ રૂપિયાની થાપણોમાંથી ૩૬,૦૦૦ કરોડ રૂપિયાની થાપણો પરત લેવાનો નિર્ણય લીધો છે. શિવસેના-ભાજપ દ્વારા લેવામાં આવેલા આ નિર્ણયથી મોટો વિવાદ સર્જાવાની સંભાવના છે.

મુંબઈ મહાનગરપાલિકાની કુલ થાપણો ૮૧,૪૪૯.૩૨ કરોડ રૂપિયા છે. તેમાંથી ૪૪,૮૨૬.૨૩ કરોડ રૂપિયા અનામત રાખવામાં આવ્યા છે, જેને નગરપાલિકા તોડી શકતી નથી. બજેટથી સ્પષ્ટ છે કે નગરપાલિકા બાકીના રૂ. ૩૬,૬૨૩.૦૯ કરોડનો ઉપયોગ વિવિધ પ્રોજેક્ટ્સ માટે કરશે.

ઉદ્ધવ ઠાકરેના શાસન દરમિયાન મહાનગરપાલિકાએ મોટા પાયે ડિપોઝિટમાં વધારો કર્યો હતો, પરંતુ જો ડિપોઝિટથી

(જુઓ પાનું ૪) ▶▶




# આવક વધારવા વન ટાઈમ પ્રીમિયમમાં કરાશે વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાએ પોતાના મહત્ત્વના પ્રોજેકટ માટે મોટા પ્રમાણમાં ભંડોળની આવશ્યકતા હોય છે, તેની આવકના અનેક સ્રોત છે, જેમાં હવે આવક વધારવા માટે વન ટાઈમ પ્રીમિયમના દરમાં પણ વધારો કરવાનો નિર્ણય લેવાયો છે.

પાલિકાએ મહત્વાકાંક્ષી ખર્ચ યોજનાનો આધાર મજબૂત આવકના અંદાજ પર આધારિત છે, સૌથી મોટો ફાળો જકાતના બદલામાં વળતરનો રહેશે, જેનો અંદાજ ૨૦૨૬-૨૭ માટે ૧૫,૫૫૦.૦૨ કરોડ રૂપિયાનો છે. એ બાદ ડેવલપમેન્ટ પ્લાન (ડીપી) ફી અને પ્રીમિયમના માધ્યમથી ૧૨,૦૫૦ કરોડ રૂપિયાનો અંદાજ છે, જે સતત રિયલ એસ્ટેટ અને બાંધકામ પ્રવૃતિને આધારિત છે. પ્રોપર્ટી ટેક્સના માધ્યમથી ૭,૦૦૦ કરોડ રૂપિયા વસૂલ કરવાનો લક્ષ્યાંક

(જુઓ પાનું ૪) ▶▶

# મહારાષ્ટ્ર સરકાર મુંબઈ પાલિકાની દેવાદાર: ₹ ૧૦,૯૪૮ કરોડ ચૂકવવાના બાકી

## શિક્ષણ વિભાગને ₹ ૭,૦૦૦ કરોડથી વધુ આપવાના બાકી છે

મુંબઈ: રાજ્ય સરકારે મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનને સબસિડી, મિલકત વેરા વગેરેના રૂપમાં કરોડો રૂપિયા ચૂકવવાના બાકી છે. આમાં રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના ૭૨૪૧.૪૪ કરોડ રૂપિયાના બાકી લેણાંનો સમાવેશ થાય છે. રાજ્ય અને મુંબઈ મહાનગરપાલિકામાં ભાજપ-શિવસેના (શિંદે) ગઠબંધન સત્તામાં છે. તેથી એવી અપેક્ષા રાખવામાં આવે છે કે મહાનગરપાલિકાને રાજ્ય સરકાર પાસેથી બાકી લેણાં વહેલી તકે મળી જશે.

મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન રાજ્ય સરકારના વિવિધ વિભાગો પાસેથી મિલકત વેરો મેળવે છે, તેમજ વિવિધ વિભાગીય કચેરીઓ તરફથી ગ્રાન્ટ મેળવે છે. રાજ્ય સરકાર પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણના ખર્ચ માટે મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનને ગ્રાન્ટ પણ પૂરી પાડે છે. છેલ્લા ઘણા વર્ષોથી

(જુઓ પાનું ૪) ▶▶

## મુંબઈ પાલિકા પર કરોડોનું દેવું?

# ફિક્સ ડિપોઝિટ કરતાં ત્રણ ગણા વિવિધ પ્રકલ્પોના દેવાનો બોજ

મુંબઈ: દેશની સૌથી શ્રીમંત મ્યુનિસિપલ કોર્પોરેશન તરીકે ઓળખાતી મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનનું નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે ૮૦,૯૫૨ કરોડ રૂપિયાનું બજેટ મંગળવારે સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું. આ બજેટનું કદ ચાલુ નાણાકીય વર્ષના બજેટ કરતાં ૮.૭૭ ટકા વધુ છે,જો કે આ વધારો ગયા વર્ષ કરતાં ઓછો છે.

મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનનું નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટેનું બજેટ તાજેતરમાં રજૂ કરવામાં આવ્યું હતું. પાલિકા અગાઉના પ્રોજેક્ટના દેવાના બોજ હેઠળ દબાયેલું હોવાનું ચિત્ર ઉભુ થયું છે. છેલ્લા કેટલાક વર્ષોમાં, મુંબઈ

(જુઓ પાનું ૪) ▶▶

## સુરક્ષા અને ડિજિટલ પર ભાર

# મુંબઈ પાલિકાના શિક્ષણ વિભાગનું ₹ ૪૨૪૮.૦૮ કરોડનું બજેટ

(અમારા પ્રતિનિધી તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગર પાલિકાના શિક્ષણ વિભાગનું રૂ. ૪૨૪૮.૦૮ કરોડનું બજેટ રજૂ કરવામાં આવ્યું હતું, જેમાં વર્તમાન શૈક્ષણિક વર્ષની સરખામણીમાં લગભગ રૂ. ૩૦૦ કરોડનો વધારો કરવામાં આવ્યો છે.

પાલિકા પ્રશાસન દ્વારા બજેટ ભાષણમાં ખાતરી આપી છે કે અમે શિક્ષણમાં રહેલી ખામીને દૂર કરવા અને દરેક બાળકને શિક્ષણના મુખ્ય પ્રવાહમાં લાવવા માટે પ્રતિબદ્ધ છીએ.

આગામી શૈક્ષણિક વર્ષમાં શારીરિક શિક્ષણ વિભાગ દ્વારા રાષ્ટ્રીય વિદ્યાર્થી સેના પહેલ શરૂ કરવામાં આવશે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ હેઠળ મહાનગરપાલિકાની પંચાવન શાળાઓમાં પાયલોટ ધોરણે ખગોળશાસ્ત્ર પ્રયોગશાળાઓ સ્થાપવાનું કામ પૂર્ણ થઈ ગયું છે અને ૨૦૨૬-૨૭માં ૪૦ વધુ

(જુઓ પાનું ૪) ▶▶

# આરોગ્ય બજેટમાં ₹ ૭,૪૫૬.૮૦ કરોડની જોગવાઈ

## પીપીપી મૉડલની સાથે આરોગ્ય સેવાના આધુનિકીકરણ પર ભાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાના નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના બુધવારે રજૂ થયેલા બજેટમાં સાર્વજનિક આરોગ્ય સેવા માટે ૭,૪૫૬.૮૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે, જે ગયા વર્ષે કરતા ૨૨.૦૫ ટકા વધુ છે. ગયા વર્ષે આરોગ્ય સેવા માટે બજેટમાં ૬,૧૦૪.૭૫ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી હતી. બજેટમાં વધારો કરવાની સાથે જ પ્રશાસને પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ (પીપીપી) મૉડેલના વિસ્તારીકરણ અને આરોગ્ય સેવાના આધુનિકરણ પર ખાસ ભાર આપ્યો છે.

પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ બુધવારે મુંબઈ મહાનગરપાલિકાનું ૨૦૨૬-૨૭નું બજેટ સ્થાયી સમિતિ અધ્યક્ષને રજૂ કર્યું હતું. બજેટમાં આરોગ્ય વિભાગમાં ૫,૨૩૭.૦૯ કરોડ રૂપિયાનું રિવેન્યુ એકપેન્ડીચર અને ૨,૨૧૯.૭૧ કરોડ રૂપિયાનું કેપિટલ એક્સપેન્ડીચર બતાવવામાં આવ્યું છે.

દિવસેને દિવસે પાલિકાની હૉસ્પિટલોમાં દરદીની વધતી સંખ્યા સામે બેડની અપૂરતી સંખ્યાને ધ્યાનમાં રાખીને પાલિકા સંચાલિત તમામ હૉસ્પિટલમાં ૨૦૨૭ની સાલ સુધી વધારાના

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

# મુંબઈ મહાનગરપાલિકા ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટથી ભંડોળ મેળવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાએ કરવેરામાં કોઈ પણ પ્રકારનો વધારો નહીં કરવાનો નિર્ણય લીધો છે પણ આવક ઊભી કરવા માટે અનેક યોજનાઓ પોતાના બજેટમાં પ્રસ્તાવિત કરી છે, જેમાં ઈન્ફ્રાસ્ટ્રકચર ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટથી ભંડોળ મેળવાની યોજના છે. એટલે કે પોતાની મિલકતનું મોનેટાઈઝેશન (મિલકતને વેચીને અથવા ભાડે આપીને) કરીને આવક ઊભી કરવાની છે.

પાલિકા પોતાના મોટા કેપિટલ પ્રોજેક્ટને હાથ ધરવા માટે ભંડોળ ઊભું કરવા ઈન્ફ્રાસ્ટ્રકચર ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ

(જુઓ પાનું ૪) ▶▶

## રસ્તા અને ફૂટપાથની હાલત સુધારવા ₹ ૬,૮૭૫ કરોડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: 'યુનિવર્સલ ફૂટપાથ પોલિસી' અંતર્ગત ફૂટપાથની હાલત સુધારવા માટે મુંબઈમાં અમુક જગ્યાએ ફૂટપાથના કામ પ્રાયોગિક ધોરણે હાથ ધરવામાં આવશે એવી જાહેરાત પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ બજેટમાં કરી હતી. તો રસ્તાઓનું સિમેન્ટ-કૉંક્રીટાઈઝેશન અને પાર્કિંગની સુવિધામાં વધારો કરવામાં આવવાનો છે.

પાલિકાના રોડ વિભાગ માટે વર્ષ ૨૦૨૫-૨૬ના સુધારિત અંદાજમાં ૬,૦૦૦

(જુઓ પાનું ૪) ▶▶







"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: samachar.bombay@gmail.com ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.